إِلَيْهِ يُرَدُّ عِلْمُ السَّاعَةِ ۚ وَمَا تَخْرُجُ مِنْ ثَمَرَاتٍ
مِّنْ أَكْمَامِهَا وَمَا تَحْمِلُ مِنْ أُنثَىٰ وَلَا تَضَعُ
إِلَّا بِعِلْمِهِ ۚ وَيَوْمَ يُنَادِيهِمْ أَيْنَ شُرَكَائِي قَالُوا
آذَنَّاكَ مَا مِنَّا مِن شَهِيدٍ ﴿٤٧﴾ وَضَلَّ عَنْهُم مَّا كَانُوا يَدْعُونَ
مِن قَبْلُ ۖ وَظَنُّوا مَا لَهُم مِّن مَّحِيصٍ ﴿٤٨﴾ لَّا يَسْأَمُ الْإِنسَانُ
مِن دُعَاءِ الْخَيْرِ وَإِن مَّسَّهُ الشَّرُّ فَيَئُوسٌ قَنُوطٌ ﴿٤٩﴾
وَلَئِنْ أَذَقْنَاهُ رَحْمَةً مِّنَّا مِن بَعْدِ ضَرَّاءَ مَسَّتْهُ
لَيَقُولَنَّ هَٰذَا لِي وَمَا أَظُنُّ السَّاعَةَ قَائِمَةً وَلَئِن
رُّجِعْتُ إِلَىٰ رَبِّي إِنَّ لِي عِندَهُ لَلْحُسْنَىٰ ۚ فَلَنُنَبِّئَنَّ
الَّذِينَ كَفَرُوا بِمَا عَمِلُوا وَلَنُذِيقَنَّهُم مِّنْ عَذَابٍ
غَلِيظٍ ﴿٥٠﴾ وَإِذَا أَنْعَمْنَا عَلَى الْإِنسَانِ أَعْرَضَ

**કયામતના ઇલ્મનો તેના પર જ હવાલો છે,[૧] અને કોઇ ફળ પોતાના પડમાંથી નીકળતું નથી અને ન તો કોઇ માદાને ગર્ભ રહે અને ન જણે પણ (એ સર્વની) તેને ખબર છે.[૨] અને જે દિવસે તેમને પોકારીને કહેશે,[૩] 'ક્યાં છે મારા શરીક?'[૪] કહેશે, 'અમે તને કહી ચૂક્યા કે અમારામાં કોઇ સાક્ષી નથી.'[૫] (૪૭) અને તેમની પાસેથી ખોવાઇ ગયું તે જેને પહેલાં પૂજતા હતા[૬] અને સમજી ગયા કે તેમના માટે ક્યાંએ[૭] નાસી છુટવાની જગ્યા નથી (૪૮) માનવી ભલાઇ માંગવાથી કંટાળતો નથી[૮] અને (જ્યારે તેને) કોઇ અનિષ્ટ લાધે[૯] ત્યારે નિરાશ (અને) હતાશ (થઇ જાય છે)[૧૦] (૪૯) અને જો અમે તેને પોતાની મહેરબાનીનો સ્વાદ ચખાડીએ[૧૧] તે કષ્ટ પછી જે તેને લાધ્યું હતું ત્યારે કહેશે, 'આ (રાહત) તો મારી છે[૧૨] અને મારા માનવા મુજબ તો કયામત કાયમ થવાની (જ) નથી, અને જો[૧૩] હું પરવરદિગાર તરફ પાછો લઇ જવામાં પણ આવીશ તો જરૂર મારા માટે તેની પાસે પણ (બધું) સારૂં જ છે[૧૪], તો જરૂર અમે કાફિરોને જે તેમણે કર્યું[૧૫] તે દેખાડી આપીશું અને અવશ્ય તેમને અઘરો અઝાબ ચખાડીશું[૧૬] (૫૦) અને જ્યારે અમે માનવી પર એહસાન કરીએ છીએ ત્યારે તે મોઢું ફેરવી લે છે[૧૭] અને પોતાની**

૧. તેથી જેને પણ કયામતનો સમય પૂછવામાં આવે તેના માટે જરૂરી છે કે એવું કહે કે, અલ્લાહ તઆલા જાણનાર છે.

૨. અર્થાત ફળ પડમાંથી નીકળે ત્યાર પહેલાં જ અલ્લાહ તેનો હેવાલ જાણતો હોય છે તેમજ માદાના ગર્ભને તેના સમયને તેના પ્રસવને અને તે અધુરૂં છે કે પુરૂં તેને, તેના સારા નરસા હોવાને અને તે નર છે કે માદા અને એ તમામ બાબતોને તે જાણે છે એ બધી બાબતોની જાણકારીનો હવાલો પણ તેના ઉપર છોડી દેવો જોઇએ. અને જો એવો વાંધો ઉઠાવવામાં આવે કે અવલિયાએ કિરામ કશ્ફવાળાઓ ઘણા વખતે એ બાબતોની ખબર આપી દે છે અને તે ખરી નીકળતી હોય છે બલ્કે કદી કદી જ્યોતિષીઓ અને ભવિષ્ય ભાખનારાઓ પણ (આવી) ખબરો કહી દેતા હોય છે, તો એનો જવાબ એ છે કે જ્યોતિષીઓ અને ભવિષ્ય ભાખનારાઓની વાતો માત્ર અટકળ હોય છે જે ઘણી વખતે ખોટી નીકળતી હોય છે અને એ કોઇ 'ઇલ્મ' નથી પરંતુ વાસ્તવિકતા વિહોણી વાતો હોય છે. અને અવલિયા અલ્લાહની વાતો બેશક! ખરી હોય છે અને તેઓ એ વાતો 'ઇલ્મ'થી કહેતા હોય છે પરંતુ તેમનુ એ ઇલ્મ ઝાતી (સ્વયં તેમનુ પોતાનુ) નથી બલ્કે અલ્લાહ તઆલાનું આપેલું હોય છે તો વાસ્તવમાં એ ઇલ્મ તેનું જ થયું કોઇ બીજાનું નહિ. (ખાઝિન).

૩. અર્થાત અલ્લાહ તઆલા મુશરિકોને કહેશે કે...

૪. જે તમે દુનિયામાં ઉપજાવી કાઢયા હતા જેમને તમે પૂજતા હતા જવાબમાં મુશરિકો...

૫. જે આજે એવી ખોટી સાક્ષી પૂરે કે તારો કોઇ શરીક છે. અર્થાત અમે બધા મુઅમિન અને એક ખુદાને માનનાર છીએ. મુશરિકો અઝાબ દેખીને આવું કહેશે અને પોતાની મૂર્તિઓથી નિર્લેપ હોવાનો દેખાવ

وَنَا بِجَانِبِهِ ۚ وَإِذَا مَسَّهُ الشَّرُّ فَذُو دُعَاءٍ عَرِيضٍ ﴿٥١﴾
قُلْ أَرَأَيْتُمْ إِنْ كَانَ مِنْ عِنْدِ اللَّهِ ثُمَّ كَفَرْتُمْ بِهِ
مَنْ أَضَلُّ مِمَّنْ هُوَ فِي شِقَاقٍ بَعِيدٍ ﴿٥٢﴾ سَنُرِيهِمْ آيَاتِنَا
فِي الْآفَاقِ وَفِي أَنْفُسِهِمْ حَتَّىٰ يَتَبَيَّنَ لَهُمْ أَنَّهُ الْحَقُّ ۗ
أَوَلَمْ يَكْفِ بِرَبِّكَ أَنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ شَهِيدٌ ﴿٥٣﴾ أَلَا إِنَّهُمْ
فِي مِرْيَةٍ مِنْ لِقَاءِ رَبِّهِمْ ۗ أَلَا إِنَّهُ بِكُلِّ شَيْءٍ مُحِيطٌ ﴿٥٤﴾

سُورَةُ الشُّورَىٰ مَكِّيَّةٌ وَهِيَ ثَلٰثٌ وَّخَمْسُونَ آيَةً وَّخَمْسُ رُكُوعَاتٍ

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

حم ﴿١﴾ عسق ﴿٢﴾ كَذَٰلِكَ يُوحِي إِلَيْكَ وَإِلَى الَّذِينَ
مِنْ قَبْلِكَ اللَّهُ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٣﴾ لَهُ مَا فِي السَّمَاوَاتِ
وَمَا فِي الْأَرْضِ ۖ وَهُوَ الْعَلِيُّ الْعَظِيمُ ﴿٤﴾

**તરફ છેટો ખસી જાય છે[૧૮] અને જ્યારે તેને તકલીફ પહોંચે છે[૧૯] ત્યારે લાંબી પહોળી દુઆ માંગનાર (બની જતો હોય) છે[૨૦] (૫૧) તમે ફરમાવો,[૨૧] 'કહો તો ખરા કે જો આ કુરઆન ખુદા તરફથી હોય[૨૨] અને પછી તમે એને નકારનાર બન્યા તો તેનાથી વધારે ભટકેલો કોણ જે દૂરની હઠમાં હોય[૨૩], (૫૨) અમે તેમને હમણાં જ અમારી આયતો સમગ્ર વિશ્વમાં દેખાડીશું[૨૪] અને ખૂદ તેમની પોતાની અંદર,[૨૫] એટલે સુધી કે તેમને સ્પષ્ટ રીતે સમજાઇ જાય કે બેશક ! તે (આયતો) સત્ય છે.[૨૬] શું તમારા પરવરદિગારનું પ્રત્યેક વસ્તુ પર સાક્ષી હોવું પુરતું નથી ? (૫૩) સાંભળો ! તેમને પોતાના પરવરદિગાર સાથે મળવામાં જરૂર શંકા છે.[૨૭] સાંભળો ! તેણે દરેક વસ્તુને ઘેરી લીધેલી છે[૨૮] (૫૪)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૯]**

**આવી રીતે જ તમારી તરફ[૩૦] વહી ફરમાવે છે અને તમારાથી આગલાઓ તરફ[૩૧] અલ્લાહ ઇજ્જત હિકમતવાળો (૩) જે કંઇ આકાશોમાં છે તે અને જે કંઇ પૃથ્વીમાં છે તે એ બધું તેનું જ છે અને તે જ ઉચ્ચતા અને મહાનતાવાળો છે (૪) નજીક છે કે આકાશો પોતાની ઉપરથી**

કરશે.

૬. દુનિયામાં. અર્થાત મૂર્તિઓ.

૭. અલ્લાહના અઝાબથી ઉગરવા અને...

૮. અલ્લાહ તઆલા પાસે હમેશાં ધન દૌલત તવંગરી અને તંદુરસ્તી માંગતો રહે છે.

૯. અર્થાત કોઇ સખ્તી બલા અને ગરીબી વિગેરે.

૧૦. અલ્લાહ તઆલાની કૃપા અને મહેરબાનીથી નિરાશ બની જાય છે. આ અને આના પછી જે વર્ણવવામાં આવે છે તે હાલત કાફિરની છે, અને મુઅમિન અલ્લાહ તઆલાની રહમતથી નિરાશ બની જતો નથી 'લા યયઅસુ મિન રવહિલ્લાહિ ઇલ્લલ કવમુલ કાફિરૂન.'

૧૧. તંદુરસ્તી અને સલામતી તેમજ માલ દૌલત આપીને.

૧૨. મારો ખાસ હક્ક છે હું મારા અમલ (અથવા મહેનત અથવા પ્રયત્ન)ના કારણે એનો હકદાર છું.

૧૩. ધારી લો કે જેવું મુસલમાનો કહે છે તે મુજબ...

૧૪. અર્થાત ત્યાં પણ દુનિયાની જેમ મારા માટે રાહત અને ચેન, આબરૂ અને માન મરતબો હશે.

૧૫. અર્થાત તેમનાં કુકર્મો અને તેનાં પરિણામો અને જે અઝાબના તે લાયક છે તે બધાથી તેમને વાકેફ કરી દઇશું.

૧૬. એટલે કે ખૂબ સખત.

૧૭. અને એ એહસાનનો આભાર માનતો નથી અને તે નેઅમત પર ઇતરાય છે અને નેઅમત

الشورٰى ٤٢ — اليه يرد ٢٥

تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرْنَ مِنْ فَوْقِهِنَّ وَالْمَلٰٓئِكَةُ
يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَيَسْتَغْفِرُوْنَ لِمَنْ فِي الْاَرْضِ
اَلَآ اِنَّ اللّٰهَ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ۝٥ وَالَّذِيْنَ اتَّخَذُوْا
مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ اللّٰهُ حَفِيْظٌ عَلَيْهِمْ ۖ وَمَآ اَنْتَ
عَلَيْهِمْ بِوَكِيْلٍ ۝٦ وَكَذٰلِكَ اَوْحَيْنَآ اِلَيْكَ قُرْاٰنًا
عَرَبِيًّا لِّتُنْذِرَ اُمَّ الْقُرٰى وَمَنْ حَوْلَهَا وَتُنْذِرَ يَوْمَ
الْجَمْعِ لَا رَيْبَ فِيْهِ ۚ فَرِيْقٌ فِي الْجَنَّةِ وَفَرِيْقٌ فِي السَّعِيْرِ ۝٧
وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَهُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّدْخِلُ مَنْ
يَّشَآءُ فِيْ رَحْمَتِهٖ ۚ وَالظّٰلِمُوْنَ مَا لَهُمْ مِّنْ وَّلِيٍّ وَّلَا
نَصِيْرٍ ۝٨ اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ ۚ فَاللّٰهُ هُوَ الْوَلِيُّ
وَهُوَ يُحْيِ الْمَوْتٰى ۡ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٩

**ફાટી પડે[૩૨] અને ફરિશ્તાઓ પોતાના રબના વખાણ સાથે તેની પવિત્રતા બોલે છે અને પૃથ્વીવાળાઓ માટે માફી માંગે છે.[૩૩] સાંભળી લો ! બેશક ! અલ્લાહ જ માફ કરનાર મહેરબાન છે (૫) અને જેમણે અલ્લાહ સિવાય અન્ય વાલી બનાવી રાખ્યા છે[૩૪] તેઓ અલ્લાહની નજરમાં છે[૩૫] અને તમે તેમના જવાબદાર નથી[૩૬] (૬) અને આવી રીતે જ અમે તમારી તરફ અરબી કુરઆન વહી (મારફત) મોકલ્યું કે જેથી તમે તમામ શહેરોના મૂળ મક્કાવાસીઓને ડરાવો અને (તેઓને) જેટલા તેની આજુબાજુ છે,[૩૭] અને તમે એકત્ર થવાના દિવસથી ડરાવો જેમાં જરાએ શંકા નથી.[૩૮] એક જુથ જન્નતમાં છે અને એક જુથ દોઝખમાં (૭) અને અલ્લાહ ઇચ્છત તો એ તમામને એક (જ) ધર્મ પર કરી આપત પરંતુ અલ્લાહ જેને ઇચ્છે તેને પોતાની રેહમતમાં લે છે,[૩૯] અને જાલિમોનો ન કોઇ મિત્ર ન કોઇ સહાયક[૪૦] (૮) શું અલ્લાહ સિવાય બીજા વાલી ઠેરવી લીધા છે ?[૪૧] તો (સાંભળી લો) અલ્લાહ જ વાલી છે અને તે મડદાઓને જીવાડશે અને તે સર્વ કંઇ કરી શકે છે[૪૨] (૯) તમે જે વાતમાં[૪૩] મતભેદ કરો તો**

આપનાર પરવરદિગારને ભૂલી જાય છે.

૧૮. અલ્લાહને યાદ કરવા બાબત અભિમાની બની જાય છે (નાનમ અનુભવે છે).

૧૯. કોઇ પણ જાતની પરેશાની રોગ અથવા નાદારી વિગેરે આવી પડે છે.

૨૦. ખૂબ દુઆ માંગે છે, રડે છે, કરગરે છે અને લગાતાર દુઆઓ માંગ્યે જાય છે.

૨૧. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! મક્કા મુકર્રમાના કાફિરોને.

૨૨. જેવું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ કહે છે અને ઝબરદસ્ત દલીલોથી સાબિત કરે છે.

૨૩. સત્યનો વિરોધ કરે છે.

૨૪. આકાશ અને પૃથ્વીની લાઇનોમાં સૂર્ય ચંદ્ર તારાઓ વનસ્પતિ જાનવરો એ બધું જ તેની કુદરત અને હિકમત પ્રતિ નિર્દેશ કરે છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે, એ નિશાનીઓ (આયતો) એટલે આગલી ઉમ્મતોની ઉજ્જડ પડેલી વસ્તીઓ (ગામો) જેનાથી પયગમ્બરોને જૂઠાડનારાઓનું પરિણામ જાહેર થાય છે. અમુક તફસીરકારોએ ફરમાવ્યું છે કે, એ નિશાનીઓ એટલે પૂર્વ પશ્ચિમના તે વિજયો જે અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અને આપના અનુયાયીઓને નજીકના ભવિષ્યમાં જ આપવાનો છે.

૨૫. તેમના પોતાના અસ્તિત્વમાં લાખો આશ્ચર્યજનક બાબતો અને અગણિત અજબ અજબ વસ્તુઓ છે. અર્થાત એ છે કે બદ્રની લડાઇમાં કાફિરોને પરાજિત કરીને તેમના પોતાના હેવાલમાં પોતાની નિશાનીઓ

وما اختلفتم فیہ من شیء فحکمہٗ الی اللہ ذٰلکم
اللہ ربی علیہ توکلت والیہ انیب (۱۰) فاطر السمٰوٰت
والارض جعل لکم من انفسکم ازواجا ومن الانعام
ازواجا یذرؤکم فیہ لیس کمثلہٖ شیء وھو السمیع
البصیر (۱۱) لہٗ مقالید السمٰوٰت والارض یبسط
الرزق لمن یشآء ویقدر انہٗ بکل شیء علیم (۱۲) منزل ۶
شرع لکم من الدین ما وصّٰی بہٖ نوحا والذی
اوحینآ الیک وما وصینا بہٖ ابرٰھیم وموسٰی و
عیسٰی ان اقیموا الدین ولا تتفرقوا فیہ کبر
علی المشرکین ما تدعوھم الیہ اللہ یجتبی
الیہ من یشآء ویھدی الیہ من ینیب (۱۳)

તેનો ફેંસલો અલ્લાહના અખત્યારમાં છે.[44] આ છે અલ્લાહ મારો પાલનહાર, મેં એના પર જ ભરોસો રાખ્યો અને હું એના પ્રતિ જ કેન્દ્રિત થાઉં છું[45] (૧૦) આકાશો અને પૃથ્વીનો સર્જક. તમારા માટે તમારામાંથી જ[46] જોડાઓ બનાવ્યાં અને નર નારી જાનવરો. એનાથી[47] તમારો વંશ ફેલાવે છે. તેના જેવો કોઇ નથી અને તે જ સાંભળતો દેખતો છે (૧૧) આકાશો અને પૃથ્વીની કુંચીઓ[48] તેની જ છે. જેના માટે ઇચ્છે તેના માટે રોજી વિસ્તારી દે છે અને (જેના માટે ચાહે તેના માટે) સાંકડી કરે છે.[49] બેશક ! તે સર્વ કંઇ જાણે છે (૧૨) તમારા માટે દીનનો તે માર્ગ કાઢયો જેનો હુકમ તેણે નૂહને આપ્યો (હતો)[50] અને જે અમે તમારી તરફ વહી મોકલી[51] અને જેનો હુકમ અમે ઇબ્રાહીમ અને મૂસા અને ઇસાને આપ્યો[52] કે, દીન બરાબર રાખો[53] અને એમાં ફુટફાટ નાંખો નહિ[54] મુશરિકો માટે તે[55] ખૂબ જ કપરૂ છે જેની તરફ તમે તેમને નિમંત્રો છો, અને અલ્લાહ પોતાની નજીકી માટે જેને ઇચ્છે તેને ચૂંટી લે છે[56] અને જે કેન્દ્રિત થાય તેને પોતાની તરફ માર્ગ આપે છે[57] (૧૩) અને તેમણે ફુટ નાંખી નહિ પણ ત્યાર

દેખાડી આપી અથવા એ અર્થ છે કે મક્કા મુકર્રમા જીતાડીને તેમાં પોતાની નિશાનીઓ જાહેર કરી આપીશું.

૨૬. અર્થાત ઇસ્લામ અને કુરઆનની સત્યતા અને સચોટતા તેમના પર વિદિત કરી દઇશું.

૨૭. કારણ કે તેઓ કયામત અને હશ્રને માનતા નથી.

૨૮. કોઇ વસ્તુ તેની જાણકારીના ઘેરાવાથી બહાર નથી અને તેની જાણકારી અસીમ છે.

૨૯. સૂરએ શૂરા વધુ પડતા આલિમોના મંતવ્ય અનુસાર મક્કીયહ છે. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાના કથન અનુસાર એની ચાર આયતો મદીનહ તય્યેબહમાં ઉતરી હતી જેમાંની પહેલી આયત 'કુલ લા અસ્અલુકુમ અલયહિ અજરા' છે. આ સૂરતમાં પાંચ રૂકુઅ, ૫૩ આયતો, ૮૬૦ શબ્દો અને ૩૫૮૮ અક્ષરો છે.

૩૦. ગૈબની ખબરો.

૩૧. અમ્બિયા અલયહિસ્સલામ તરફ વહી મોકલી ચૂક્યો.

૩૨. અલ્લાહ તઆલાની મહાનતા અને ઉચ્ચતાના કારણે.

૩૩. અર્થાત ઇમાનદારો માટે કારણ કે કાફિરો એ લાયક નથી કે ફરિશ્તાઓ તેમના માટે માફી માગે એવું બની શકે છે કે કાફિરો માટે એવી દુઆ કરે કે (અલ્લાહ) તેમને ઇમાન આપીને તેમની મગફેરત કરે.

૩૪. અર્થાત મૂર્તિઓ જેમને તેઓ પૂજે છે અને મઅબૂદ સમજે છે.

૩૫. તેમનાં કર્મો તેની સામે છે તે એમને બદલો આપશે.

૩૬. તમને તેમનાં કર્મો બાબત પૂછપરછ કરવામાં આવશે નહિ.

الشورى ٤٢ إليه يرد ٢٥

وَمَا تَفَرَّقُوٓا إِلَّا مِنۢ بَعْدِ مَا جَآءَهُمُ ٱلْعِلْمُ بَغْيًۢا بَيْنَهُمْ
وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِن رَّبِّكَ إِلَىٰٓ أَجَلٍ مُّسَمًّى لَّقُضِىَ
بَيْنَهُمْ ۚ وَإِنَّ ٱلَّذِينَ أُورِثُوا۟ ٱلْكِتَٰبَ مِنۢ بَعْدِهِمْ لَفِى شَكٍّ
مِّنْهُ مُرِيبٍ ﴿١٤﴾ فَلِذَٰلِكَ فَٱدْعُ ۖ وَٱسْتَقِمْ كَمَآ أُمِرْتَ ۖ وَلَا
تَتَّبِعْ أَهْوَآءَهُمْ ۖ وَقُلْ ءَامَنتُ بِمَآ أَنزَلَ ٱللَّهُ مِن كِتَٰبٍ ۖ
ع وَأُمِرْتُ لِأَعْدِلَ بَيْنَكُمُ ۖ ٱللَّهُ رَبُّنَا وَرَبُّكُمْ ۖ لَنَآ أَعْمَٰلُنَا
وَلَكُمْ أَعْمَٰلُكُمْ ۖ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمُ ۖ ٱللَّهُ يَجْمَعُ بَيْنَنَا ۖ
وَإِلَيْهِ ٱلْمَصِيرُ ﴿١٥﴾ وَٱلَّذِينَ يُحَآجُّونَ فِى ٱللَّهِ مِنۢ بَعْدِ
مَا ٱسْتُجِيبَ لَهُۥ حُجَّتُهُمْ دَاحِضَةٌ عِندَ رَبِّهِمْ وَعَلَيْهِمْ
غَضَبٌ وَلَهُمْ عَذَابٌ شَدِيدٌ ﴿١٦﴾ ٱللَّهُ ٱلَّذِىٓ أَنزَلَ ٱلْكِتَٰبَ
بِٱلْحَقِّ وَٱلْمِيزَانَ ۗ وَمَا يُدْرِيكَ لَعَلَّ ٱلسَّاعَةَ قَرِيبٌ ﴿١٧﴾

**પછી જ કે તેમને જાણકારી લાધી ચુકી હતી,[૫૮] પરસ્પરની અદેખાઇના કારણે,[૫૯] અને તમારા પરવરદિગારની એક વાત જો પસાર થઇ ચૂકી હોત નહિ[૬૦] એક નક્કી થએલી મુદ્દત સુધી[૬૧] તો એમનામાં ક્યારનોએ ફેંસલો કરી આપ્યો હોત.[૬૨] અને બેશક! તેઓ જે એમના પછી કિતાબના વારસદાર બન્યા[૬૩] તેઓ એ બાબતે એક દગો દેનાર શંકામાં છે[૬૪] (૧૪) તો એટલા માટે જ બોલાવો[૬૫] અને અટલ રહો[૬૬] જેવો કે તમને હુકમ અપાયો છે અને તેમની ઇચ્છાઓ મુજબ ચાલો નહિ અને કહો કે, 'જે કોઇ કિતાબ અલ્લાહે ઉતારી[૬૭] તેના પર હું ઇમાન લાવ્યો અને મને હુકમ આપવામાં આવ્યો છે કે હું તમારી વચ્ચે ન્યાય કરૂં,[૬૮] અલ્લાહ અમારો તમારો બધાનો પરવ રદિગાર છે.[૬૯] અમારા માટે અમારા અમલ અને તમારાં માટે તમારાં કાર્યો.[૭૦] અમારી તમારી વચ્ચે કોઇ હઠ નથી,[૭૧] અલ્લાહ આપણને બધાંને એકત્ર કરશે[૭૨] અને તેના તરફ જ પાછુ જવાનું છે' (૧૫) અને તેઓ જે અલ્લાહ બાબત ઝગડે છે એ પછી કે મુસલમાનો તેનુ નિમંત્રણ સ્વિકારી ચૂક્યા[૭૩], તેમની દલીલ તેમના પરવરદિગાર પાસે ઉપલકિયા માત્ર છે, અને તેમના પર ગઝબ છે,[૭૪] અને તેમના માટે સખત અઝાબ છે[૭૫] (૧૬) અલ્લાહ છે જેણે કિતાબ ઉતારી[૭૬] સત્યતા સાથે અને ન્યાયનું**

૩૭. અર્થાત સમગ્ર વિશ્વના લોકોને.

૩૮. અર્થાત કયામતના દિવસથી ડરાવો જેમાં અલ્લાહ તઆલા આગલાઓ પાછલાઓ આકાશ વાળાઓ ધરતીવાસીઓ તમામને ભેગા કરશે અને એ એકત્ર થયા પછી ફરી બધાં વિખરાય જશે...

૩૯. તેને ઇસ્લામ (સ્વીકારવા)ની પ્રેરણા આપે છે.

૪૦. અર્થાત કાફિરોને કોઇ અઝાબમાંથી ઉગારી લેનાર નથી.

૪૧. અર્થાત કાફિરોએ અલ્લાહ તઆલાને છોડીને મૂર્તિઓને પોતાની વાલી બનાવી લીધી છે તે ખોટું છે.

૪૨. તો તેને જ વાલી બનાવવો જોઇએ.

૪૩. દીનની બાબતોમાં કાફિરો સાથે...

૪૪. કયામતના દિવસે તમારી વચ્ચે ફેંસલો કરી આપશે તમે તેમને કહો...

૪૫. દરેક બાબતમાં.

૪૬. અર્થાત તમારી જાતીમાંથી.

૪૭. અર્થાત આ જોડાઓ દ્વારા. (ખાઝિન)

૪૮. આશય એ છે કે આકાશ અને પૃથ્વીના તમામ ખજાનાઓની કુંચીઓ પછી તે વરસાદના ખઝાના હોય કે રોજીના.

૪૯. તે માલિક છે, રોજીની કુંચીઓ તેની કુદરતના હાથમાં છે.

૫૦. નૂહ અલયહિસ્સલામ શરીઅત લાવનાર પૈગમ્બરોમાં સર્વ પ્રથમ છે.

૫૧. અય સય્યિદે અમ્બિયા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ!

૫૨. મતલબ એ છે કે અય સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ! હઝરત નૂહ અલયહિસ્સલામથી લઇને આપના સુધી જેટલા પયગમ્બરો આવ્યા બધા માટે અમે દીનનો એક જ માર્ગ નક્કી કરી દીધો છે જે બાબત બધા જ સહમત છે અને તે માર્ગ એ છે કે...

૫૩. દીનનો મતલબ ઇસ્લામ છે. અર્થ એ છે કે અલ્લાહનું એક હોવું તેમજ તેની ઇબાદત કરવી અને તેના પર તેના રસૂલો પર તેની કિતાબો પર કયામતના દિવસ પર અને દીનની બીજી તમામ જરૂરી વાતો પર ઇમાન લાવવાને જરૂરી ઠેરવી લો કારણ કે આ બાબતો બધા જ નબીઓની ઉમ્મતો માટે સરખી રીતે જરૂરી છે.

૫૪. હઝરત અલી મુર્તઝા કર્રમલ્લાહુ વજહહુ એ ફરમાવ્યું છે કે, એકત્ર રહેવું રહમત છે અને અલગ થઇ જવું અઝાબ છે. ટૂંકસાર એ કે દીનની મૂળભૂત વાતોમાં બધા જ મુસલમાનો સરખા (અને એકમત) છે ભલે પછી તે ગમે તે સમયે કે ગમે તે ઉમ્મતના હોય તેમનામાં કોઇ મતભેદ નથી, હા! અહકામ (આદેશો)માં ઉમ્મતો પોતાના હેવાલ અને વિશેષતાઓના કારણે અલગ અલગ હોય છે જેવું કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : 'લિકુલ્લિન જઅલ્ના મિન્કુમ શિરઅતંવ વમિનહાજા.'

૫૫. અર્થાત મૂર્તિઓને ત્યજવી અને અલ્લાહ એક હોવાની માન્યતાને પકડવી.

૫૬. પોતાના બંદાઓમાંથી, તેને જ તૌફીક આપે છે.

૫૭. અને તેની જ ફરમાંબરદારી સ્વીકારે છે.

૫૮. અર્થાત કિતાબવાળાઓએ પોતાના પૈગમ્બરો પછી દીનમાં જે ફૂટફાટ નાંખી કે કોઇએ તો તવહીદને પકડી રાખી અને કોઇ કાફિર બની ગયું તો તેઓ ત્યાર પહેલાં એ વસ્તુને જાણી ચૂક્યા હતા કે દીનમાં ફાટફૂટ નાંખવી અને જુથોમાં વહેંચાઇ જવું એ ગુમરાહી છે, છતાં તેમણે એવું કર્યું.

૫૯. અને સત્તા તેમજ નાહકના રાજ્યના શોખમાં.

૬૦. અઝાબમાં મોડું કરવાની.

૬૧. અર્થાત કયામતના દિવસ સુધી.

૬૨. કાફિરો પર દુનિયામાં અઝાબ ઉતારીને.

૬૩. અર્થાત યહૂદીઓ અને ખ્રિસ્તીઓ.

૬૪. અર્થાત પોતાની કિતાબ પર મજબૂત શ્રદ્ધા રાખતા નથી અથવા એ માયનો છે કે તેઓ કુરઆન બાબત અથવા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બાબત શંકામાં પડેલા છે.

૬૫. અર્થાત કાફિરોની આવી ફૂટફાટના કારણે તેમને તવહીદ તેમજ મિલ્લતે (ઇસ્લામ) પર એકત્ર થવાનું નિમંત્રણ આપો.

૬૬. દીન અને દીનનું નિમંત્રણ આપવા બાબત.

૬૭. અર્થાત અલ્લાહ તઆલાની તમામ કિતાબો પર કારણ કે ફૂટ નાખનાર અમુક પર ઇમાન લાવતા હતા અને અમુકનો ઇન્કાર કરતા હતા.

૬૮. તમામ વસ્તુઓમાં અને બધી જ પરિસ્થિતિઓમાં અને દરેક ફેંસલામાં.

૬૯. અને આપણે બધા જ તેના બંદાઓ.

૭૦. દરેક પોતાના અમલનો બદલો પામશે.

يستعجل بها الذين لا يؤمنون بها ۚ والذين امنوا
مشفقون منها ويعلمون انها الحق ۗ الا ان الذين
يمارون في الساعة لفي ضلل بعيد ﴿١٨﴾ الله لطيف بعباده
يرزق من يشاء ۚ وهو القوي العزيز ﴿١٩﴾ من كان يريد
حرث الاخرة نزد له في حرثه ۚ ومن كان يريد
حرث الدنيا نؤته منها وما له في الاخرة من نصيب ﴿٢٠﴾
ام لهم شركؤا شرعوا لهم من الدين ما لم يأذن به الله
ولولا كلمة الفصل لقضي بينهم ۗ وان الظلمين لهم
عذاب اليم ﴿٢١﴾ ترى الظلمين مشفقين مما كسبوا وهو
واقع بهم ۗ والذين امنوا وعملوا الصلحت في روضت
الجنت ۚ لهم ما يشاءون عند ربهم ۚ ذلك هو الفضل الكبير ﴿٢٢﴾

ع منزل

**ત્રાજવું.[૭૭] અને તમને શું ખબર કદાચ કયામત નજીક જ હોય[૭૮] (૧૭) જે લોકો એને માનતા નથી તેઓ એના માટે ઉતાવળ કરી રહ્યા છે[૭૯] અને જેમનું એના પર ઇમાન છે તેઓ એનાથી ડરી રહ્યા છે અને (તેઓ) જાણે છે કે એ બેશક ! સત્ય છે. સાંભળો છો જેઓ કિયામતમાં શંકાશિલ છે (તેઓ) અવશ્ય ઘણા દૂર ભટકી ગએલા છે (૧૮) અલ્લાહ પોતાના બંદાઓ પર મહેરબાની કરે છે,[૮૦] જેને ઇચ્છે છે તેને રોજી આપે છે.[૮૧] અને તેજ શક્તિશાળી અને આબરૂદાર છે (૧૯) જે આખેરતની ખેતીની ઇચ્છા કરે[૮૨] (તો) અમે તેના માટે તેની ખેતી વધારીએ[૮૩] અને જે દુનિયાની ખેતી ઇચ્છે[૮૪] અમે તેને તેમાંથી કંઇક આપીશું[૮૫] અને આખેરતમાં તેનો કશો ભાગ નથી.[૮૬] (૨૦) અથવા તેમના માટે અમુક શરીક છે[૮૭] જેમણે તેમને[૮૮] એ દીન કાઢી આપ્યો છે[૮૯] જેની પરવાનગી અલ્લાહે આપી નથી.[૯૦] અને જો ફેંસલાનો વાયદો (કરી દેવામાં આવ્યો) હોત નહિ[૯૧] તો અહીં જ એમનો ફેંસલો કરી દેવામાં આવત.[૯૨] અને બેશક ! જુલ્મીઓ માટે દુ:ખદાયક અઝાબ છે[૯૩] (૨૧) તમે જાલિમોને જોશો કે (તેઓ) પોતાની કમાણીઓથી બી ગએલા હશે[૯૪] અને તે એમના ઉપર પડીને જ જંપશે.[૯૫] અને જેઓ ઇમાન લાવ્યા અને સારા કર્મો કર્યા તેઓ જન્નતની ફુલવાડીઓમાં છે તેમના માટે તેમના રબ પાસે જે ઇચ્છે તે છે. એ જ મહાન કૃપા છે (૨૨)**

૭૧. કારણ કે સત્ય જાહેર થઇ ગયું.

૭૨. કયામતના દિવસે.

૭૩. એ ઝગડનારાઓ એટલે યહૂદીઓ. તે ઇચ્છતા હતા કે મુસલમાનોને ફરી કુફ્ર તરફ ફેરવી દઇએ, એટલા ખાતર ઝગડો કરતા હતા અને કહેતા હતા કે, અમારો ધર્મ જુનો, અમારી કિતાબ જુની અને અમારા રસૂલ આગળ (તેથી) અમે તમારાથી બેહતર છીએ.

૭૪. તેમના કુફ્રના કારણે.

૭૫. આખેરતમાં.

૭૬. અર્થાત કુરઆન મજીદ જે જાત જાતની દલીલો ધરાવે છે.

૭૭. અર્થાત તેણે પોતાની ઉતારેલી કિતાબોમાં ન્યાય કરવાનો આદેશ આપ્યો. અમુક તફસીરકારોનું કહેવું છે કે ન્યાયના ત્રાજવાનો નિર્દેશ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફ છે.

૭૮. **શાને નુઝૂલ** : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કયામતનું વર્ણન કર્યું ત્યારે મુશરિકોએ તેને જૂઠાડતાં કહ્યું કે, કયામત ક્યારે આવશે ? એના જવાબમાં આ આયત ઉતરી.

૭૯. અને એવું સમજે છે કે કયામત આવવાની જ નથી એટલા માટે મજાક મશ્કરીમાં ઉતાવળ કરે છે.

૮૦. અગણિત ઉપકારો કરે છે સારા લોકો ઉપર પણ અને ખરાબ માણસો ઉપર પણ, એટલે સુધી કે બંદાઓ ગુન્હાઓમાં મગ્ન રહે છે છતાં તે એમનો ભૂખ વડે વિનાશ કરતો નથી.

૮૧. અને એશ આરામની મોકળાશ આપે છે, મુઅમિન અને કાફિર બન્નેને તેના રહસ્ય અનુસાર.

ذٰلِكَ الَّذِىْ يُبَشِّرُ اللّٰهُ عِبَادَهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى
الْقُرْبٰى وَمَنْ يَّقْتَرِفْ حَسَنَةً نَّزِدْ لَهٗ فِيْهَا حُسْنًا
اِنَّ اللّٰهَ غَفُوْرٌ شَكُوْرٌ ﴿٢٣﴾ اَمْ يَقُوْلُوْنَ افْتَرٰى عَلَى اللّٰهِ
كَذِبًا فَاِنْ يَّشَاِ اللّٰهُ يَخْتِمْ عَلٰى قَلْبِكَ وَيَمْحُ اللّٰهُ الْبَاطِلَ
وَيُحِقُّ الْحَقَّ بِكَلِمٰتِهٖ اِنَّهٗ عَلِيْمٌ بِذَاتِ الصُّدُوْرِ ﴿٢٤﴾ وَهُوَ
الَّذِىْ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَعْفُوْا عَنِ السَّيِّاٰتِ
وَيَعْلَمُ مَا تَفْعَلُوْنَ ﴿٢٥﴾ وَيَسْتَجِيْبُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ وَيَزِيْدُهُمْ مِّنْ فَضْلِهٖ وَالْكٰفِرُوْنَ لَهُمْ
عَذَابٌ شَدِيْدٌ ﴿٢٦﴾ وَلَوْ بَسَطَ اللّٰهُ الرِّزْقَ لِعِبَادِهٖ لَبَغَوْا
فِى الْاَرْضِ وَلٰكِنْ يُّنَزِّلُ بِقَدَرٍ مَّا يَشَآءُ اِنَّهٗ بِعِبَادِهٖ

**આ છે તે જેની અલ્લાહ પોતાના બંદાઓને ખુશખબર આપે છે જેઓ ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા. તમે ફરમાવો, 'હું આના[૯૬] બદલે તમારી પાસે કશું વળતર માંગતો નથી[૯૭] પરંતુ મોહબ્બત સગાઇ સંબંધોની.[૯૮] અને જે નેક કામ કરે[૯૯] અમે તેના માટે એમાં ઓર ખૂબી વધારીએ. બેશક! અલ્લાહ માફ કરનાર કદર કરનાર છે (૨૩) અથવા[૧૦૦] એવું કહે છે કે, 'તેમણે અલ્લાહ વિષે જૂઠ ઠોકી બેસાડયું છે'[૧૦૧] અને અલ્લાહ ઇચ્છે તો તમારા પર પોતાની મહેરબાની અને રક્ષાની મહોર મારી દે.[૧૦૨] અને અસત્યને ભૂંસી નાખે છે[૧૦૩] અને સત્ય સ્થાપિત કરે છે પોતાની વાતો વડે.[૧૦૪] બેશક! તે દિલોની વાતો જાણે છે (૨૪) અને તે જ છે જે પોતાના બંદાઓની તવબહ કબૂલ કરે છે અને ગુન્હાઓને દરગુજર ફરમાવે છે[૧૦૫] અને તમે જે કંઇ કરો છો તે જાણે છે (૨૫)અને જેઓ ઇમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમની દુઆ કબૂલ કરે છે અને તેમને પોતાની કૃપાથી વધારે ઇનામ આપે છે.[૧૦૬] અને કાફિરો માટે સખત અઝાબ છે (૨૬) અને જો અલ્લાહ પોતાના બધા જ બંદાઓની રોજી મોકળી કરી આપત તો (તેઓ) પૃથ્વીમાં જરૂર હુલ્લડ મચાવત,[૧૦૭]**

હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે, મારા અમુક મુઅમિન બંદાઓ એવા છે કે માલદારી તેમના ઇમાનની મજબૂતીનું કારણ છે જો હુ તેમને ગરીબ મોહતાજ કરી દઉં તો તેમના અકીદાઓ બગડી જાય, અને અમુક બંદાઓ એવા છે કે ગરીબી અને મોહતાજી તેમના ઇમાનની મજબૂતીનું કારણ છે જો હું તેમને માલદાર કરી દઉં તો તેમના અકીદા બગડી જાય.

૮૨. અર્થાત જે પોતાનાં કાર્યો દ્વારા આખેરતનો લાભ મેળવવા ઇચ્છતો હોય.

૮૩. તેને નેકીઓ કરવાની પ્રેરણા આપીને અને તેના માટે ખૈરાત અને ફરમાંબરદારીના માર્ગો મોકળા કરીને અને તેની નેકીઓનો સવાબ વધારી આપીને.

૮૪. અર્થાત જેનું કામ માત્ર દુનિયા પ્રાપ્ત કરવા ખાતર હોય અને તે આખેરતને માનતો ન હોય.

૮૫. અર્થાત જેટલું તેના માટે દુનિયામાં નક્કી કર્યું છે તેટલું.

૮૬. કારણ કે તેણે આખેરત માટે અમલ કર્યો જ નથી.

૮૭. મતલબ એ છે કે મક્કાના કાફિરો જે દીન અલ્લાહે તેમના માટે નક્કી કર્યો છે તેને સ્વીકારે છે કે પછી તેમના માટે શયતાનો વિગેરે એવા શરીક છે...

૮૮. કુફ્રના ધર્મોમાંથી.

૮૯. જે શિર્ક પર અને મેહશરના ઇન્કાર પર રચાએલો છે.

૯૦. અર્થાત તે અલ્લાહના દીનની વિરૂદ્ધ છે.

૯૧. અને બદલા માટે કયામતનો દિવસ નક્કી કરવામાં આવ્યો હોત નહિ.

૯૨. અને જૂઠાડનારાઓને દુનિયામાં જ અઝાબમાં સપડાવી દેવામાં આવત.

૯૩. આખેરતમાં. અને અહીં જાલિમોનો અર્થ કાફિરો છે.

૯૪. અર્થાત કુફ્ર અને કુકર્મોથી જે તેમણે દુનિયામાં કર્યાં હતાં એવી બ્હીકે કે હવે તેની સજા મળશે જ.

૯૫. જરૂર, તેનાથી કોઇ રીતે બચી શકતા નથી બીએ કે ન બીએ.

૯૬. રિસાલતની તબ્લીગ તેમજ માર્ગદર્શન અને હિદાયત બદલ.

૯૭. અને બધા પૈગમ્બરોનો એ જ તરીકે રહ્યો છે.

**શાને નુઝૂલ** : હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે, જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ વસલ્લમ મદીના શરીફમાં પધાર્યા અને અન્સાર સહાબાઓએ જોયુ કે આપના શિરે ખર્ચનો ઘણો બોજો છે અને માલ દૌલત તદ્દન નથી ત્યારે તેમણે પરસ્પર સલાહ મશ્વેરો કર્યો અને હુઝૂરના હક્કો અને એહસાનો યાદ કરીને આપની સેવામાં રજુ કરવા ઘણો બધો માલ અને દૌલત લાવ્યા અને વિનંતી કરી કે, હુઝૂરના જ પ્રતાપે તેમને હિદાયત મળી અને ગુમરાહીમાંથી છૂટયા અમે દેખીએ છીએ કે હુઝૂરનો ખર્ચ બહુ મોટો છે તેથી અમે આ આપના દરબારના ખાદિમોની ભેટરૂપે લાવ્યા છીએ એને સ્વીકારીને અમારી આબરૂ વધારો. ત્યારે આ આયત ઉતરી અને હુઝૂરે તેમની દૌલત તેમને પાછી સોંપી દીધી.

૯૮. એ બાબત તમારા માટે અનિવાર્ય છે કારણ કે મુસલમાનોમાં પરસ્પર મહોબ્બત અને હેત રાખવું વાજિબ છે જેવું કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે, અલમુઅમિનૂન વલ મુઅમિનાતિ બઅદુહુમ અવલિયાઉ બઅદ. અને હદીષ શરીફમાં છે કે, મુસલમાનો એક ઇમારત જેવા છે જેનો પ્રત્યેક ભાગ બીજા ભાગને ટેકો આપે છે અને મજબૂત રાખે છે. જ્યારે મુસલમાનોમાં પરસ્પર મહોબ્બત વાજિબ ઠરી તો પછી સય્યિદે આલમ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે મહોબ્બત રાખવી કેટલી હદે ફર્ઝ હશે? આયતનો મતલબ એ છે કે હું હિદાયતનો માર્ગ દેખાડવા બદલ તમારી પાસે કશુ વળતર માગતો નથી પરંતુ સગાઇના હક્કો તમારા પર વાજિબ છે તેનો ખ્યાલ રાખો અને મારાં સગાંઓ તમારા પણ સગાંઓ છે તેમને તકલીફ આપો નહીં. હઝરત સઇદ બિન જુબેરે બયાન કર્યું છે કે 'સગાઓ'નો નિર્દેશ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની 'આલ' તરફ છે. (બુખારી)

**મસઅલો** : કરાબતવાળાઓ એટલે કે સગાંઓમાં કોણ કોણ સામેલ છે તે બાબત કેટલાએ કથનો છે. એક તો એ કે તેઓ હઝરત અલી અને હઝરત ફાતેમા અને હઝરત ઇમામ હસન અને હઝરત ઇમામ હુસૈન (રદિયલ્લાહુ અન્હુમ) છે. એક કથન એવું છે કે એમાં આલે અલી અને આલે અકીલ અને આલે જઅફર અને આલે અબ્બાસનો સમાવેશ થાય છે. અને એ કથન એવું છે કે એમાં હુઝૂરનાં તે તમામ સગાઓ સામેલ છે જેમના માટે ઝકાત હરામ છે અને તેઓ બની હાશિમ અને બની અબ્દુલ મુત્તલિબ છે. હુઝૂરની બીબીઓ હુઝૂરના એહલે બૈતમાં સામેલ છે.

**મસઅલો** : હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મહોબ્બત અને હુઝૂરનાં સગાંઓની મહોબ્બત રાખવી દીનના ફરઝોમાંનો એક ફર્ઝ છે. (જુમલ, ખાઝિન વિ.)

૯૯. અહીં નેક કામનો મતલબ યા તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આલની મોહબ્બત છે અથવા તમામ સારાં કામો.

૧૦૦. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે મક્કાના કાફિરો...

૧૦૧. નબુવ્વતનો દાવો કરીને અથવા કુરઆન શરીફને અલ્લાહની કિતાબ કહીને.

خَبِيْرٌۢ بَصِيْرٌ (٢٧) وَهُوَ الَّذِىْ يُنَزِّلُ الْغَيْثَ مِنْۢ بَعْدِ
مَا قَنَطُوْا وَيَنْشُرُ رَحْمَتَهٗ ؕ وَهُوَ الْوَلِىُّ الْحَمِيْدُ (٢٨) وَمِنْ
اٰيٰتِهٖ خَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَثَّ فِيْهِمَا مِنْ دَآبَّةٍ ؕ
وَهُوَ عَلٰى جَمْعِهِمْ اِذَا يَشَآءُ قَدِيْرٌ (٢٩) وَمَآ اَصَابَكُمْ مِّنْ
مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ؕ (٣٠)
وَمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ فِى الْاَرْضِ ۚۖ وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ
مِنْ وَّلِىٍّ وَّلَا نَصِيْرٍ (٣١) وَمِنْ اٰيٰتِهِ الْجَوَارِ فِى الْبَحْرِ
كَالْاَعْلَامِ ؕ (٣٢) اِنْ يَّشَاْ يُسْكِنِ الرِّيْحَ فَيَظْلَلْنَ رَوَاكِدَ
عَلٰى ظَهْرِهٖ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ۙ (٣٣)
اَوْ يُوْبِقْهُنَّ بِمَا كَسَبُوْا وَيَعْفُ عَنْ كَثِيْرٍ ۫ (٣٤) وَّيَعْلَمَ
الَّذِيْنَ يُجَادِلُوْنَ فِىْٓ اٰيٰتِنَا ؕ مَا لَهُمْ مِّنْ مَّحِيْصٍ (٣٥)

પણ તે અંદાજા મુજબ જેટલું ઇચ્છે તેટલું ઉતારે છે. બેશક! તે પોતાના બંદાઓનો જાણકાર છે[૧૦૮] (અને) તેમને જુએ છે (૨૭) અને તે જ છે જે તેમના નિરાશ થએથી વરસાદ ઉતારે છે અને પોતાની રહમત ફેલાવે છે[૧૦૯] અને તે જ કામ બનાવનાર છે સર્વ ખૂબીઓથી વખણાએલો (૨૮) અને તેની નિશાનીઓમાંથી આકાશો અને પૃથ્વીનું સર્જન છે અને જે ચાલનારાઓ તેમાં ફેલાવ્યાં (તે) અને તે (અલ્લાહ) એમને જ્યારે ઇચ્છે ત્યારે એકત્ર કરવા માટે શક્તિમાન છે[૧૧૦] (૨૯) અને તમને જે કષ્ટ થયું તે તેના કારણે છે જે તમારા હાથોએ કમાણી કરી[૧૧૧] અને ઘણું ખરૂં તો માફ કરી દે છે (૩૦) અને તમે પૃથ્વીમાં (અમારા) કાબૂ બહાર જઇ શકતા નથી[૧૧૨] અને ન તો અલ્લાહ સામે તમારો કોઇ મદદગાર ન કોઇ દોસ્ત[૧૧૩] (૩૧) અને તેની નિશાનીઓમાંથી છે[૧૧૪] દરિયાઓમાં પર્વતોની જેમ ચાલનાર (૩૨) તે ઇચ્છે તો પવનને થંભાવી દે[૧૧૫] કે જેથી તેની (સમુદ્રની) પીઠ પર[૧૧૬] થોભેલી રહી જાય.[૧૧૭] બેશક! એમાં જરૂર નિશાનીઓ છે દરેક મહા ધીરજવાન શુક્ર કરનાર માટે[૧૧૮] (૩૩) અથવા એમને લોકોના ગુનાહો બદલ[૧૧૯] તબાહ કરી નાખે[૧૨૦] અને ઘણું ખરૂં તો માફ કરી આપે (છે)[૧૨૧] (૩૪) અને જેઓ અમારી આયતો બાબત ઝગડો કરે છે

૧૦૨. જેથી આપને તેમની બદગોઇના કારણે દુ:ખ થાય નહિ.

૧૦૩. જે કાફિરો કહે છે.

૧૦૪. જે અમારા નબી પર ઉતારીએ. જેમકે એવુ જ કર્યું કે તેમના અસત્યને ભૂંસી નાખ્યું અને ઇસ્લામના કલેમાને બુલંદ કર્યો.

૧૦૫. **મસઅલો** : દરેક ગુન્હાની તવબહ કરવી વાજિબ છે. અને તવબહની હકીકત એ છે કે માણસ ગુન્હાથી રોકાય જાય અને જે ગુન્હો તેનાથી થઇ ગયો તેનાથી શરમિંદો બને અને ગુન્હાથી હમેશાં માટે વેગળો રહેવાનો પાકો ઇરાદો કરે અને જો ગુન્હામાં કોઇ વ્યક્તિનો હક્ક ભરાયો હોય તો શરીઅતના તરીકા મુજબ તે હક્કનો ભાર પોતાના માથેથી ઉતારે.

૧૦૬. અર્થાત દુઆ માંગનારે જેટલુ માગ્યું હતું તેનાથી વધારે આપે છે.

૧૦૭. અભિમાન અને ગર્વમાં આવી જઇને.

૧૦૮. જેના માટે જેટલું યોગ્ય છે તેને તેટલું જ આપે છે.

૧૦૯. અને વરસાદથી લાભ આપે છે તેમજ દુકાળને હટાવે છે.

૧૧૦. હશ્ર માટે.

૧૧૧. આ સંબોધન શરીઅતના હુકમો જે મુસલમાનોને લાગુ થતા હોય તેમને છે જેમનાથી ગુન્હાઓ થઇ જતા હોય છે. મતલબ એ છે કે દુનિયામાં મુઅમિનોને તકલીફો અને મુસીબતો પહોંચે છે ઘણું કરીને એનું કારણ તેમના ગુન્હાઓ હોય છે એ તકલીફોને અલ્લાહ તેમના ગુન્હાઓનો કફ્ફારો (બદલો) કરી આપે

فَمَآ أُوتِيتُم مِّن شَيْءٍ فَمَتَاعُ الْحَيَوٰةِ الدُّنْيَا وَمَا عِندَ
اللَّهِ خَيْرٌ وَأَبْقَىٰ لِلَّذِينَ ءَامَنُوا وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ ﴿٣٦﴾
وَالَّذِينَ يَجْتَنِبُونَ كَبَٰٓئِرَ الْإِثْمِ وَالْفَوَٰحِشَ وَإِذَا مَا
غَضِبُوا هُمْ يَغْفِرُونَ ﴿٣٧﴾ وَالَّذِينَ اسْتَجَابُوا لِرَبِّهِمْ
وَأَقَامُوا الصَّلَوٰةَ وَأَمْرُهُمْ شُورَىٰ بَيْنَهُمْ وَمِمَّا رَزَقْنَٰهُمْ
يُنفِقُونَ ﴿٣٨﴾ وَالَّذِينَ إِذَآ أَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنتَصِرُونَ ﴿٣٩﴾
وَجَزَٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ مِّثْلُهَا فَمَنْ عَفَا وَأَصْلَحَ فَأَجْرُهُۥ
عَلَى اللَّهِ إِنَّهُۥ لَا يُحِبُّ الظَّٰلِمِينَ ﴿٤٠﴾ وَلَمَنِ انتَصَرَ بَعْدَ
ظُلْمِهِۦ فَأُولَٰٓئِكَ مَا عَلَيْهِم مِّن سَبِيلٍ ﴿٤١﴾ إِنَّمَا السَّبِيلُ
عَلَى الَّذِينَ يَظْلِمُونَ النَّاسَ وَيَبْغُونَ فِي الْأَرْضِ
بِغَيْرِ الْحَقِّ أُولَٰٓئِكَ لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٤٢﴾ وَلَمَن صَبَرَ وَغَفَرَ

**તેઓ જાણી લે કે તેમના[૧૨૨] માટે ક્યાંએ નાસી છુટવાની જગ્યા નથી (૩૫) તમને જે કાંઇ મળ્યું છે[૧૨૩] તે જીવતા જગતમાં વાપરવા માટે છે[૧૨૪] અને જે અલ્લાહ પાસે છે[૧૨૫] (તે) ઉત્તમ છે અને વધારે બાકી રહેનારૂં, તેમના માટે જેઓ ઇમાન લાવ્યા અને પોતાના પરવરદિગાર પર વિશ્વાસ મૂકે છે[૧૨૬] (૩૬) અને જે મોટા મોટા ગુન્હાઓ અને નિર્લજ્જતાથી બચે છે અને જ્યારે ક્રોધ ચઢે ત્યારે ક્ષમા આપે છે (૩૭) અને જેમણે પોતાના રબનો હુકમ માથે ચઢાવ્યો[૧૨૭] અને નમાઝ સ્થાપિત કરી[૧૨૮] અને તેમનું કામ તેમના પરસ્પરના મશ્વરાથી (થાય) છે[૧૨૯] અને અમારા આપેલામાંથી કંઇક અમારા માર્ગમાં વાપરે છે. (૩૮)અને તેઓ કે જ્યારે તેમને બંડખોરીનો પાલો પડે (ત્યારે) બદલો લે છે[૧૩૦] (૩૯) અને અનિષ્ટનો બદલો તેના જેટલું જ અનિષ્ટ છે.[૧૩૧] તો જેણે માફ કરી દીધું અને મામલાને સુધારી લીધો તો તેનો બદલો અલ્લાહ પાસે છે. બેશક! તે જાલિમોને મિત્ર બનાવતો નથી[૧૩૨] (૪૦) અને બેશક! જેમણે પોતાના પર થએલા અત્યાચારનો બદલો લીધો તેમની કશી પકડ નથી (૪૧) પકડ તો તેમની જ થશે જેઓ[૧૩૩] લોકો પર જુલમ ગુજારે છે અને પૃથ્વીમાં નાહક બંડખોરી કરે છે[૧૩૪] તેમના માટે દુ:ખ દાયક અઝાબ છે (૪૨) અને બેશક! જેણે સબર કરી[૧૩૫]**

છે. અને કદી મુઅમિનોની તકલીફ તેમનો મરતબો બુલંદ કરવા માટે હોય છે જેવું કે બુખારી અને મુસ્લિમની હદીષમાં વર્ણવાયું છે. પૈગમ્બરો જેઓ ગુન્હાઓથી પાક હોય છે અને નાના બાળકો જેમના ઉપર હુકમો લાગુ થતા નથી તેમને આ આયત સંબોધતી નથી.

**ફાયદો** : અમુક ગુમરાહ ફિર્કાઓ જે તનાસુખ (પુનર્જન્મ)ને માને છે તેઓ આ આયતથી દલીલ કરે છે કે બાળકોને જે તકલીફ થાય છે અથવા પહોંચે છે તે આ આયતથી સાબિત થાય છે કે તેમના ગુન્હાઓના કારણે હોય છે અને હજુ સુધી તેમણે કોઇ ગુન્હો તો કર્યો નથી તો સાબિત થયુ કે આ જીવન પહેલાં કોઇ બીજુ જીવન હોવું જોઇએ જેમાં તેમણે ગુન્હાઓ કર્યા હશે. પણ આ દલીલ ખરી નથી, કારણ કે બાળકો આ આયતમાં સંબોધાયા જ નથી જેમકે બધા જ સંબોધનો પુખ્તવયના બુધ્ધિમાનો માટે જ હોય છે તેથી તનાસુખવાળાઓની દલીલ ખોટી ઠરી.

૧૧૨. જે મુસીબતો તમારા માટે આલેખાઇ ચૂકી છે તેનાથી ક્યાંએ ભાગી શકતા નથી અને ઉગરી શકતા નથી.

૧૧૩. કે જે તેની ઇચ્છા વિરૂદ્ધ તમને મુસીબતો અને તકલીફોમાંથી ઉગારી શકે.

૧૧૪. મોટા મોટા વહાણો.

૧૧૫. જે વહાણોને હાંકે છે.

૧૧૬. અર્થાત સમુદ્રની પીઠ પર.

૧૧૭. ચાલવા પામે નહીં.

إِنَّ ذَٰلِكَ لَمِنْ عَزْمِ الْأُمُورِ ﴿٤٣﴾ وَمَن يُضْلِلِ اللَّهُ
فَمَا لَهُ مِن وَلِيٍّ مِّن بَعْدِهِ ۗ وَتَرَى الظَّالِمِينَ لَمَّا رَأَوُا
الْعَذَابَ يَقُولُونَ هَلْ إِلَىٰ مَرَدٍّ مِّن سَبِيلٍ ﴿٤٤﴾ وَتَرَاهُمْ
يُعْرَضُونَ عَلَيْهَا خَاشِعِينَ مِنَ الذُّلِّ يَنظُرُونَ مِن
طَرْفٍ خَفِيٍّ ۗ وَقَالَ الَّذِينَ آمَنُوا إِنَّ الْخَاسِرِينَ
الَّذِينَ خَسِرُوا أَنفُسَهُمْ وَأَهْلِيهِمْ يَوْمَ الْقِيَامَةِ ۗ أَلَا إِنَّ
الظَّالِمِينَ فِي عَذَابٍ مُّقِيمٍ ﴿٤٥﴾ وَمَا كَانَ لَهُم مِّنْ
أَوْلِيَاءَ يَنصُرُونَهُم مِّن دُونِ اللَّهِ ۗ وَمَن يُضْلِلِ اللَّهُ
فَمَا لَهُ مِن سَبِيلٍ ﴿٤٦﴾ اسْتَجِيبُوا لِرَبِّكُم مِّن قَبْلِ
أَن يَأْتِيَ يَوْمٌ لَّا مَرَدَّ لَهُ مِنَ اللَّهِ ۚ مَا لَكُم مِّن مَّلْجَإٍ
يَوْمَئِذٍ وَمَا لَكُم مِّن نَّكِيرٍ ﴿٤٧﴾ فَإِنْ أَعْرَضُوا فَمَا

**અને માફ કરી દીધું તો એ અવશ્ય હિંમતનાં કામો છે (૪૩) અને જેને અલ્લાહ ભટકાવી દે અલ્લાહની સામે તેનો કોઇ સહાયક નથી.[૧૩૬] અને તમે જુલ્મીઓને દેખશો કે જ્યારે તેઓ અઝાબ દેખશે[૧૩૭] ત્યારે કહેશે, 'શું પાછા જવાનો કોઇ માર્ગ છે ?[૧૩૮] (૪૪) અને તમે તેમને જોશો કે આગ પર રજૂ કરવામાં આવે છે અપમાનથી દબાએલા કચડાએલા, છાની છપટી નજરે જુએ છે.[૧૩૯] અને ઇમાનવાળાઓ કહેશે, બેશક ! પરાજય તેમનો છે જેઓ કયામતના દિવસે પોતાના પ્રાણો અને પોતાના ઘરવાળાઓ હારી બેઠા.[૧૪૦] સાંભળો છો ! બેશક ! અત્યાચારીઓ[૧૪૧] હમેશાંના અઝાબમાં છે (૪૫) અને અલ્લાહની સામે તેમની મદદ કરે[૧૪૨] એવા કોઇ એમના મિત્રો નીકળ્યા નહિ. અને જેને અલ્લાહ ભટકાવી દે તેના માટે ક્યાંએ રસ્તો નથી[૧૪૩] (૪૬) પોતાના રબનો હુકમ માનો ![૧૪૪] તે દિવસ આવતાં પહેલાં જે અલ્લાહ તરફથી ટળનાર નથી,[૧૪૫] તે દિવસે તમારો કોઇ આશરો નહિ હોય અને ન તો ઇન્કાર કરવાથી તમારૂં કામ બને.[૧૪૬] (૪૭) તો જો તેઓ મોઢું ફેરવે[૧૪૭] તો અમે તમને તેમના ઉપર ચોકીદાર**

૧૧૮. સાબિર શાકિરનો નિર્દેશ મુઅમિન મુખલિસ પ્રતિ છે જે સખ્તી અને તકલીફમાં સબ્ર કરે છે અને રાહત તથા આરામમાં શુક્ર કરે છે.

૧૧૯. જેઓ તેમાં બેઠેલા હોય.

૧૨૦. અર્થાત વહાણોને ડૂબાડી દઇએ.

૧૨૧. ગુન્હાઓમાંથી કે તે બદલ અઝાબ કરતો નથી.

૧૨૨. અમારા અઝાબથી.

૧૨૩. દુનિયાનો માલ સામાન.

૧૨૪. માત્ર અમુક જ દિવસ જે હમેશાંનું નથી.

૧૨૫. અર્થાત સવાબ.

૧૨૬. **શાને નુઝૂલ** : આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હૂ વિષે ઉતરી જ્યારે કે આપે આપનો બધોજ માલ સદકામાં આપી દીધો અને એ બાબત અરબના લોકોએ આપને ઠપકો આપ્યો.

૧૨૭. **શાને નુઝૂલ** : આ આયત અન્સાર વિષે ઉતરી જેમણે પોતાના રબનો હુકમ માનીને ઇમાન અને આજ્ઞાપાલન અપનાવ્યાં.

૧૨૮. તેને વળગી રહ્યા.

૧૨૯. તેઓ ઉતાવળ અને સરમુખ્ત્યારી કરતા નથી. હઝરત હસન રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે જે કોમ સલાહ મશ્વરો કરે છે તે સાચા માર્ગને પામે છે.

૧૩૦. અર્થાત તેમના ઉપર જ્યારે કોઇ જુલમ ગુજારે છે ત્યારે ન્યાય મુજબ તેનો બદલો લે છે અને બદલો લેવામાં સીમાઓનું ઉલ્લંઘન કરતા નથી.

ઇબ્ને ઝેદે કહ્યું છે કે, મુઅમિન બે જાતના હોય છે, એક તો તેઓ જે જુલમને માફ કરી દે છે. પહેલી આયતમાં તેમનું વર્ણન કરવામાં આવ્યું. બીજા તેઓ જે જુલ્મીઓ પાસેથી બદલો લે છે તેમનું વર્ણન આ આયતમાં છે.

અતાએ કહ્યું છે કે, આ તે મુઅમિનોનું બયાન છે જેમને કાફિરોએ મક્કા મુકર્રમામાંથી કાઢી મૂક્યા હતા અને તેમના ઉપર જુલમ ગુજાર્યો હતો પછી અલ્લાહ તઆલાએ તેમને એ જ ધરતીમાં ચઢિયાતાપણું આપ્યું અને તેમણે જુલ્મીઓ પાસેથી બદલો વાળ્યો.

૧૩૧. અર્થ એ છે કે નુકસાન જેટલો જ બદલો હોવો જોઇએ એનાથી વધીને હોવો જોઇએ નહિ. અને આયતમાં 'બદલા'ને જે 'અનિષ્ટ' (સય્યિઅહ) કહેવાયું છે તો એ એના અસલ અર્થમાં નથી, દેખાવમાં એવું લાગતું હોવાથી એવું કહેવાયું છે. અને જેની પાસેથી બદલો લેવાય તેને એ 'અનિષ્ટ' લાગતું હોય છે (તેથી 'અનિષ્ટ' કહેવાયું છે) અને 'અનિષ્ટ' કહેવા પાછળ એક હેતુ એ પણ છે કે બદલો લેવા કરતાં માફ કરી દેવું વધારે સારૂં છે.

૧૩૨. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું છે કે જાલિમોનો મતલબ તે લોકો છે જેઓ જુલમનો આરંભ કરે.

૧૩૩. પ્રથમ....

૧૩૪. અભિમાન અને ગુન્હાઓ આદરીને.

૧૩૫. જુલ્મ અને તકલીફ બદલ.

૧૩૬. કે તેને અઝાબથી છોડાવી શકે.

૧૩૭. કયામતના દિવસે.

૧૩૮. અર્થાત દુનિયામાં કે જે ત્યાં જઇને ઇમાન લાવે.

૧૩૯. અર્થાત અપમાન અને બીકના કારણે આગને છાને છપટે દેખશે જેમકે કોઇ જેને ડોકું કાપી નાખવાની સજા થઇ હોય તે જલ્લાદની તલ્વારને આંખોના ખુણાઓથી દેખતો હોય.

૧૪૦. પ્રાણોની હાર તો એ છે કે તેઓ કુફ્ર ધારણ કરીને હમેશાં માટે જહન્નમના અઝાબમાં સપડાયા. અને ઘરવાળાઓને હારી બેસવું એ છે કે ઇમાન લાવવાના કારણે જન્નતની જે હુરો તેમના માટે નક્કી થએલી હતી તેમનાથી વંચિત થઇ ગયા.

૧૪૧. અર્થાત કાફિર.

૧૪૨. અને તેના અઝાબથી બચાવી શકે.

૧૪૩. ભલાઇનો કે દુનિયામાં પણ તેઓ સત્ય સુધી પહોંચી શક્યા નહિ અને આખેરતમાં જન્નત મેળવી શક્યા નહિ.

૧૪૪. અને સય્યિદે આલમ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ફરમાંબરદારી કરીને તવહીદ અને ઇબાદતે ઇલાહી અખત્યાર કરો.

૧૪૫. એનો નિર્દેશ યા તો મૃત્યુના દિવસ તરફ છે યા કયામતના દિવસ તરફ.

૧૪૬. તમારા ગુન્હાઓનો. અર્થાત તે દિવસ છુટકારાની કોઇ તક નથી ન તો અઝાબથી બચી શકો છો

أَرْسَلْنَاكَ عَلَيْهِمْ حَفِيظًا ۖ إِنْ عَلَيْكَ إِلَّا الْبَلَاغُ ۗ وَإِنَّا
إِذَا أَذَقْنَا الْإِنسَانَ مِنَّا رَحْمَةً فَرِحَ بِهَا ۖ وَإِن تُصِبْهُمْ
سَيِّئَةٌ بِمَا قَدَّمَتْ أَيْدِيهِمْ فَإِنَّ الْإِنسَانَ كَفُورٌ ﴿٤٨﴾
لِّلَّهِ مُلْكُ السَّمَاوَاتِ وَالْأَرْضِ ۚ يَخْلُقُ مَا يَشَاءُ ۚ يَهَبُ
لِمَن يَشَاءُ إِنَاثًا وَيَهَبُ لِمَن يَشَاءُ الذُّكُورَ ﴿٤٩﴾ أَوْ
يُزَوِّجُهُمْ ذُكْرَانًا وَإِنَاثًا ۖ وَيَجْعَلُ مَن يَشَاءُ عَقِيمًا ۚ إِنَّهُ
عَلِيمٌ قَدِيرٌ ﴿٥٠﴾ وَمَا كَانَ لِبَشَرٍ أَن يُكَلِّمَهُ اللَّهُ إِلَّا وَحْيًا
أَوْ مِن وَرَاءِ حِجَابٍ أَوْ يُرْسِلَ رَسُولًا فَيُوحِيَ
بِإِذْنِهِ مَا يَشَاءُ ۚ إِنَّهُ عَلِيٌّ حَكِيمٌ ﴿٥١﴾ وَكَذَٰلِكَ أَوْحَيْنَا
إِلَيْكَ رُوحًا مِّنْ أَمْرِنَا ۚ مَا كُنتَ تَدْرِي مَا الْكِتَابُ
وَلَا الْإِيمَانُ وَلَٰكِن جَعَلْنَاهُ نُورًا نَّهْدِي بِهِ

**બનાવીને નથી મોકલ્યા,[૧૪૮] તમારા માથે તો માત્ર પહોંચાડી આપવાનું જ છે.[૧૪૯] અને જ્યારે અમે મનુષ્યને પોતાના તરફથી કોઇ રહમતનો સ્વાદ ચખાડીએ છીએ[૧૫૦] (ત્યારે) તેનાથી હર્ષઘેલો બની જાય છે અને જો તેમને કોઇ અનિષ્ટ પહોંચે[૧૫૧] તેમના હાથોએ જે આગળ મોકલ્યું તેના બદલા રૂપે[૧૫૨] તો માનવી ખૂબ નગુણો (બની જતો હોય) છે[૧૫૩] (૪૭) આકાશો અને પૃથ્વીનું રાજ્ય અલ્લાહનું જ છે[૧૫૪] જે ઇચ્છે તે પેદા કરે છે જેને ઇચ્છે તેને પુત્રીઓ આપે[૧૫૫] અને જેને ચાહે તેને પુત્રો આપે[૧૫૬] (૪૯) (અથવા) પુત્રો અને પુત્રીઓ બન્નેને ભેગાં કરી આપે (બન્ને આપે) અને જેને ઇચ્છે તેને વાંઝ બનાવે.[૧૫૭] બેશક ! તે ઇલ્મ અને કુદરતવાળો છે (૫૦) અને કોઇ માનવીને એ (હક્ક) પહોંચતો નથી કે તેની સાથે અલ્લાહ વાત કરે પણ વહી મારફત[૧૫૮] અથવા એ રીતે કે તે માનવી મહાનતાના પરદાની પાછળ હોય[૧૫૯] અથવા કોઇ ફરિશ્તો મોકલે કે જે તેના હુકમથી વહી કરે જે તે ઇચ્છે.[૧૬૦] બેશક ! તે ઉચ્ચતા અને હિકમતવાળો છે (૫૧) અને આ રીતે જ અમે તમને વહી મોકલી[૧૬૧] એક પ્રાણવર્ધક વસ્તુ[૧૬૨] પોતાના હુકમથી એનાથી પહેલાં તમે ન તો કિતાબ જાણતા હતા ન શરીઅતના આદેશોની વિગત. હા ! અમે તેને[૧૬૩]**

ન તો પોતાના ગુન્હાઓનો ઇન્કાર કરી શકો છો જે તમારા આમાલનામાઓમાં લખાયેલા છે.

૧૪૭. ઇમાન લાવવા અને આજ્ઞાપાલન કરવાથી.

૧૪૮. કે જેથી તમારા માટે તેમના માલ દૌલતની જાળવણી જરૂરી બને.

૧૪૯. અને તે તમે પુરૂં કર્યું.

૧૫૦. તે માલદારી અને દૌલત હોય કે પછી આરોગ્ય અને તંદુરૂસ્તી અથવા સલામતી અને શાંતિ હોય કે માન મરતબો અથવા કંઇક બીજું.

૧૫૧. અને કોઇ મુસીબત બલા જેમકે દુકાળ અને બીમારી અથવા ગરીબી વિગેરે આવી પડે.

૧૫૨. અર્થાત તેમની નાફરમાની અને ગુન્હાઓના કારણે.

૧૫૩. નેઅમતોને વિસરી જાય છે.

૧૫૪. જેવું ઇચ્છે તેવું કરે છે કોઇ પણ ડખલગીરી કરવાની કે વાંધો ઉઠાવવાની મજાલ ધરાવતું નથી.

૧૫૫. પુત્ર આપે નહિ.

૧૫૬. પુત્રી આપે નહિ.

૧૫૭. કે તેને સંતાન થાય જ નહિ તે માલિક છે પોતાની નેઅમતને જે રીતે ઇચ્છે તે રીતે વહેંચે. આવી પરિસ્થિતિઓ પૈગમ્બરોમાં પણ હતી. હઝરત લૂત અને હઝરત શુઐબ અલયહિસ્સલામને માત્ર દીકરીઓ જ હતી દીકરા ન હતા, હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને ફક્ત ફરઝંદો જ હતા કોઇ પુત્રી અવતરી જ નથી. અને સય્યિદે અમ્બિયા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અલ્લાહ તઆલાએ ચાર

مَنْ نَّشَآءُ مِنْ عِبَادِنَا ۚ وَاِنَّكَ لَتَهْدِيْٓ اِلٰى صِرَاطٍ
مُّسْتَقِيْمٍ ﴿۵۲﴾ صِرَاطِ اللّٰهِ الَّذِيْ لَهٗ مَا فِي السَّمٰوٰتِ
وَمَا فِي الْاَرْضِ ۗ اَلَآ اِلَى اللّٰهِ تَصِيْرُ الْاُمُوْرُ ﴿۵۳﴾
سُوْرَةُ الزُّخْرُفِ مَكِّيَّةٌ وَّهِيَ تِسْعٌ وَّثَمَانُوْنَ اٰيَةً وَّسَبْعُ رُكُوْعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
حٰمٓ ﴿۱﴾ وَالْكِتٰبِ الْمُبِيْنِ ﴿۲﴾ اِنَّا جَعَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا
لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿۳﴾ وَاِنَّهٗ فِيْٓ اُمِّ الْكِتٰبِ لَدَيْنَا لَعَلِيٌّ
حَكِيْمٌ ﴿۴﴾ اَفَنَضْرِبُ عَنْكُمُ الذِّكْرَ صَفْحًا اَنْ كُنْتُمْ قَوْمًا
مُّسْرِفِيْنَ ﴿۵﴾ وَكَمْ اَرْسَلْنَا مِنْ نَّبِيٍّ فِي الْاَوَّلِيْنَ ﴿۶﴾
وَمَا يَاْتِيْهِمْ مِّنْ نَّبِيٍّ اِلَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿۷﴾ فَاَهْلَكْنَآ
اَشَدَّ مِنْهُمْ بَطْشًا وَّمَضٰى مَثَلُ الْاَوَّلِيْنَ ﴿۸﴾

**નૂર કર્યું જેનાથી અમે પોતાના બંદાઓમાંથી જેને ઇચ્છીએ તેને રસ્તો દેખાડીએ છીએ. અને બેશક! તમે અવશ્ય સીધો માર્ગ દેખાડો છો[૧૬૪] (૫૨) અલ્લાહનો માર્ગ [૧૬૫] કે જે કંઇ આકાશો અને જે કંઇ પૃથ્વીમાં છે તે તેનું જ છે. સાંભળો છો! બધાં કામો અલ્લાહ તરફ જ પાછાં જાય છે (૫૩)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૬૬]**

**રોશન કિતાબના સોગંદ[૧૬૭] (૨) અમે એને અરબી કુરઆન (બનાવીને) ઉતાર્યું કે (જેથી) તમે સમજી શકો[૧૬૮] (૩) અને બેશક! એ મૂળ કિતાબમાં[૧૬૯] અમારી પાસે જરૂર ઉચ્ચતા અને હિકમતવાળું છે (૪) તો શું અમે તમારી સામેથી ઝિક્રનું પડખું માત્ર એટલા ખાતર ફેરવી લઇએ કે તમે લોકો હદથી આગળ વધનાર છો?[૧૭૦] (૫) અને અમે આગલાઓમાં કેટલાએ ગૈબ કહેનાર (નબી) મોકલ્યા (૬) અને તેમની પાસે જે ગૈબ કહેનાર આવ્યો તેની હાંસી જ ઉડાડી[૧૭૧] (૭) તો અમે તેમનો વિનાશ કર્યો જેઓ એમનાથી પણ પકડમાં વધુ સખત હતા.[૧૭૨] અને આગલાઓના હેવાલ પસાર થઇ ચૂક્યા છે (૮)**

દીકરાઓ અને ચાર દીકરીઓ આપી અને હઝરત યહયા તેમજ હઝરત ઇસા અલયહિસ્સલામને કોઇ પણ ઔલાદ થઇ નહિ.

૧૫૮. અર્થાત ડાયરેક્ટ તેના દિલમાં વાત નાખીને અને ઇલ્હામ કરીને જાગતા અથવા ઊંઘમાં. આમાં સાંભળવાની શક્તિની ડખલગીરી વિના વહી પ્રાપ્ત કરવા તરફ નિર્દેશ છે અને આયતમાં 'ઇલ્લા વહયન'નો મતલબ એવો જ છે. આમાં એ જરૂરી નથી કે સાંભળનાર બોલનારને દેખતો હોય કે ન દેખતો હોય.

મુજાહિદે કહ્યું છે કે, અલ્લાહ તઆલાએ હઝરત દાવૂદ અલયહિસ્સલામના દિલમાં (સીધે સીધી રીતે) ઝબૂરની વહી મોકલી અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને ફરઝંદ ઝુબેહ કરવાની વહી ઊંઘની હાલતમાં મોકલી. અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મેઅરાજમાં આ પ્રકારની જ વહી (સીધી સીધી રીતે) કરી જેનુ બયાન ''ફઅવહા ઇલા અબ્દિહી માઅવહા''માં છે.

પૈગમ્બરોનાં સ્વપ્ન સાચાં હોય છે જેવું કે હદીષ શરીફમાં વર્ણવાયું છે કે નબીઓનું સ્વપ્ન વહી હોય છે. (તફસીરે અબૂ સઉદ, કબીર, મદારિક, ઝુરકાની અલલ મવાહિબ વિગેરે)

૧૫૯. અર્થાત રસૂલ પરદાની પાછળ રહીને તેનું કલામ (વાતો) સાંભળે. આ રીતની વહીમાં પણ કોઇ વાસ્તો (વચલી કળી) નથી પરંતુ આ હાલતમાં સાંભળનારને બોલનારનો દીદાર થતો નથી. હઝરત મૂસા અલયહિસ્સલામ આ રીતના કલામથી જ પાવન થયા હતા.

**શાને નુઝૂલ** : યહૂદીઓએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું હતું કે જો આપ નબી હોવ તો અલ્લાહ તઆલા સાથે વાત કરતી વખતે તેને દેખતા કેમ નથી જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામ દેખતા

الزخرف ٤٣ — اليه يرد ٢٥

وَلَئِنْ سَأَلْتَهُمْ مَنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْأَرْضَ لَيَقُوْلُنَّ
خَلَقَهُنَّ الْعَزِيْزُ الْعَلِيْمُ ٩ الَّذِيْ جَعَلَ لَكُمُ الْأَرْضَ
مَهْدًا وَّجَعَلَ لَكُمْ فِيْهَا سُبُلًا لَّعَلَّكُمْ تَهْتَدُوْنَ ١٠ وَالَّذِيْ
نَزَّلَ مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ فَأَنْشَرْنَا بِهٖ بَلْدَةً مَّيْتًا
كَذٰلِكَ تُخْرَجُوْنَ ١١ وَالَّذِيْ خَلَقَ الْأَزْوَاجَ كُلَّهَا
وَجَعَلَ لَكُمْ مِّنَ الْفُلْكِ وَالْأَنْعَامِ مَا تَرْكَبُوْنَ ١٢ لِتَسْتَوٗا
عَلٰى ظُهُوْرِهٖ ثُمَّ تَذْكُرُوْا نِعْمَةَ رَبِّكُمْ إِذَا اسْتَوَيْتُمْ عَلَيْهِ
وَتَقُوْلُوْا سُبْحٰنَ الَّذِيْ سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ مُقْرِنِيْنَ ١٣
وَإِنَّآ إِلٰى رَبِّنَا لَمُنْقَلِبُوْنَ ١٤ وَجَعَلُوْا لَهٗ مِنْ عِبَادِهٖ
جُزْءًا إِنَّ الْإِنْسَانَ لَكَفُوْرٌ مُّبِيْنٌ ١٥ أَمِ اتَّخَذَ مِمَّا
يَخْلُقُ بَنٰتٍ وَّأَصْفٰكُمْ بِالْبَنِيْنَ ١٦ وَإِذَا بُشِّرَ

**અને જો આપ એમને પૂછો[૧૭૩] કે, 'આકાશો અને પૃથ્વી કોણે બનાવ્યાં ?' તો કહેશે કે, 'એમને તે ઇજ્જતવાળા ઇલ્મવાળાએ બનાવ્યાં'[૧૭૪] (૯) તે જેણે તમારા માટે ધરતીને પથારી બનાવી અને તમારા માટે એમાં માર્ગો બનાવ્યા કે જેથી તમે રસ્તો મેળવો[૧૭૫] (૧૦) અને તે જેણે આકાશમાંથી પાણી ઉતાર્યું એક અંદાજા મુજબ[૧૭૬] તો અમે તેનાથી એક મૃત શહેર જીવંત કર્યું. તમે પણ એવી રીતે જ કાઢવામાં (કબરોમાંથી) આવશો[૧૭૭] (૧૧) અને જેણે બધાં જોડાંઓ બનાવ્યાં[૧૭૮] અને તમારા માટે વહાણો અને જાનવરોમાંથી અસ્વારીઓ બનાવી (૧૨) કે તમે તેમની પીઠો પર બરાબર બેસો[૧૭૯] પછી પોતાના રબની નેઅમતને યાદ કરો જ્યારે કે તેના પર સારી રીતે બેસી જાવ અને એવું કહો, 'પવિત્રતા છે તેને જેણે આ સવારીને અમારા તાબે કરી આપી અને એ અમારા કાબૂની ન હતી (૧૩) અને બેશક ! અમારે અમારા પરવરદિગાર તરફ પાછું જવાનું છે[૧૮૦], (૧૪) અને તેના માટે બંદાઓમાંથી ભાગ ઠેરવ્યો ?[૧૮૧] બેશક ! માનવી[૧૮૨] ખુલ્લો નગુણો છે[૧૮૩] (૧૫) શું તેણે પોતાના માટે પોતાની મખ્લૂકમાંથી પુત્રીઓ પસંદ કરી અને તમને પુત્રોની વિશેષતા આપી ?[૧૮૪] (૧૬) અને જ્યારે એમનામાંથી કોઇને તે વસ્તુની[૧૮૫]**

હતા ? ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી.

**મસઅલો** : અલ્લાહ તઆલા એનાથી પાક છે કે તેના માટે કોઇ એવો પરદો હોય જેવો કે શરીરો માટે હોય છે એ પરદાનો મતલબ એ છે કે સાંભળનાર દુનિયામાં તેને દેખી શકતો નથી.

૧૬૦. આ રીતની વહીમાં રસૂલ તરફ ફરિશ્તાની કળી હોય છે.

૧૬૧. અય સય્યિદે આલમ ખાતિમુલ મુરસલીન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૧૬૨. અર્થાત કુરઆન મજીદ જે હૃદયોમાં જીવન જન્માવે છે.

૧૬૩. અર્થાત કુરઆન શરીફને.

૧૬૪. અર્થાત દીને ઇસ્લામ.

૧૬૫. જે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ માટે નક્કી કર્યો છે.

૧૬૬. સૂરએ ઝુખરૂફ મક્કીય્યહ છે. આ સૂરહમાં ૭ રૂકૂઅ ૮૯ આયતો અને ૩૪૦૦ અક્ષરો છે.

૧૬૭. અર્થાત કુરઆને પાકના જેમાં હિદાયત અને ગુમરાહીના માર્ગો અલગ અલગ કરી દેવાયા છે અને ઉમ્મતની બધી જ શરઇ જરૂરતોનું વર્ણન કરી દેવામાં આવ્યુ.

૧૬૮. તેના માયનાઓ અને આદેશોને.

૧૬૯. મૂળ કિતાબ એટલે 'લવહે મહફૂઝ' જેમાં કુરઆને કરીમ આલેખાએલું છે.

૧૭૦. અર્થાત કુફ્રમાં તમારા હદથી આગળ વધી જવાના કારણે શું અમે તમને બેકાર છોડી દઇએ અને તમારા તરફથી કુરઆનની વહીનું રૂખ (સંબોધન) ફેરવી લઇએ અને તમને હુકમો મનાઇ હુકમો કશું

કહીએ નહિ ? મતલબ એ છે કે અમે એવું નહિ કરીએ. હઝરત કતાદા રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે : ખુદાની કસમ ! જો આ કુરઆન મજીદ ઉઠાવી લેવામાં આવત તે સમયે જ્યારે કે આ ઉમ્મતના આગલા લોકોએ એનાથી મોઢું ફેરવી લીધું હતું તો તે બધાનો જ વિનાશ કરી નાખવામાં આવત, પરંતુ તેણે પોતાની કૃપા અને મહેરબાનીથી આ કુરઆન ઉતારવાનું ચાલુ રાખ્યું.

૧૭૧. જેવું કે આપની કોમના લોકો કરે છે કાફિરોની આ રીત પ્રથમથી જ ચાલી આવે છે.

૧૭૨. અને પ્રત્યેક પ્રકારનું જોર અને તાકાત ધરાવતા હતા, આપની ઉમ્મતના લોકો જેઓ આગલા કાફિરોની ચાલ ચાલે છે તેમણે ડરવું જોઇએ કે ક્યાંક એમનું પરિણામ પણ તેવું આવે નહિ જેવું તેમનું આવ્યું હતું કે અપમાન અને ફજેતીની સજાઓ વડે બરબાદ કરી દેવાયા.

૧૭૩. અર્થાત મુશરિકોને.

૧૭૪. અર્થાત એકરાર કરશે કે આકાશ અને પૃથ્વીને અલ્લાહ તઆલાએ બનાવ્યાં અને એવો એકરાર પણ કરશે કે તે ઇજ્જતવાળો અને ઇલ્મવાળો છે. આવા એકરાર છતાં હશ્રનો ઇન્કાર કરવો એ કેવી હદ દરજ્જાની અજ્ઞાનતા છે. એ પછી અલ્લાહ તઆલા પોતાની કુદરતને જાહેર કરવા માટે પોતાના (બીજા) સર્જનોનું વર્ણન કરે છે અને પોતાની શાનના ગુણોનું બયાન કરે છે.

૧૭૫. સફરોમાં પોતાની મંઝિલો અને મકસદો તરફ.

૧૭૬. તમારી જરૂરિયાતો મુજબ. એટલુ ઓછું પણ નહિ કે જેનાથી તમારી જરૂરિયાત પુરી થાય નહિ અને એટલું વિપુલ પણ નહિ કે કવમે નૂહની જેમ તમને ડૂબાડી દે.

૧૭૭. પોતાની કબરોમાંથી જીવતા થઇને.

૧૭૮. અર્થાત તમામ પ્રકાર અને જાતીના. કહેવામાં આવ્યુ છે કે અલ્લાહ તઆલા એકલો છે તે વિરૂદ્ધ જાતી અને જોડાથી પાક છે, તેના સિવાય સૃષ્ટિમાં જે કંઇ છે તેનું જોડુ છે.

૧૭૯. જમીન અને દરિયાની સફરમાં.

૧૮૦. અંતે મુસ્લિમ શરીફની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જ્યારે સફરમાં જતા ત્યારે પોતાની ઊંટણી પર સવાર થતી વખતે પહેલાં અલ્હમ્દુ લિલ્લાહ પઢતા, ‘સુબ્હાનલ્લઝી સખ્ખર લના હાઝા વમા કુન્ના લહુ મુકરેનીન વ ઇન્ના ઇલા રબ્બેના લમુન્કલિબૂન’ અને ત્યાર પછી બીજી દુઆઓ પઢતા. અને જ્યારે હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વહાણમાં બેસતા ત્યારે કહેતા, ‘બિસ્મિલ્લાહે મજરેહા વમુરસાહા ઇન્ન રબ્બી લગફુરૂર-રહીમ.’

૧૮૧. અર્થાત કાફિરોએ આકાશ પૃથ્વીનો સર્જક અલ્લાહ છે એવો ઇકરાર કર્યા પછી પણ એ જુલમ કર્યો કે ફરિશ્તાઓને અલ્લાહ તઆલાની પુત્રીઓ કહ્યું. અને ઔલાદ ઔલાદવાળાનો એક ટુકડો હોય છે તો જાલિમોએ (એવું કહીને) અલ્લાહ તઆલા માટે એક ભાગ (ટુકડો) છે એવું કહ્યું. આ કેટલો મહાન જુલ્મ છે ?

૧૮૨. જે આવી વાતોને માને છે.

૧૮૩. તેનું કુફ્ર જાહેર છે.

૧૮૪. ઉતરતી કક્ષાનું પોતાના માટે અને ઊંચી જાતનું તમારા માટે ? કેવા જાહિલ છો શું બકો છો ?

૧૮૫. અર્થાત પુત્રીની કે તારા ઘેર પુત્રી જન્મી છે.

૧૮૬. કે મુઆઝલ્લાહ તેને પુત્રીઓ છે.

أَحَدُهُمْ بِمَا ضَرَبَ لِلرَّحْمَٰنِ مَثَلًا ظَلَّ وَجْهُهُ مُسْوَدًّا
وَهُوَ كَظِيمٌ ﴿١٧﴾ أَوَمَنْ يُنَشَّأُ فِي الْحِلْيَةِ وَهُوَ فِي
الْخِصَامِ غَيْرُ مُبِينٍ ﴿١٨﴾ وَجَعَلُوا الْمَلَائِكَةَ الَّذِينَ هُمْ
عِبَادُ الرَّحْمَٰنِ إِنَاثًا ۚ أَشَهِدُوا خَلْقَهُمْ ۚ سَتُكْتَبُ
شَهَادَتُهُمْ وَيُسْأَلُونَ ﴿١٩﴾ وَقَالُوا لَوْ شَاءَ الرَّحْمَٰنُ مَا
عَبَدْنَاهُمْ ۗ مَا لَهُمْ بِذَٰلِكَ مِنْ عِلْمٍ ۖ إِنْ هُمْ إِلَّا يَخْرُصُونَ ﴿٢٠﴾ منزل
أَمْ آتَيْنَاهُمْ كِتَابًا مِنْ قَبْلِهِ فَهُمْ بِهِ مُسْتَمْسِكُونَ ﴿٢١﴾
بَلْ قَالُوا إِنَّا وَجَدْنَا آبَاءَنَا عَلَىٰ أُمَّةٍ وَإِنَّا عَلَىٰ آثَارِهِمْ
مُهْتَدُونَ ﴿٢٢﴾ وَكَذَٰلِكَ مَا أَرْسَلْنَا مِنْ قَبْلِكَ فِي
قَرْيَةٍ مِنْ نَذِيرٍ إِلَّا قَالَ مُتْرَفُوهَا إِنَّا وَجَدْنَا آبَاءَنَا
عَلَىٰ أُمَّةٍ وَإِنَّا عَلَىٰ آثَارِهِمْ مُقْتَدُونَ ﴿٢٣﴾ قَالَ

**ખુશખબર આપવામાં આવે જેનો સંબંધ તે રહમાન સાથે જોડે છે[૧૮૬] તો આખો દિવસ તેનું મોઢું કાળુ રહે અને ચિંતા મગ્ન રહે[૧૮૭] (૧૭) અને શું[૧૮૮] તે જે ઘરેણાંઓમાં ઉછરે[૧૮૯] અને ચર્ચામાં સ્પષ્ટ વાત કરે નહિ ?[૧૯૦] (૧૮) અને તેઓએ ફરિશ્તાઓને જેઓ કે રહમાનના બંદાઓ છે સ્ત્રીઓ ઠેરવી લીધી ?[૧૯૧] શું તેમના સર્જન સમયે એ લોકો હાજર હતા ?[૧૯૨] હવે એમની સાક્ષી લખી લેવામાં આવશે[૧૯૩] અને તેમની પાસે જવાબ મંગાશે.[૧૯૪] (૧૯) અને બોલ્યા, 'જો રહમાન ઇચ્છત તો અમે એમને પૂજત નહિ[૧૯૫] તેઓને એની હકીકતની કશી જ ખબર નથી,[૧૯૬] આમ જ કયાસો બાંધે છે[૧૯૭] (૨૦) અથવા એનાથી પહેલાં (શું) અમે તેમને કોઇ કિતાબ આપી છે જેને તેઓએ પકડી રાખી છે ?[૧૯૮] (૨૧) બલ્કે બોલ્યા, 'અમે અમારા બાપ-દાદાઓને એક ધર્મ પર જોયા અને અમે તેમના પગલે ચાલી રહ્યા છીએ'[૧૯૯] (૨૨) અને આવી રીતે જ અમે જ્યારે તમારાથી પહેલાં જ્યારે કોઇ શહેરમાં કોઇ ડર સંભળાવનાર મોકલ્યો (ત્યારે) ત્યાંના માલદારોએ કહ્યું, 'અમે અમારા પૂર્વજોને એક ધર્મ પર જોયા અને અમે તેમના પગલે ચાલી રહ્યા છીએ'[૨૦૦] (૨૩) નબીએ કહ્યું : 'અને હું તમારી પાસે તે[૨૦૧] લાવું જે સીધો રસ્તો**

૧૮૭. અને પુત્રીના જન્મને એટલો અણગમતો ગણે. તેમ છતાં અલ્લાહ તઆલા માટે પુત્રીઓ બતાવે છે. મુઆઝલ્લાહ.

૧૮૮. કાફિરો અલ્લાહ તઆલા માટે ઔલાદના પ્રકારમાંથી જે ઠેરવે છે તે.

૧૮૯. અર્થાત ઘરેણાંઓના શણગારમાં નાઝ નખરા સાથે ઉછરે.

**ફાયદો** : આથી જણાયું કે ઘરેણાંઓનો શણગાર (પુરૂષત્વ માટે) એબરૂપ છે તેથી પુરૂષોએ એનાથી બચવું જોઇએ પરહેઝગારી વડે પોતાને શણગારે. પછી આગળ આયતમાં છોકરીની એક વધુ કમજોરી જાહેર કરવામાં આવે છે.

૧૯૦. અર્થાત પોતાની અશક્તિ અને ઓછી બુધ્ધિના કારણે. હઝરત કતાદા રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું છે કે, સ્ત્રી જ્યારે વાત કરે છે અને પોતાની વાતના ટેકામાં જ્યારે કોઇ દલીલ રજુ કરવા ઇચ્છે છે ત્યારે ઘણી વખત એવું બને છે કે પોતાની વિરૂદ્ધ દલીલ રજુ કરી બેસે છે.

૧૯૧. સારાંશ એ કે ફરિશ્તાઓને અલ્લાહની દીકરીઓ કહેવામાં બેદીન લોકોએ ત્રણ કુફ્ર કર્યાં, એક તો અલ્લાહ તઆલા તરફ ઔલાદનો સંબંધ જોડવો, બીજું એ તુચ્છ વસ્તુ તેના માટે કહેવી જેને તેઓ પોતે પણ તુચ્છ સમજે છે અને પોતાના માટે પસંદ કરતા નથી. ત્રીજું ફરિશ્તાઓનું અપમાન તેમને દીકરીઓ કહી. (મદારિક) હવે તેમનું રદ કરવામાં આવે છે.

૧૯૨. ફરિશ્તાઓનું નર કે નારી હોવું એ કોઇ એવી બાબત તો છે નહિ કે જેના વિષે અકલી દલીલ કાયમ કરવામાં આવે અને તેમની પાસે કોઇ ખબર પણ (અલ્લાહ તરફથી) આવી નથી. તો કાફિરો જે

الزخرف ٤٣ — اليه يرد ٢٥

اَوَلَوْ جِئْتُكُمْ بِاَهْدٰى مِمَّا وَجَدْتُّمْ عَلَيْهِ اٰبَآءَكُمْ
قَالُوْٓا اِنَّا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ كٰفِرُوْنَ ﴿٢٤﴾ فَانْتَقَمْنَا مِنْهُمْ
فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿٢٥﴾ وَاِذْ قَالَ
اِبْرٰهِيْمُ لِاَبِيْهِ وَقَوْمِهٖٓ اِنَّنِيْ بَرَآءٌ مِّمَّا تَعْبُدُوْنَ ﴿٢٦﴾
اِلَّا الَّذِيْ فَطَرَنِيْ فَاِنَّهٗ سَيَهْدِيْنِ ﴿٢٧﴾ وَجَعَلَهَا كَلِمَةً
بَاقِيَةً فِيْ عَقِبِهٖ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٢٨﴾ بَلْ مَتَّعْتُ
هٰٓؤُلَآءِ وَاٰبَآءَهُمْ حَتّٰى جَآءَهُمُ الْحَقُّ وَرَسُوْلٌ مُّبِيْنٌ ﴿٢٩﴾ وَلَمَّا
جَآءَهُمُ الْحَقُّ قَالُوْا هٰذَا سِحْرٌ وَّاِنَّا بِهٖ كٰفِرُوْنَ ﴿٣٠﴾ وَقَالُوْا
لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰى رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ
عَظِيْمٍ ﴿٣١﴾ اَهُمْ يَقْسِمُوْنَ رَحْمَتَ رَبِّكَ نَحْنُ قَسَمْنَا بَيْنَهُمْ
مَّعِيْشَتَهُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَرَفَعْنَا بَعْضَهُمْ فَوْقَ بَعْضٍ

**હોય તેના કરતાં[૨૦૨] જેના પર તમારા બાપ-દાદાઓ હતા, તો પણ ?' બોલ્યા, 'જે કંઇ તમે લઇને મોકલવામાં આવ્યા અમે તેને માનતા નથી'[૨૦૩] (૨૪) તો અમે તેમની પાસેથી બદલો લીધો[૨૦૪] તો જુઓ જૂઠાડનારાઓનું કેવું પરિણામ થયું (૨૫) અને જ્યારે ઇબ્રાહીમે પોતાના બાપ અને પોતાની કોમને કહ્યું, 'હું તમારા મઅબૂદોથી અલિપ્ત છું, (૨૬) તેના સિવાય જેણે મને પેદા કર્યો કે અવશ્ય તે મને ખૂબ જલ્દી માર્ગ દેખાડશે' (૨૭) અને એણે (એ વાતને)[૨૦૫] પોતાના વંશમાં બાકી કલામ (ચાલી આવતી રૂઢી) તરીકે રાખ્યું[૨૦૬] કે ક્યાંક તેઓ પાછા ફરે[૨૦૭] (૨૮) બલ્કે મેં તેમને[૨૦૮] અને તેમના પૂર્વજોને દુનિયાના લાભો આપ્યા[૨૦૯] એટલે સુધી કે તેમની પાસે સત્ય[૨૧૦] અને સ્પષ્ટ કહેનાર રસૂલ પધાર્યા[૨૧૧] (૨૯) અને જ્યારે તેમની પાસે સત્ય આવ્યું (ત્યારે) બોલ્યા, 'આ તો જાદૂ છે અને અમે તેને નકારીએ છીએ' (૩૦) અને બોલ્યા, 'આ કુરઆન આ બે શહેરો[૨૧૨]ના કોઇ માટો માણસ પર[૨૧૩] કેમ ઉતારવામાં આવ્યું નહિ ?' (૩૧) શું તમારા રબની કૃપા તેઓ વહેંચે છે ?[૨૧૪] અમે તેમને તેમના જીવનનો સામાન દુનિયાના જીવનમાં વહેંચ્યો[૨૧૫] અને એમનામાં એકને બીજા પર કેટલાએ દરજ્જા મોટાઇ આપી[૨૧૬] કે (જેથી) પરસ્પર એક બીજાની**

એમને નારી જાતી કહે છે તેમની જાણકારીનું સાધન શું છે ? શું તેમના સર્જન ટાણે તેઓ ત્યાં હાજર હતા ? અને તેમણે આંખો વડે જોઇ લીધું છે ? જ્યારે એવું પણ નથી તો (સાબિત થયું કે) માત્ર જહાલત અને ગુમરાહીની વાત છે.

૧૯૩. અર્થાત કાફિરોનું ફરિશ્તાઓ માટે નારી હોવાનું કહેવું લખી લેવામાં આવશે.

૧૯૪. આખેરતમાં અને એની સજા આપવામાં આવશે. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કાફિરોને પૂછયું કે, તમે ફરિશ્તાઓને અલ્લાહની દીકરીઓ કેવી રીતે કહો છો ? તમારી જાણકારીનું સાધન શું છે ? તેમણે કહ્યું કે, અમે અમારા બાપ-દાદાઓ પાસેથી સાંભળ્યું છે અને અમે (એની) ગવાહી આપીએ છીએ કે તેઓ સાચા હતા. આ ગવાહીને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે લખી લેવામાં આવશે. અને એનો જવાબ માંગવામાં આવશે.

૧૯૫. અર્થાત ફરિશ્તાઓને, મતલબ એ હતો કે જો ફરિશ્તાઓને પૂજવાથી અલ્લાહ તઆલા ખુશ ન હોત તો અમારા પર અઝાબ ઉતારત અને જ્યારે અઝાબ આવ્યો નહિ તેથી અમે સમજીએ છીએ કે તેની ઇચ્છા એવી જ છે. આ એવી વાત તેમણે કહી જેનાથી સાબિત થતું હતું કે દુનિયામાં જે બધા ગુન્હાઓ થાય છે તેનાથી અલ્લાહ તઆલા રાજી છે. અલ્લાહ તઆલા તેમનું જૂઠ જાહેર કરે છે...

૧૯૬. અને અલ્લાહની ખુશીને સમજતા જ નથી.

૧૯૭. જૂઠ બકે છે.

૧૯૮. અને તેમાં ખુદા સિવાય અન્યની ઇબાદત કરવાની પરવાનગી હોય. એવું તો નથી, એ ખોટું છે. અને એ સિવાય પણ એમની પાસે કોઇ દલીલ નથી.

الزخرف ٤٣ — اليه يرد ٢٥

دَرَجٰتٍ لِّيَتَّخِذَ بَعْضُهُمْ بَعْضًا سُخْرِيًّا ۗ وَرَحْمَتُ رَبِّكَ
خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿٣٢﴾ وَلَوْلَآ اَنْ يَّكُوْنَ النَّاسُ اُمَّةً
وَّاحِدَةً لَّجَعَلْنَا لِمَنْ يَّكْفُرُ بِالرَّحْمٰنِ لِبُيُوْتِهِمْ سُقُفًا مِّنْ
فِضَّةٍ وَّمَعَارِجَ عَلَيْهَا يَظْهَرُوْنَ ﴿٣٣﴾ وَلِبُيُوْتِهِمْ اَبْوَابًا وَّ
سُرُرًا عَلَيْهَا يَتَّكِـُٔوْنَ ﴿٣٤﴾ وَزُخْرُفًا ۗ وَاِنْ كُلُّ ذٰلِكَ لَمَّا
مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۗ وَالْاٰخِرَةُ عِنْدَ رَبِّكَ لِلْمُتَّقِيْنَ ﴿٣٥﴾
وَمَنْ يَّعْشُ عَنْ ذِكْرِ الرَّحْمٰنِ نُقَيِّضْ لَهٗ شَيْطٰنًا فَهُوَ
لَهٗ قَرِيْنٌ ﴿٣٦﴾ وَاِنَّهُمْ لَيَصُدُّوْنَهُمْ عَنِ السَّبِيْلِ وَ
يَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ ﴿٣٧﴾ حَتّٰۤى اِذَا جَآءَنَا قَالَ يٰلَيْتَ
بَيْنِيْ وَبَيْنَكَ بُعْدَ الْمَشْرِقَيْنِ فَبِئْسَ الْقَرِيْنُ ﴿٣٨﴾ وَلَنْ
يَّنْفَعَكُمُ الْيَوْمَ اِذْ ظَّلَمْتُمْ اَنَّكُمْ فِى الْعَذَابِ مُشْتَرِكُوْنَ ﴿٣٩﴾

**હાંસી ઉડાવે.[૨૧૭] અને તમારા રબની મહેરબાની[૨૧૮] તેમના ભંડારો કરતાં સારી[૨૧૯] (૩૨) અને જો એવું ન હોત કે બધા જ લોકો એક ધર્મ પર એકઠા થઇ જાત[૨૨૦] તો જરૂર અમે રહમાનને નકારનારાઓ માટે ચાંદીના છાપરાંઓ અને દાદરો બનાવત જેના પર (તેઓ) ચઢત (૩૩) અને તેમના ઘરો માટે ચાંદીના બારણાંઓ અને ચાંદીના સિંહાસનો (બનાવત) જેના પર (તેઓ) તકિયાઓ (વડે) આઢેલત (૩૪) અને જાત જાતનો શણગાર[૨૨૧] અને એ જે કંઇ છે અસબાબ છે જીવતી દુનિયાનો અને આખેરત તમારા પરવરદિગાર પાસે પરહેઝગારો માટે છે[૨૨૨] (૩૫) અને રહમાનની યાદથી[૨૨૩] જેની આંખોએ છારી વળે અમે તેના માટે એક શયતાન નિયુક્ત કરીએ (છીએ) કે તે તેનો સાથીદાર (બની રહે (૩૬) અને બેશક! તે શયતાનો તેમને[૨૨૪] માર્ગથી રોકે છે અને [૨૨૫] સમજે એવું છે કે તેઓ (ખરા) રસ્તા પર છે (૩૭) એટલે સુધી કે જ્યારે[૨૨૬] કાફિર અમારી પાસે આવશે (ત્યારે) પોતાના શયતાનને કહેશે, 'હાય! કોઇ રીતે મારી તારી વચ્ચે પૂર્વ પશ્ચિમ જેટલું અંતર હોત, અને તુ કેટલો ખરાબ સાથીદાર છે'. (૩૮) અને કદાપી તમારૂં એનાથી[૨૨૭] ભલું થશે નહિ આજે, જ્યારે કે[૨૨૮] તમે જુલ્મ કર્યો, કે તમે બધા અઝાબમાં ભાગીદાર છો (૩૯)**

૧૯૯. આંખો મીંચીને વગર વિચાર્યે તેમનું અનુકરણ કરીએ છીએ તેઓ (પણ) મખ્લૂકની પૂજા કરતા હતા. મતલબ એ છે કે આ કામની એ સિવાય બીજી કોઇ દલીલ નથી કે આ કામ તેઓ બાપ-દાદાના અનુકરણમાં કરે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે એમનાથી પહેલાં પણ એવું જ કહેતા હતા.

૨૦૦. એનાથી જણાયું કે આંખો મીચીને પૂર્વજોનું અનુકરણ કરવું કાફિરોની પૂરાણી રીત છે અને તેમને એટલી પણ સમજ નથી કે કોઇનું પણ અનુસરણ કરતી વખતે એ જોવું જરૂરી છે કે તે સીધા રસ્તે હોય.

૨૦૧. સાચો દીન.

૨૦૨. અર્થાત (તમારા) આ ધર્મથી.

૨૦૩. ભલે તમારો દીન સત્ય અને ખરો હોય અમે અમારા બાપ-દાદાઓનો ધર્મ ત્યજવાના નથી તે ગમે તેવો હોય તો પણ એ બાબત અલ્લાહ તઆલા ફરમાવે છે...

૨૦૪. અર્થાત રસૂલોને નહિ માનનાર અને એમને જૂઠાડનારાઓ પાસેથી.

૨૦૫. અર્થાત હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે પોતાની આ તવહીદવાળી વાતને (પોતાના વંશમાં ચાલુ રાખી) જે તેમણે કહી હતી કે, હું તમારા મઅબૂદોથી અલિપ્ત છું સિવાય તેનાં જેણે મને પેદા કર્યો.

૨૦૬. તેથી આપની ઔલાદમાં એક ખુદાને માનનાર અને એના તરફ લોકોને બોલાવનાર હમેશાં (ચાલુ) રહેશે.

૨૦૭. શિર્ક (કરવા)થી અને આ સત્ય ધર્મ સ્વીકારે.

અહીં હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની વાત ઉલ્લેખવા પાછળ એ બાબતની સૂચના છે કે અય મક્કાવાસીઓ! જો તમારે તમારા પુર્વજોના પગલે જ ચાલવું હોય તો તેમનામાં જે સર્વોત્તમ છે એટલે કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ તેમના પગલે ચાલો અને શિર્કને છોડી દો. અને એ પણ જુઓ કે જ્યારે તેમણે (હઝરત ઇબ્રાહીમે) પોતાના બાપ અને પોતાની કોમને સીધા રસ્તે જોયા નહીં ત્યારે તેમનાથી અલિપ્તતાની જાહેરાત કરી દીધી એનાથી જણાયું કે જે પૂર્વજો સીધા માર્ગે હોય અને સત્ય ધર્મ ધરાવતા હોય તેમનું અનુસરણ કરવું જોઇએ અને જે અસત્ય અને ગુમરાહીમાં હોય તેમના તરીકાથી અલિપ્તતા જાહેર કરી દેવી જોઇએ.

૨૦૮. અર્થાત મક્કાના કાફિરોને.

૨૦૯. લાંબા આયુષ્યો આપ્યાં અને તેમનાં કુફ્રના કારણે તેમની ઉપર અઝાબ ઉતારવામાં ઉતાવળ કરી નહિ.

૨૧૦. અર્થાત કુરઆન શરીફ.

૨૧૧. અર્થાત સૈયિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ખૂબ જ સ્પષ્ટ આયતો અને મુઅજિઝાઓ સાથે પધાર્યા અને શરીઅતના હુકમો આપે ખુલ્લી રીતે વર્ણવી દીધા. અને અમારા આ ઇનામનો હક એ હતો કે તે રસૂલને અનુસરત પણ તેમણે એવું કર્યું નહિ.

૨૧૨. મક્કા મુકર્રમા અને તાઇફ.

૨૧૩. જે ખૂબ માલદાર અને સંખ્યાબળવાળો હોય. જેમકે મક્કા મુકર્રમામાં વલીદ બિન મુગીરહ અને તાઇફમાં ઉરવહ બિન મસઊદ સકફી અલ્લાહ તઆલા તેમની એ વાતને રદીયો આપે છે...

૨૧૪. અર્થાત શું નબુવ્વતની કુંચીઓ તેમના હાથોમાં છે કે જેને ઇચ્છે તેને આપે? કેટલી જહાલતની વાત છે.

૨૧૫. તો કોઇને માલદાર બનાવ્યો અને કોઇને ગરીબ કોઇને બળવાન બનાવ્યો કોઇને કમજોર. સૃષ્ટિમાં કોઇ પણ અમારા હુકમને બદલવાની કે અમારી સત્તાની બહાર નીકળી જવાની તાકત ધરાવતું નથી, તો જ્યારે દુનિયા જેવી અલ્પ વસ્તુમાં કોઇને વાંધો લેવાની હિમ્મત નથી તો પછી નબુવ્વત જેવી ઊંચી પદવી બાબત કોઇને દમ મારવાની શું મજાલ? અમે જેને ઇચ્છીએ છીએ તેને માલદાર કરીએ છીએ જેને ઇચ્છીએ તેને તાબેદાર બનાવીએ છીએ જેને ચાહીએ તેને ગરીબ બનાવીએ છીએ જેને ચાહીએ તેને માલિક બનાવીએ છીએ અને જેને ચાહીએ તેને નબી બનાવીએ છીએ જેને ઇચ્છીએ તેને ઉમ્મતી બનીવીએ છીએ. શું કોઇ પોતાની આવડતથી અમીર બને છે? અમારી દેણ છે જેને જે ઇચ્છીએ તેને તે આપીએ.

૨૧૬. તાકાત અને દૌલત વિગેરે દુનિયાની નેઅમતોમાં.

૨૧૭. અર્થાત માલદાર ગરીબની હાંસી ઉડાવે. આ કરતબીની તફસીર અનુસાર છે. અને બીજા તફસીરકારોએ 'સુખરિય્યા'ને હાંસી ઉડાડવાના અર્થમાં નથી લીધું બલ્કે કાર્યોને તાબે કરવાના અર્થમાં લીધું છે, એ રીતે માયના એ થશે કે અમે દૌલત અને માલમાં લોકોને અલગ અલગ તબક્કાઓમાં વહેંચી દીધા છે જેથી એક બીજાની સેવા દૌલત દ્વારા મેળવી શકે અને દુનિયાની વ્યવસ્થા મજબૂત બને ગરીબને રોજગાર મળે અને માલદારોને કામદારો મળી રહે તો એ બાબત કોણ વાંધો લઇ શકે છે? કે ફલાણાને શા માટે માલદાર બનાવ્યો અને ફલાણાને કેમ ગરીબ રાખ્યો. અને જ્યારે દુનિયાની બાબતોમાં કોઇ દમ મારી શકતું નથી તો પછી નબુવ્વત જેવા ઊંચા મરતબા વિષે વાંધો ઉઠાવવાની શી મજાલ? તેની મરજી છે જેને ઇચ્છે તેને

أَفَأَنْتَ تُسْمِعُ الصُّمَّ أَوْ تَهْدِي الْعُمْيَ وَمَنْ كَانَ فِي
ضَلَالٍ مُبِينٍ ﴿٤٠﴾ فَإِمَّا نَذْهَبَنَّ بِكَ فَإِنَّا مِنْهُمْ مُنْتَقِمُونَ ﴿٤١﴾
أَوْ نُرِيَنَّكَ الَّذِي وَعَدْنَاهُمْ فَإِنَّا عَلَيْهِمْ مُقْتَدِرُونَ ﴿٤٢﴾
فَاسْتَمْسِكْ بِالَّذِي أُوحِيَ إِلَيْكَ ۖ إِنَّكَ عَلَىٰ صِرَاطٍ
مُسْتَقِيمٍ ﴿٤٣﴾ وَإِنَّهُ لَذِكْرٌ لَكَ وَلِقَوْمِكَ ۖ وَسَوْفَ تُسْأَلُونَ ﴿٤٤﴾
وَاسْأَلْ مَنْ أَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رُسُلِنَا أَجَعَلْنَا
مِنْ دُونِ الرَّحْمَٰنِ آلِهَةً يُعْبَدُونَ ﴿٤٥﴾ وَلَقَدْ أَرْسَلْنَا
مُوسَىٰ بِآيَاتِنَا إِلَىٰ فِرْعَوْنَ وَمَلَئِهِ فَقَالَ إِنِّي رَسُولُ
رَبِّ الْعَالَمِينَ ﴿٤٦﴾ فَلَمَّا جَاءَهُمْ بِآيَاتِنَا إِذَا هُمْ مِنْهَا
يَضْحَكُونَ ﴿٤٧﴾ وَمَا نُرِيهِمْ مِنْ آيَةٍ إِلَّا هِيَ أَكْبَرُ مِنْ
أُخْتِهَا ۖ وَأَخَذْنَاهُمْ بِالْعَذَابِ لَعَلَّهُمْ يَرْجِعُونَ ﴿٤٨﴾

**તો શું તમે બહેરાઓને સંભળાવશો ?[૨૨૯] અથવા આંધળાઓને રસ્તો દેખાડશો ?[૨૩૦] અને તેમને જેઓ ખુલ્લી ગુમરાહીમાં છે ?[૨૩૧] (૪૦) તો જો અમે તમને લઇ જઇએ[૨૩૨] તો એમની પાસેથી અમે જરૂર બદલો લઇશું[૨૩૩] (૪૧) અથવા તમને દેખાડીએ[૨૩૪] (તે વસ્તુ) જેનો અમે તેમને વાયદો આપ્યો છે, તો અમે તેમની ઉપર મહા શક્તિશાળી છીએ (૪૨) તો જે તમારી તરફ વહી કરવામાં આવી છે[૨૩૫] તેને મજબૂત પકડી રાખો, બેશક ! તમે સીધા માર્ગે છો (૪૩) અને બેશક ! તે[૨૩૬] તમારા માટે સન્માન છે[૨૩૭] અને તમારી કોમ માટે.[૨૩૮] અને નજીકમાં જ તમને પૂછવામાં આવશે[૨૩૯] (૪૪) અને તેમને પૂછો જે અમે તમારાથી પહેલાં રસૂલો મોકલ્યા, શું અમે રહમાન સિવાય અમુક બીજા ખુદા ઠેરવ્યા (છે) જેમને પૂજો ?[૨૪૦] (૪૫) અને બેશક ! અમે મૂસાને પોતાની નિશાનીઓ સાથે ફિરઔન અને તેના સાથીદારો તરફ મોકલ્યો તો તેણે કહ્યું, 'બેશક ! હું તેનો રસૂલ છું જે સારાય જગતનો માલિક છે' (૪૬) પછી જ્યારે તે તેમની પાસે અમારી નિશાનીઓ લાવ્યો[૨૪૧] ત્યારે જ તે તેમની હાંસી ઉડાડવા લાગ્યા[૨૪૨] (૪૭) અને અમે તેમને જે નિશાની દેખાડતા તે આગલી કરતા મોટી હતી,[૨૪૩] અને અમે તેમને મુસીબતમાં સપડાવ્યા કે તેઓ પાછા ફરે[૨૪૪] (૪૮)**

પાવન કરે.

૨૧૮. અર્થાત જન્નત.

૨૧૯. અર્થાત એ દૌલત કરતા વધારે સારી છે જેને દુનિયામાં કાફિરો ભેગી કરી રાખે છે.

૨૨૦. અર્થાત જો એનો ખ્યાલ ન હોત કે કાફિરોને એશઆરામની વિપુલતામાં નિહાળીને બધા લોકો કાફિર બની જશે.

૨૨૧. કારણ કે દુનિયાની અને તેના સર સામાનની અમારી પાસે કશી જ કદર નથી તે જલ્દી નાશ પામનારી છે.

૨૨૨. જેમને દુનિયાની ચાહના નથી. તિરમિઝીની હદીષમાં છે કે, જો અલ્લાહ પાક પાસે દુનિયા મચ્છરની પાંખ જેટલી કદર પણ ધરાવતી હોત તો કાફિરને એમાંથી એક ઘુંટડો પાણી પણ પીવા દેત નહિ. બીજી હદીષમાં છે કે, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અનુયાયીઓના એક જુથ સાથે ક્યાંક જઇ રહ્યા હતા, રસ્તામાં એક મરેલી બકરી નિહાળીને ફરમાવ્યું, જુઓ છો આના માલિકોએ આને ખૂબ તુચ્છતા પૂર્વક ફેંકી દીધી છે. દુનિયાની અલ્લાહ તઆલા પાસે આટલી પણ કદર નથી જેટલી મરેલી બકરીના માલિકો પાસે મરેલી બકરીની હોય છે. બીજી એક હદીષમાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે, જ્યારે અલ્લાહ તઆલા પોતાના કોઇ બંદા પર મહેરબાની કરે છે ત્યારે તેને દુનિયાથી એવી રીતે વેગળો રાખે છે જેવી રીતે તમે તમારા બીમાર માણસને પાણીથી વેગળો રાખો છો. બીજી એક હદીષમાં છે કે, દુનિયા મુઅમિન માટે કેદખાનું અને કાફિર માટે જન્નત છે.

૨૨૩. અર્થાત કુરઆને કરીમ તરફથી આંધળો બની જાય કે તેની હિદાયતોને જુએ નહિ અને તેનાથી લાભ મેળવે નહિ.

૨૨૪. તે અંધ બનનારને.

૨૨૫. તે આંધળો બનનાર ગુમરાહ હોવા છતાં.

૨૨૬. કયામતના દિવસે.

૨૨૭. પસ્તાવા અને શરમિંદગીથી.

૨૨૮. સાબિત થઇ ગયું કે તમે દુનિયામાં શિર્ક કરીને.

૨૨૯. જેઓ સ્વીકારના કાન ધરાવતા નથી.

૨૩૦. જેઓ સત્ય દેખે એવી આંખોથી વંચિત છે.

૨૩૧. જેમના ભાગ્યમાં ઇમાન નથી.

૨૩૨. અર્થાત તેમને અઝાબ કરતાં પહેલાં તમને વફાત આપીએ.

૨૩૩. તમારા પછી.

૨૩૪. તમારી હયાતમાં તેમની ઉપર પોતાનો અઝાબ.

૨૩૫. અમારી કિતાબ કુરઆન મજીદ.

૨૩૬. કુરઆન શરીફ.

૨૩૭. કે અલ્લાહ તઆલાએ તમને નબુવ્વત અને હિકમત આપી.

૨૩૮. અર્થાત ઉમ્મત માટે કે તેમને એના દ્વારા હિદાયત આપી.

૨૩૯. કયામતના દિવસે કે તમે કુરઆનનો શું હક્ક અદા કર્યો, તેની કેવી તાઝીમ કરી અને એ નેઅમતનો કેવો આભાર માન્યો ?

૨૪૦. રસૂલોને પૂછવાનો અર્થ એ છે કે તેમના દીન અને મિલ્લતોનો અભ્યાસ કરો કે ક્યાંય કોઇ પણ નબીની ઉમ્મતમાં મૂર્તિપૂજાને ચલાવી લેવામાં આવી છે ? અને ઘણા તફસીરકારોએ એનો અર્થ એવો બતાવ્યો છે કે, એહલે કિતાબના મુઅમિનોને પૂછો કે શું કદી પણ કોઇ નબીએ અલ્લાહ સિવાય અન્યની પૂજા કરવાની પરવાનગી આપી છે ? જેથી મુશરિકો સામે સાબિત થઇ જાય કે મખ્લૂકની પૂજા કરવાનું ન તો કોઇ નબીએ કહ્યું છે ન કોઇ કિતાબમાં કહેવાયુ છે.

એવી પણ એક રિવાયત છે કે મેઅરાજની રાત્રે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે બયતુલ મુકદ્દસમાં તમામ પૈગમ્બરોની ઇમામત કરી અને જ્યારે હુઝૂર નમાઝથી પરવાર્યા ત્યારે જિબ્રઇલે વિનંતી કરી કે, અય સય્યિદે અમ્બિયા ! પહેલાંના પૈગમ્બરોને પૂછો કે શું કદી અલ્લાહે તેના સિવાય બીજા કોઇની ઇબાદત કરવાની રજા આપી હતી ? હુઝૂરે ફરમાવ્યું કે, એ સવાલની જરૂર નથી. અર્થાત એમાં કશી શંકા જ નથી કે બધા જ પૈગમ્બરો અલ્લાહના એક હોવાનું જ નિમંત્રણ આપતા આવ્યા છે અને સર્વેએ મખ્લૂકની પૂજાની મનાઇ કરેલ છે.

૨૪૧. જે મૂસા અલયહિસ્સલામ રસૂલ છે એવો નિર્દેશ કરતી હતી.

૨૪૨. અને તેને જાદુ કહેવા લાગ્યા.

૨૪૩. અર્થાત દરેક નિશાની પોતાની વિશેષતામાં બીજી કરતાં વધીને હતી. મતલબ એ કે એકથી એક ચઢિયાતી હતી.

وَقَالُوا يَا أَيُّهَ السَّاحِرُ ادْعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنْدَكَ
إِنَّنَا لَمُهْتَدُونَ ٤٩ فَلَمَّا كَشَفْنَا عَنْهُمُ الْعَذَابَ إِذَا هُمْ
يَنْكُثُونَ ٥٠ وَنَادَىٰ فِرْعَوْنُ فِي قَوْمِهِ قَالَ يَا قَوْمِ
أَلَيْسَ لِي مُلْكُ مِصْرَ وَهَٰذِهِ الْأَنْهَارُ تَجْرِي مِنْ تَحْتِي
أَفَلَا تُبْصِرُونَ ٥١ أَمْ أَنَا خَيْرٌ مِنْ هَٰذَا الَّذِي هُوَ
مَهِينٌ وَلَا يَكَادُ يُبِينُ ٥٢ فَلَوْلَا أُلْقِيَ عَلَيْهِ أَسْوِرَةٌ
مِنْ ذَهَبٍ أَوْ جَاءَ مَعَهُ الْمَلَائِكَةُ مُقْتَرِنِينَ ٥٣
فَاسْتَخَفَّ قَوْمَهُ فَأَطَاعُوهُ إِنَّهُمْ كَانُوا قَوْمًا
فَاسِقِينَ ٥٤ فَلَمَّا آسَفُونَا انْتَقَمْنَا مِنْهُمْ فَأَغْرَقْنَاهُمْ
أَجْمَعِينَ ٥٥ فَجَعَلْنَاهُمْ سَلَفًا وَمَثَلًا لِلْآخِرِينَ ٥٦ وَلَمَّا
ضُرِبَ ابْنُ مَرْيَمَ مَثَلًا إِذَا قَوْمُكَ مِنْهُ يَصِدُّونَ ٥٧

منزل ٦

**અને બોલ્યા કે,[૨૪૫] 'અય જાદૂગર![૨૪૬] અમારા માટે પોતાના પરવરદિગાર પાસે દુઆ માંગ તે વચનને આગળ ધરીને જે તેનું તારી પાસે છે[૨૪૭] (તો) બેશક! અમે હિદાયત પર આવી જઇશું'[૨૪૮] (૪૯) પછી જ્યારે અમે તેમની ઉપરથી તે મુસીબત હટાવી લીધી ત્યારે તરત જ તેઓએ વાયદો તોડી નાખ્યો.[૨૪૯] (૫૦) અને ફિરઔને પોતાની કોમમાં[૨૫૦] જાહેરાત કરાવી કે, 'અય મારી કોમ શું મિસરનું રાજ્ય મારૂં નથી? અને આ નહેરો જે મારી નીચે થઇને વહે છે[૨૫૧] (તે મારી નથી?) તો શું તમે દેખતા નથી?[૨૫૨] (૫૧) શું હું સારો છું[૨૫૩] આનાથી જે તુચ્છ છે[૨૫૪] અને વાત સ્પષ્ટ કહેતો હોય એવું લાગતું નથી[૨૫૫] (૫૨) તો એની ઉપર સોનાના કંગન કેમ નાખવામાં આવ્યા નહિ?[૨૫૬] અથવા એની સાથે ફરિશ્તાઓ આવત જે એની પાસે રહેત[૨૫૭] (૫૩) પછી તેણે પોતાની કોમને મૂર્ખ બનાવી[૨૫૮] તો તેના કહેવા મુજબ ચાલ્યા[૨૫૯] બેશક! તેઓ હુકમનો અનાદર કરનાર લોકો હતા (૫૪) પછી જ્યારે તેઓએ તે (કાર્ય) કર્યું જેના લીધે અમારો ગઝબ તેમની ઉપર આવ્યો (ત્યારે) અમે તેમની પાસેથી બદલો લીધો તો અમે તે સર્વને ડૂબાડી દીધા (૫૫) અમે તેમને પાછલાઓ માટે આગલાઓની દાસ્તાન અને દ્રષ્ટાંત બનાવી દીધા[૨૬૦] (૫૬) અને જ્યારે મરયમના પુત્રનું દ્રષ્ટાંત વર્ણવવામાં આવે ત્યારે તમારી કોમ તેની ઠેકડી ઉડાડે**

૨૪૪. કુફ્રમાંથી ઇમાન તરફ. અને એ અઝાબ દુકાળ તોફાન અને તીડોનાં લશ્કરો વિગેરે દ્વારા ઉતારવામાં આવ્યા હતા. એ તમામ હઝરત મૂસા અલયહિસ્સલામની નિશાનીઓ હતી જે તેમની નબુવ્વત પ્રતિ નિર્દેશ કરતી હતી અને તેમનામાં એક કરતાં બીજી ચઢિયાતી હતી.

૨૪૫. હઝરત મૂસા અલયહિસ્સલામને અઝાબ દેખીને.

૨૪૬. આ શબ્દ તેમની રૂઢી રિવાજ મુજબ બહુ જ તાઝીમ અને સન્માનનો હતો. તેઓ જે આલિમ નિષ્ણાત અને અનુભવી હોય તેને જાદુગર કહેતા હતા અને એનું કારણ એ હતું કે તેમની દ્રષ્ટિમાં જાદુની બહુ જ કદર હતી અને તેઓ એને વખાણને પાત્ર સમજતા હતા તેથી તેમણે હઝરત મૂસા અલયહિસ્સલામને વિનંતી કરતી વખતે આ શબ્દથી સંબોધ્યા.

૨૪૭. તે વચન યા તો એ કે આપની દુઆ સ્વીકાર્ય છે અથવા નબુવ્વત અથવા ઇમાન લાવનારાઓ અને હિદાયત સ્વીકારનારાઓ ઉપરથી અઝાબ ઉઠાવી લેવો.

૨૪૮. ઇમાન લઇ આવીશું. જેમકે પછી હઝરત મૂસા અલયહિસ્સલામે દુઆ કરી અને તેમની ઉપરથી અઝાબ ઉઠાવી લેવાયો.

૨૪૯. ઇમાન લાવ્યા નહિ, કુફ્ર પર અડેલા રહ્યા.

૨૫૦. ખૂબજ ગર્વથી.

૨૫૧. તે નાઇલ નદીમાંથી નીકળેલી મોટી મોટી નહેરો હતી જે ફિરઔનના મહેલની નીચે થઇને વહેતી હતી.

وَقَالُوٓا ءَاٰلِهَتُنَا خَيۡرٌ اَمۡ هُوَؕ مَا ضَرَبُوۡهُ لَكَ اِلَّا جَدَلًاؕ
بَلۡ هُمۡ قَوۡمٌ خَصِمُوۡنَ ﴿٥٨﴾ اِنۡ هُوَ اِلَّا عَبۡدٌ اَنۡعَمۡنَا عَلَيۡهِ
وَجَعَلۡنٰهُ مَثَلًا لِّبَنِىۡۤ اِسۡرَآءِيۡلَؕ ﴿٥٩﴾ وَلَوۡ نَشَآءُ لَجَعَلۡنَا
مِنۡكُمۡ مَّلٰٓئِكَةً فِى الۡاَرۡضِ يَخۡلُفُوۡنَ ﴿٦٠﴾ وَاِنَّهٗ لَعِلۡمٌ
لِّلسَّاعَةِ فَلَا تَمۡتَرُنَّ بِهَا وَاتَّبِعُوۡنِؕ هٰذَا صِرَاطٌ
مُّسۡتَقِيۡمٌ ﴿٦١﴾ وَلَا يَصُدَّنَّكُمُ الشَّيۡطٰنُۚ اِنَّهٗ لَكُمۡ عَدُوٌّ
مُّبِيۡنٌ ﴿٦٢﴾ وَلَمَّا جَآءَ عِيۡسٰى بِالۡبَيِّنٰتِ قَالَ قَدۡ جِئۡتُكُمۡ
بِالۡحِكۡمَةِ وَلِاُبَيِّنَ لَكُمۡ بَعۡضَ الَّذِىۡ تَخۡتَلِفُوۡنَ
فِيۡهِۚ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيۡعُوۡنِ ﴿٦٣﴾ اِنَّ اللّٰهَ هُوَ رَبِّىۡ وَرَبُّكُمۡ
فَاعۡبُدُوۡهُؕ هٰذَا صِرَاطٌ مُّسۡتَقِيۡمٌ ﴿٦٤﴾ فَاخۡتَلَفَ
الۡاَحۡزَابُ مِنۡۢ بَيۡنِهِمۡۚ فَوَيۡلٌ لِّلَّذِيۡنَ ظَلَمُوۡا مِنۡ عَذَابِ

**છે[૨૬૧] (૫૭) અને કહે છે કે, 'શું અમારા મઅબૂદ સારાં છે કે તે?'[૨૬૨] તેઓએ આ વાત તમને માત્ર નાહકનો ઝગડો કરવા કહી છે.[૨૬૩] બલ્કે તેઓ છે જ ઝગડાખોર લોકો[૨૬૪] (૫૮) તે તો માત્ર એક બન્દો જ છે જેના પર અમે ઉપકાર કર્યો[૨૬૫] અને અમે તેને બની ઇસરાઇલ માટે એક અજબ નમૂનો બનાવ્યો[૨૬૬] (૫૯) અને જો અમે ઇચ્છત તો[૨૬૭] પૃથ્વીમાં તમારા બદલે ફરિશ્તાઓને વસાવત.[૨૬૮] (૬૦) અને બેશક! ઇસા કયામતની ખબર છે[૨૬૯] તો કદાપી કયામતમાં શંકા કરશો નહિ અને મારા કહ્યા અનુસાર ચાલશો[૨૭૦] એ સીધો માર્ગ છે (૬૧) અને શયતાન કદાપી તમને થોભાવી દે નહિ[૨૭૧] બેશક! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૬૨) અને જ્યારે ઇસા સ્પષ્ટ નિશાનીઓ[૨૭૨] લાવ્યો (ત્યારે) તેણે કહ્યું 'હું તમારી પાસે હિકમત લઇને આવ્યો[૨૭૩] અને એટલા માટે હું તમને વર્ણાવી દઉં અમુક તે વાતો જેમાં તમે મતભેદ ધરાવો છો[૨૭૪] તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો. (૬૩) બેશક! અલ્લાહ મારો રબ અને તમારો રબ, તો તેને પૂજો એ જ સીધો રસ્તો છે.[૨૭૫] (૬૪) પછી તે જુથો પરસ્પર જુદા પડી ગયાં.[૨૭૬] તો જુલ્મીઓની ખરાબી છે[૨૭૭] એક**

૨૫૨. મારી મહાનતા તાકાત શાન અને દબદબો. અલ્લાહ તઆલાની અજબ શાન છે કે જ્યારે આ આયત (બગદાદના) ખલીફા રશીદે પઢી અને મિસરના રાજ્ય પર ફિરઔનનો ગર્વ જોયો ત્યારે તેણે કહ્યું, હું એ મિસર મારા અદના ગુલામને આપી દઇશ. પછી તેણે મિસર પોતાના ગુલામ ખસીબને આપી દીધું જે વુઝૂ કરાવવાની સેવા પર નિયુક્ત હતો.

૨૫૩. અર્થાત શું તમારી દ્રષ્ટિએ સાબિત થઇ ગયું અને તમે સમજી લીધુ કે હું બેહતર છું?

૨૫૪. આ તે બેઇમાન અભિમાનીએ હઝરત મૂસા અલયહિસ્સલામ વિષે કહ્યું.

૨૫૫. જીભમાં ગુંચ હોવાના કારણે જે બાળપણમાં આગ મોઢામાં ઘાલી દેવાના કારણે પડી ગઇ હતી, અને તે મલઉને એ વાત જૂઠી કહી હતી. કારણ કે આપની દુઆથી તે ગુંચ અલ્લાહ પાકે આપની જીભમાંથી કાઢી લીધી હતી. પરંતુ ફિરઔનીઓ આગલા ખ્યાલમાં જ હતા. આગળ ફિરઔનની વાત નકલ કરવામાં આવે છે...

૨૫૬. અર્થાત જો હઝરત મૂસા અલયહિસ્સલામ સાચા હોય અને અલ્લાહ તઆલાએ એમને એવા સરદાર બનાવ્યા હોય જેમની તાબેદારી જરૂરી હોય તો તેમને સોનાનું કંગન કેમ પહેરાવ્યું નથી? આ વાત તેણે પોતાના સમયની રૂઢી અનુસાર કહી કે તે સમયમાં જ્યારે કોઇને સરદાર બનાવવામાં આવતો હતો ત્યારે સોનાનાં કંગન અને સોનાનો તોક (ગળામાં પહેરવાનો) પહેરાવવામાં આવતાં હતાં.

૨૫૭. અને તેઓ આપની સત્યતાની સાક્ષી આપત.

૨૫૮. તે અજ્ઞાન લોકોની બુધ્ધિને બેહકાવી દીધી અને તેમને પટાવી લીધા.

يَوْمٍ اَلِيْمٍ ﴿٦٥﴾ هَلْ يَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ تَاْتِيَهُمْ
بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿٦٦﴾ اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍۢ بَعْضُهُمْ
لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ ﴿٦٧﴾ يٰعِبَادِ لَا خَوْفٌ
عَلَيْكُمُ الْيَوْمَ وَلَآ اَنْتُمْ تَحْزَنُوْنَ ﴿٦٨﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا
بِاٰيٰتِنَا وَكَانُوْا مُسْلِمِيْنَ ﴿٦٩﴾ اُدْخُلُوا الْجَنَّةَ اَنْتُمْ
وَاَزْوَاجُكُمْ تُحْبَرُوْنَ ﴿٧٠﴾ يُطَافُ عَلَيْهِمْ بِصِحَافٍ
مِّنْ ذَهَبٍ وَّاَكْوَابٍ ۚ وَفِيْهَا مَا تَشْتَهِيْهِ الْاَنْفُسُ وَتَلَذُّ
الْاَعْيُنُ ۚ وَاَنْتُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٧١﴾ وَتِلْكَ الْجَنَّةُ الَّتِيْٓ
اُوْرِثْتُمُوْهَا بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٧٢﴾ لَكُمْ فِيْهَا فَاكِهَةٌ
كَثِيْرَةٌ مِّنْهَا تَاْكُلُوْنَ ﴿٧٣﴾ اِنَّ الْمُجْرِمِيْنَ فِيْ عَذَابِ جَهَنَّمَ
خٰلِدُوْنَ ﴿٧٤﴾ لَا يُفَتَّرُ عَنْهُمْ وَهُمْ فِيْهِ مُبْلِسُوْنَ ﴿٧٥﴾

**દુ:ખદાયક અઝાબના દિવસથી[૨૭૮] (૬૫) શેની રાહ જુએ છે ? પણ કયામતની, કે તેમની ઉપર ઓચિંતી આવી પડે અને તેમને ખબર પડે નહિ (૬૬) ગાઢ મિત્રો તે દિવસે એક બીજાના દુશ્મન હશે પરંતુ પરહેઝગારો[૨૭૯] (૬૭) તેમને કહેવામાં આવશે, 'અય મારા બંદાઓ ! આજે તમારી ઉપર ન તો કોઇ ખોફ (ઝઝુમે છે) ન તો તમને કંઇ ચિંતા થાય' (૬૮) તેઓ જે અમારી આયતો પર ઇમાન લાવ્યા અને મુસલમાન હતા (૬૯) 'જન્નતમાં પ્રવેશો તમે અને તમારી પત્નીઓ અને તમારી ચાકરી થશે' (૭૦) તેમનામાં સોનાના પ્યાલાઓ અને વાટકીઓનું ભ્રમણ થશે અને ત્યાં (તે હશે) જે જીવ ઇચ્છે અને જેનાથી આંખોને લિજ્જત મળે.[૨૮૦] અને તમે તેમાં હમેશાં રહેશો (૭૧) અને આ છે તે જન્નત જેના તમે વારસદાર બનાવવામાં આવ્યા પોતાના અમલોથી (૭૨) તમારા માટે તેમાં ખૂબ મેવાઓ છે કે તેમાંથી ખાવ[૨૮૧] (૭૩) બેશક ! મુજરિમો[૨૮૨] જહન્નમના અઝાબમાં હમેશાં રહેવાના છે (૭૪) તે કદી હળવો નહિ થાય એમના પરથી અને તેઓ એમાં નિરાશ (બનીને) રહેશે[૨૮૩] (૭૫)**

૨૫૯. અને હઝરત મૂસા અલયહિસ્સલામને જૂઠાડવા માંડયા.

૨૬૦. કે પાછલાઓ તેમના હેવાલથી નસીહત અને બોધ ગ્રહણ કરે.

૨૬૧. **શાને નુઝૂલ** : જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કુરૈશની સામે ''વમા તઅબુદુન મિન દુનિલ્લાહે હસબુ જહન્નમ'' (તમે અલ્લાહ સિવાય જેમને પૂજો છો તે બધા જહન્નમનું બળતણ છે) વાળી આયત તિલાવત કરી ત્યારે તે મુશરિકોને ઘણો ક્રોધ ચઢયો અને ઇબ્ને ઝુબેઅરી કહેવા માંડયો, અય મોહમ્મદ ! (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) શું આ વાત ખાસ અમારા અને અમારા મઅબૂદો માટે જ છે કે દરેક ઉમ્મત અને જુથ માટે ? હુઝૂરે ફરમાવ્યું, એ તમારા અને તમારા મઅબૂદો માટે અને બધી જ ઉમ્મતો માટે છે. ત્યારે તેણે કહ્યું કે, તમારી માન્યતા અનુસાર ઇસા ઇબ્ને મરયમ નબી છે અને આપ તેમના અને તેમની માતાના વખાણ કરો છો અને તમને ખબર છે કે ખ્રિસ્તીઓ તે બન્નેને પૂજે છે. તેમજ હઝરત ઉઝેર અને ફરિશ્તાઓની પણ પૂજા થાય છે, અર્થાત યહૂદીઓ વિગેરે તેમને પૂજે છે તો જો આ લોકો (મુઆઝલ્લાહ) જહન્નમમાં હોય તો અમે રાજી છીએ કે અમે અને અમારા મઅબૂદો પણ તેમની સાથે હોઇએ. આવું કહીને કાફિરો ખૂબ હસ્યા. ત્યારે આ આયત ઉતરી કે 'ઇન્નલ્લઝીન સબકત લહુમ મિનલ હુસ્ન ઉલાઇક અન્હા મુબઅદુન અને આ આયત ઉતરી 'વલમ્મા દુરિબબ્નુ મરયમ''... જેનો મતલબ એ છે કે જ્યારે ઇબ્ને ઝુબેઅરીએ પોતાના મઅબૂદો (ના બચાવ) માટે હઝરત ઇસા ઇબ્ને મરયમનો દાખલો આપ્યો અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે ઝગડો કર્યો કે ખ્રિસ્તીઓ તેમને પૂજે છે ત્યારે કુરેશ તેની એ વાતથી (ખુશ થઇને) ખૂબ હસ્યા.

૨૬૨. અર્થાત હઝરત ઇસા અલયહિસ્સલામ. મતલબ એ હતો કે તમારી માન્યતા અનુસાર તો હઝરત ઇસા અલયહિસ્સલામ સારા છે તો જો (મુઆઝલ્લાહ) તેઓ જહન્નમમાં હશે તો ભલે અમારા મઅબૂદ મૂર્તિઓ પણ હોય કશી ફિકર નથી. તે બાબત અલ્લાહ તઆલા ફરમાવે છે...

૨૬૩. એવું જાણતા હોવા છતાં કે તેઓ જે કંઇ કહી રહ્યા છે તે ખરૂં નથી અને આયત 'ઇન્નકુમ વ મા તઅબુદૂન...'માં માત્ર મૂર્તિઓનો જ ઉલ્લેખ છે, એમાં હઝરત ઇસા કે હઝરત ઉઝેર કે ફરિશ્તાઓનો સમાવેશ થએલો નથી. ઇબ્ને ઝુબેઅરી અરબ હતો અરબી ભાષાનો જાણકાર હતો તેને એ વાતની સારી રીતે ખબર હતી કે 'મા તઅબુદુન'માં જે 'મા' છે તેનો અર્થ વસ્તુ છે અને એ નિર્જીવ વસ્તુઓ માટે વપરાય છે છતાં અરબી ભાષાના નિયમોથી અજાણ બનીને તેનું હઝરત ઇસાને તેમજ હઝરત ઉઝેર અને ફરિશ્તાઓને એમાં સામેલ કરી લેવું એ તેની જીદ અને અજ્ઞાનતા હતી.

૨૬૪. અસત્ય પાછળ ચાલનાર. પછી હઝરત ઇસા અલયહિસ્સલામ વિષે કહેવામાં આવે છે કે...

૨૬૫. નબુવ્વત આપીને.

૨૬૬. પોતાની કુદરતનો, બાપ વગર જન્માવીને.

૨૬૭. મક્કાવાસીઓ તમારો સર્વનાશ કરી આપત અને...

૨૬૮. જે અમારી ઇબાદત કરત અને અમારા હુકમોનું પાલન કરત.

૨૬૯. અર્થાત હઝરત ઇસા અલયહિસ્સલામનું આકાશમાંથી ઉતરવું કયામતની નિશાનીઓમાંથી છે.

૨૭૦. અર્થાત મારી હિદાયત અને શરીઅતને અનુસરો.

૨૭૧. શરીઅત મુજબ ચાલવાથી અથવા કયામતને માનવાથી અથવા અલ્લાહના દીન પર અટલ રહેવાથી.

૨૭૨. અર્થાત મુઅજિઝાઓ.

૨૭૩. અર્થાત નબુવ્વત અને ઇન્જીલના હુકમો.

૨૭૪. તવરાતના હુકમોમાંથી.

૨૭૫. હઝરત ઇસા અલયહિસ્સલામની વાત પુરી થઇ આગળ ખ્રિસ્તીઓના શિર્કોની વાત કહેવામાં આવે છે.

૨૭૬. હઝરત ઇસા અલયહિસ્સલામ પછી. તેમનામાંથી અમુકે કહ્યું કે, હઝરત ઇસા અલયહિસ્સ-લામ ખુદા હતા. કોઇએ કહ્યું, ખુદાના પુત્ર હતા. કોઇએ કહ્યું, ત્રણમાંના ત્રીજા. મતલબ કે ખ્રિસ્તીઓ ટુકડે ટુકડા થઇ ગયા યઅકુબી, નસ્તૂરી, મલકાની, શમઉની વિગેરે.

૨૭૭. જેમણે હઝરત ઇસા અલયહિસ્સલામ વિષે કુફ્રી વાતો કહી.

૨૭૮. અર્થાત કયામતના દિવસે.

૨૭૯. અર્થાત દીની મિત્રતા અને તે મહોબ્બત જ બાકી રહેશે જે અલ્લાહ ખાતર હશે. હઝરત અલી મુર્તઝા રદીયલ્લાહુ તઆલા અન્હુએ આ આયતની તફસીરમાં રિવાયત બયાન કરી છે કે, બે મિત્રો મુઅમિન અને બે મિત્રો કાફિર. મુઅમિન મિત્રોમાંથી એક મૃત્યુ પામે છે ત્યારે અલ્લાહના દરબારમાં વિનંતી કરે છે કે, અય પરવરદિગાર! ફલાણો મને તારી અને તારા રસૂલની આજ્ઞાઓનું પાલન કરવાનું અને નેકીઓ કરવાનું કહેતો હતો અને મને બુરાઇથી રોકતો હતો અને મને ખબર આપતો હતો કે મારે તારી રૂબરૂ હાજર થવાનું છે, અય પરવરદિગાર! તું તેને મારા પછી ગુમરાહ કરીશ નહિ અને તેને હિદાયત આપ જે જેવી કે

الزخرف ٤٣ — اليه يرد ٢٥

وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ كَانُوْا هُمُ الظّٰلِمِيْنَ ٧٦ وَنَادَوْا
يٰمٰلِكُ لِيَقْضِ عَلَيْنَا رَبُّكَ ۖ قَالَ اِنَّكُمْ مّٰكِثُوْنَ ٧٧
لَقَدْ جِئْنٰكُمْ بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَكُمْ لِلْحَقِّ كٰرِهُوْنَ ٧٨
اَمْ اَبْرَمُوْٓا اَمْرًا فَاِنَّا مُبْرِمُوْنَ ٧٩ اَمْ يَحْسَبُوْنَ اَنَّا لَا
نَسْمَعُ سِرَّهُمْ وَنَجْوٰىهُمْ ۚ بَلٰى وَرُسُلُنَا لَدَيْهِمْ
يَكْتُبُوْنَ ٨٠ قُلْ اِنْ كَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ ۖ فَاَنَا اَوَّلُ
الْعٰبِدِيْنَ ٨١ سُبْحٰنَ رَبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ رَبِّ
الْعَرْشِ عَمَّا يَصِفُوْنَ ٨٢ فَذَرْهُمْ يَخُوْضُوْا وَيَلْعَبُوْا
حَتّٰى يُلٰقُوْا يَوْمَهُمُ الَّذِيْ يُوْعَدُوْنَ ٨٣ وَهُوَ الَّذِيْ
فِي السَّمَآءِ اِلٰهٌ وَّفِي الْاَرْضِ اِلٰهٌ ۚ وَهُوَ الْحَكِيْمُ الْعَلِيْمُ ٨٤
وَتَبٰرَكَ الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا

**અને અમે એમની ઉપર કંઇ જુલ્મ ગુજાર્યો નથી. હા! તેઓ પોતે જ જાલિમ હતા[૨૮૪] (૭૬) અને તેઓ પોકા-રશે,[૨૮૫] 'અય માલિક! તારો રબ અમને સમાપ્ત કરી આપે (તો સારૂં)'[૨૮૬] તે કહેશે,[૨૮૭] 'તમારે તો રહેવાનું છે'[૨૮૮] (૭૭) બેશક! અમે તમારી પાસે સત્ય લાવ્યા[૨૮૯] પરંતુ તમારામાંથી ઘણાને સત્ય ગમતુ નથી (૭૮) શું તેમણે[૨૯૦] પોતાના ખ્યાલ મુજબ કોઇ કામ પાકુ કરી લીધું છે?[૨૯૧] તો અમે પોતાનું કામ પાકું કરનાર છીએ[૨૯૨] (૭૯) શું એવા અભિમાનમાં છે કે અમે તેમની છાની વાત અને તેમની મસ્લત સાંભળતા નથી?[૨૯૩] હા! કેમ નહિ અમારા ફરિશ્તાઓ તેમની પાસે લખી રહ્યા છે (૮૦) તમે ફરમાવો, 'એ અશક્ય છે છતાં જો રહમાનને કોઇ બાળક હોત તો સર્વપ્રથમ હું તેને પૂજત'[૨૯૪] (૮૧) આકાશો અને પૃથ્વીના રબને પવિત્રતા છે અર્શના રબને તે વાતોથી જે આ લોકો ઉપજાવી કાઢે છે[૨૯૫] (૮૨) તો તમે એમને છુટા મૂકો કે (જેથી) બેહુદી વાતો કરે અને રમત રમે[૨૯૬] એટલે સુધી કે પોતાના તે દિવસને પામે જેનો એમને વાયદો (અપાયો) છે[૨૯૭] (૮૩) અને તે જ આકાશવાળાઓનો ખુદા અને પૃથ્વીવાળાઓનો ખુદા (છે)[૨૯૮] અને તે જ હિકમતવાળો ઇલ્મવાળો છે (૮૪) અને મહા બરકતવંત છે તે કે આકાશો અને**

મને હિદાયત દેખાડી અને તેને સન્માન આપ જેવું કે મને આપ્યું. પછી જ્યારે તેનો મુઅમિન મિત્ર મૃત્યુ પામે છે ત્યારે અલ્લાહ તઆલા તે બન્નેને ભેગા કરે છે અને ફરમાવે છે કે, તમે બન્ને એકબીજાના વખાણ કરો. ત્યારે બન્ને એકબીજા માટે કહે છે કે, એ સારો ભાઇ સારો મિત્ર સારો સાથી છે. અને બે કાફિર મિત્રોમાંથી જ્યારે એક મરી જાય છે ત્યારે તે દુઆ કરે છે કે, અય પરવરદિગાર! ફલાણો મને તારી અને તારા રસૂલની આજ્ઞાઓનું પાલન કરવાથી રોકતો હતો અને બદી કરવાનો આદેશ આપતો હતો અને મને કહેતો હતો કે મારે તારી સમક્ષ હાજર થવાનું નથી. ત્યારે અલ્લાહ ફરમાવશે કે, તમે બન્ને એકબીજાની ઓળખ કરાવો, ત્યારે બન્ને એકબીજા વિષે કહેશે કે, ખરાબ ભાઇ ખરાબ મિત્ર અને ખરાબ સાથી છે.

૨૮૦. જાત જાતની નેઅમતો.

૨૮૧. જન્નતી ઝાડો ફળદાર સદાબહાર છે તેમના શણગારમાં ફેર પડતો નથી. હદીષ શરીફમાં છે કે, જો કોઇ તેમાંથી એક ફળ લેશે તો તેની જગ્યાએ ત્યાં બે ફળો આવી જશે.

૨૮૨. અર્થાત કાફિરો.

૨૮૩. રહમતની આશા નહિ રહે.

૨૮૪. કે બંડખોરી અને આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને આ દશાએ પહોંચ્યા.

૨૮૫. જહન્નમના ચોકીયાતને કે...

૨૮૬. અર્થાત મૃત્યુ આપે. તેઓ માલિકને વિનંતી કરશે કે તે અલ્લાહ તઆલા પાસે તેમના મૃત્યુની દુઆ માંગે.

પૃથ્વીનું રાજ્ય અને જે કંઇ એમની વચ્ચે છે (તે બધું) તેનું જ છે. અને કયામતનું ઇલ્મ તેની પાસે જ છે અને તમારે તેની તરફ જ પાછું જવાનું છે (૮૫) અને જેમને તેઓ અલ્લાહ સિવાય પૂજે છે તેઓ શફાઅતનો અધિકાર ધરાવતા નથી. હા ! શફાઅતનો અધિકાર તેમને છે જેઓ સત્યની સાક્ષી આપે[૨૯૯] અને ઇલ્મ ધરાવે[૩૦૦] (૮૬) અને જો તમે એમને પૂછો[૩૦૧] કે, તેમને કોણે પૈદા કર્યા ? તો જરૂર કહેશે કે, અલ્લાહે.[૩૦૨] તો ક્યાં અવળા જાય છે ?[૩૦૩] (૮૭) મને રસૂલ[૩૦૪]ના એ કહેવાની કસમ ![૩૦૫] કે 'અય મારા પરવરદિગાર ! આ લોકો ઇમાન લાવતા નથી' (૮૮) તો એમને પડતા મૂકો[૩૦૬] અને કહો કે, સલામ ![૩૦૭] કે આગળ જાણી લેશે[૩૦૮] (૮૯)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૦૯]**

હા-મીમ (૧) કસમ આ સ્પષ્ટ કિતાબની[૩૧૦] (૨) બેશક ! અમે એને બરકતવાળી રાતમાં ઉતારી[૩૧૧] બેશક ! અમે ભય સંભળાવનાર છીએ[૩૧૨] (૩) એમાં પ્રત્યેક હિકમતવાળું કામ વહેંચી દેવામાં આવે છે[૩૧૩] (૪) અમારી પાસેના હુકમથી. બેશક ! અમે મોકલનાર છીએ[૩૧૪] (૫)

الدخان ۴۴ — اليه يرد ۲۵

وَعِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۸۵﴾ وَلَا يَمْلِكُ
الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِهِ الشَّفَاعَةَ اِلَّا مَنْ
شَهِدَ بِالْحَقِّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿۸۶﴾ وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ
خَلَقَهُمْ لَيَقُوْلُنَّ اللّٰهُ فَاَنّٰى يُؤْفَكُوْنَ ﴿۸۷﴾ وَقِيْلِهٖ
يٰرَبِّ اِنَّ هٰۤؤُلَآءِ قَوْمٌ لَّا يُؤْمِنُوْنَ ﴿۸۸﴾ فَاصْفَحْ عَنْهُمْ
وَقُلْ سَلٰمٌ ۚ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿۸۹﴾
سُوْرَةُ الدُّخَانِ مَكِّيَّةٌ وَّهِيَ تِسْعٌ وَّخَمْسُوْنَ اٰيَةً وَّثَلٰثُ رُكُوْعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
حٰمٓ ﴿۱﴾ وَالْكِتٰبِ الْمُبِيْنِ ﴿۲﴾ اِنَّاۤ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةٍ
مُّبٰرَكَةٍ اِنَّا كُنَّا مُنْذِرِيْنَ ﴿۳﴾ فِيْهَا يُفْرَقُ كُلُّ اَمْرٍ
حَكِيْمٍ ﴿۴﴾ اَمْرًا مِّنْ عِنْدِنَا ۚ اِنَّا كُنَّا مُرْسِلِيْنَ ﴿۵﴾

૨૮૭. એક હજાર વર્ષ પછી.

૨૮૮. અઝાબમાં હમેશાં, કદી એનાથી છુટકારો મેળવશો નહિ ન તો મૃત્યુ દ્વારા ન અન્ય કોઇ રીતે. ત્યાર પછી અલ્લાહ તઆલા મક્કાવાસીઓને સંબોધે છે...

૨૮૯. પોતાના રસૂલો મારફત.

૨૯૦. અર્થાત મક્કાના કાફિરોએ.

૨૯૧. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે ચાલબાજી ચાલવાનું અને દગાખોરીથી કષ્ટ આપવાનું. અને વાસ્તવિકતા પણ એવી જ હતી કે કુરેશીઓ 'દારૂન્નદવહ'માં ભેગા થઇને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તકલીફ આપવાની યોજના વિચારતા હતા.

૨૯૨. તેઓની એ ચાલબાજીઓ અને દગાખોરીઓના બદલા રૂપે જેનું પરિણામ એમનો વિનાશ છે.

૨૯૩. અમે અવશ્ય સાંભળીએ છીએ તેમજ છુપી અને જાહેર દરેક વાત જાણીએ છીએ અમારાથી કશું છાનું રહી શકતું નથી.

૨૯૪. પરંતુ તેને બાળક નથી અને તેના માટે ઔલાદ અશક્ય છે.

**શાને નુઝૂલ** : નદ્ર બિન હારિસે કહ્યું હતું કે ફરિશ્તાઓ અલ્લાહની પુત્રીઓ છે તે બાબત આ આયત ઉતરી. ત્યારે નદ્ર કહેવા માંડયો કે, જોયું ! કુરઆનમાં મારી વાતની સત્યતા જાહેર કરવામાં આવી. વલીદે કહ્યું કે, તારી વાતને સત્ય કહેવામાં નથી આવી બલ્કે એમાં તો બાળકનો નકાર થયો છે અને હું મક્કાવાસીઓમાં પ્રથમ એક અલ્લાહને માનનાર છું (એવું કહેવાયું છે) ત્યાર પછી અલ્લાહની પવિત્રતાનું વર્ણન છે.

رَحْمَةً مِّن رَّبِّكَ ۚ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٦﴾ رَبِّ
السَّمٰوٰتِ وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا ۘ إِن كُنتُم مُّوقِنِينَ ﴿٧﴾
لَا إِلٰهَ إِلَّا هُوَ يُحْيِي وَيُمِيتُ ۖ رَبُّكُمْ وَرَبُّ آبَائِكُمُ الْأَوَّلِينَ ﴿٨﴾
بَلْ هُمْ فِي شَكٍّ يَلْعَبُونَ ﴿٩﴾ فَارْتَقِبْ يَوْمَ تَأْتِي السَّمَاءُ
بِدُخَانٍ مُّبِينٍ ﴿١٠﴾ يَغْشَى النَّاسَ ۖ هٰذَا عَذَابٌ أَلِيمٌ ﴿١١﴾
رَبَّنَا اكْشِفْ عَنَّا الْعَذَابَ إِنَّا مُؤْمِنُونَ ﴿١٢﴾ أَنَّىٰ لَهُمُ
الذِّكْرَىٰ وَقَدْ جَاءَهُمْ رَسُولٌ مُّبِينٌ ﴿١٣﴾ ثُمَّ تَوَلَّوْا
عَنْهُ وَقَالُوا مُعَلَّمٌ مَّجْنُونٌ ﴿١٤﴾ إِنَّا كَاشِفُو الْعَذَابِ
قَلِيلًا ۚ إِنَّكُمْ عَائِدُونَ ﴿١٥﴾ يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرَىٰ
إِنَّا مُنتَقِمُونَ ﴿١٦﴾ وَلَقَدْ فَتَنَّا قَبْلَهُمْ قَوْمَ فِرْعَوْنَ
وَجَاءَهُمْ رَسُولٌ كَرِيمٌ ﴿١٧﴾ أَنْ أَدُّوا إِلَيَّ عِبَادَ اللَّهِ

**તમારા પરવરદિગાર તરફથી મહેરબાની. બેશક ! તે જ સાંભળતો જાણતો છે (૬) તેજ રબ છે આસ્માનો અને જમીન અને (તેનો) જે કંઇ એમની વચ્ચે છે જો તમને શ્રદ્ધા હોય[૩૧૫] (૭) તેના સિવાય કોઇની બંદગી નથી તે જ જીવાડે અને મારે તમારો પરવરદિગાર અને તમારા આગલા બાપ-દાદાઓનો પરવરદિગાર (૮) બલ્કે તેઓ શંકામાં પડીને રમત રમી રહ્યા છે[૩૧૬] (૯) તો તમે તે દિવસની રાહ જુઓ જ્યારે આકાશ એક જાહેર ધુમાડો લાવશે (૧૦) જે લોકોને ઢાંકી લેશે[૩૧૭] આ છે દુ:ખદાયક અઝાબ (૧૧) તે દિવસે કહેશે, 'અય અમારા પરવરદિગાર ! અમારી ઉપરથી અઝાબ ઉઠાવી લે, અમે ઇમાન લાવીએ છીએ'[૩૧૮] (૧૨) તેમને નસીહત સ્વીકારવાનું (સદ્‌ભાગ્ય) ક્યાંથી સાંપડે ?[૩૧૯] જો કે તેમની પાસે સ્પષ્ટ વર્ણન કરનાર રસૂલ પધારી ચૂક્યા[૩૨૦] (૧૩) પછી તેમનાથી મોઢું ફેરવ્યું અને બોલ્યા 'શિખવાડાએલ દીવાનો છે'[૩૨૧] (૧૪) અમે થોડા દિવસો માટે અઝાબ ઉઠાવી લઇએ છીએ તમે પાછા તેવું જ કરશો[૩૨૨] (૧૫) જે દિવસે અમે બધાથી મોટી પકડ કરીશું.[૩૨૩] બેશક ! અમે બદલો લેનાર છીએ (૧૬) અને બેશક ! અમે એમનાથી પહેલાં ફિરઔનની કૌમને અજમાવી અને તેમની પાસે એક આબરૂદાર રસૂલ પધાર્યા[૩૨૪] (૧૭) કે, 'અલ્લાહના બંદાઓ મારા હવાલે**

૨૯૫. અને તેના માટે ઔલાદ ઠેરવે છે.

૨૯૬. અર્થાત જે તથ્યહિન વ્યર્થ વસ્તુમાં છે તેમાં જ પડેલા રહેવા દો.

૨૯૭. જેમાં તેઓને અઝાબ થશે અને તે કયામતનો દિવસ છે.

૨૯૮. અર્થાત તે જ મઅબૂદ છે આકાશ અને પૃથ્વીમાં તેની જ ઇબાદત કરવામાં આવે છે તેની સિવાય કોઇ મઅબૂદ નથી.

૨૯૯. અર્થાત અલ્લાહ એક હોવાની.

૩૦૦. એનું કે અલ્લાહ તેમનો પરવરદિગાર છે. એવા મકબૂલ બંદાઓ ઇમાનદારોની શફાત કરશે.

૩૦૧. અર્થાત મુશરિકોને...

૩૦૨. અને અલ્લાહ તઆલા સૃષ્ટિનો સર્જક છે એવો ઇકરાર કરશે.

૩૦૩. અને આવા ઇકરાર પછી પણ તેની ઇબાદત અને તવહીદથી અવળા જાય છે ?

૩૦૪. સય્યિદે આલમ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૩૦૫. અલ્લાહ તઆલાએ હુઝૂરના કથનની કસમ યાદ કરી એ હુઝૂરની ઇજ્જત હુઝૂરની દરખાસ્ત અને દુઆનું સન્માન વિગેરે જાહેર કરે છે.

૩૦૬. અને એમને છોડી દો.

૩૦૭. આ 'ત્યાગની સલામ' છે એનો મતલબ એ છે કે અમે તમને છોડી દઇએ છીએ અને તમારાથી અલિપ્ત રહેવા માંગીએ છીએ.

الجزء ٢٥ — الدخان ٤٤

اِنِّیْ لَكُمْ رَسُوْلٌ اَمِیْنٌ ﴿١٨﴾ وَّاَنْ لَّا تَعْلُوْا عَلَی اللّٰهِ
اِنِّیْۤ اٰتِیْكُمْ بِسُلْطٰنٍ مُّبِیْنٍ ﴿١٩﴾ وَاِنِّیْ عُذْتُ بِرَبِّیْ
وَرَبِّكُمْ اَنْ تَرْجُمُوْنِ ﴿٢٠﴾ وَاِنْ لَّمْ تُؤْمِنُوْا لِیْ فَاعْتَزِلُوْنِ ﴿٢١﴾
فَدَعَا رَبَّهٗۤ اَنَّ هٰۤؤُلَآءِ قَوْمٌ مُّجْرِمُوْنَ ﴿٢٢﴾ فَاَسْرِ بِعِبَادِیْ
لَیْلًا اِنَّكُمْ مُّتَّبَعُوْنَ ﴿٢٣﴾ وَاتْرُكِ الْبَحْرَ رَهْوًا ؕ اِنَّهُمْ جُنْدٌ
مُّغْرَقُوْنَ ﴿٢٤﴾ كَمْ تَرَكُوْا مِنْ جَنّٰتٍ وَّعُیُوْنٍ ﴿٢٥﴾ وَّزُرُوْعٍ
وَّمَقَامٍ كَرِیْمٍ ﴿٢٦﴾ وَّنَعْمَةٍ كَانُوْا فِیْهَا فٰكِهِیْنَ ﴿٢٧﴾ كَذٰلِكَ
وَاَوْرَثْنٰهَا قَوْمًا اٰخَرِیْنَ ﴿٢٨﴾ فَمَا بَكَتْ عَلَیْهِمُ السَّمَآءُ
وَالْاَرْضُ وَمَا كَانُوْا مُنْظَرِیْنَ ﴿٢٩﴾ وَلَقَدْ نَجَّیْنَا بَنِیْۤ
اِسْرَآءِیْلَ مِنَ الْعَذَابِ الْمُهِیْنِ ﴿٣٠﴾ مِنْ فِرْعَوْنَ ؕ اِنَّهٗ
كَانَ عَالِیًا مِّنَ الْمُسْرِفِیْنَ ﴿٣١﴾ وَلَقَدِ اخْتَرْنٰهُمْ عَلٰی

**કરી આપો[૩૨૫] બેશક ! હું તમારા માટે અમાનતદાર રસૂલ છું (૧૮) અને અલ્લાહના મુકાબલામાં બંડખોરી કરો નહીં, હું તમારી પાસે એક સ્પષ્ટ આધાર લાવું છું[૩૨૬] (૧૯) અને હું આશરો લઉં છું મારા રબ અને તમારા રબનો એ વાતથી કે તમે મારી ઉપર પથ્થરમારો કરો[૩૨૭] (૨૦) અને જો તમે મારૂં યકીન ન લાવો તો મારી પાસેથી હટી જાવ'[૩૨૮] (૨૧) તો તેણે પોતાના રબ પાસે દુઆ માંગી કે, 'આ લોકો મુજરિમ છે' (૨૨) અમે હુકમ આપ્યો કે, મારા બંદાઓ[૩૨૯]ને રાતોરાત લઇને નીકળી જા જરૂર તમારો પીછો કરવામાં આવશે[૩૩૦] (૨૩) અને સમુદ્રને આમ જ અમુક અમુક સ્થાનેથી ખુલ્લો મૂકી દો,[૩૩૧] બેશક ! તે લશ્કર ડૂબાડી દેવામાં આવશે[૩૩૨] (૨૪-૨૫) કેટલા મૂકી ગયા બગીચાઓ અને નહેરો અને ખેતરો અને ઉત્તમ ઘરો[૩૩૩] (૨૬) અને નેઅમતો જેમાં સુખી હતા[૩૩૪] (૨૭) અમે એવું જ કર્યું અને તેમની વારસદાર બીજી કોમને બનાવી દીધી[૩૩૫] (૨૮) તો તેમની ઉપર આકાશ અને ધરતી રડયાં નહિ[૩૩૬] અને તેમને મહેલત આપવામાં આવી નહિ[૩૩૭] (૨૯) અને બેશક ! અમે બની ઇસરાઇલને અપમાન કરનાર અઝાબથી છોડાવ્યા[૩૩૮] (૩૦) ફિરઔનથી. બેશક ! તે અભિમાની હદ વટાવનારાઓમાંથી હતો (૩૧) અને બેશક ! અમે તેમને[૩૩૯] જાણી જોઇને**

૩૦૮. પોતાનું પરિણામ.

૩૦૯. સૂરએ દુખાન મક્કીયહ છે એમાં ત્રણ રૂકુઅ અને ૫૭ અથવા ૫૯ આયતો અને ૩૪૬ શબ્દો અને ૧૪૩૧ અક્ષરો છે.

૩૧૦. અર્થાત કુરઆને પાકની જે હલાલ અને હરામ વિગેરે હુકમોનું બયાન કરનાર છે.

૩૧૧. એ રાત એટલે યા તો શબે બરાત યા શબે કદ્ર. એ રાત્રે આખું કુરઆન મજીદ લવ્હે મહફૂઝમાંથી પહેલા આસ્માન પર ઉતારવામાં આવ્યુ પછી ત્યાંથી હઝરત જિબ્રઇલ થોડું થોડું કરીને લાવતા રહ્યા એ રાતને બરકતવાળી રાત એટલા માટે કહેવામાં આવી કે એમાં કુરઆન મજીદ ઉતર્યું અને એ રાતમાં હમેશાં ખૈર અને બરકત ઉતરે છે અને દુઆઓ કબૂલ કરવામાં આવે છે.

૩૧૨. પોતાના અઝાબનો.

૩૧૩. આખા વરસની રોજી મૃત્યુ અને હુકમો વિગેરે.

૩૧૪. પોતાના રસૂલ ખાતિમુલ અમ્બિયા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપ-નાથી પહેલાંના પૈગમ્બરોને.

૩૧૫. કે તે આકાશો અને પૃથ્વીનો રબ છે તો યકીન કરો કે મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેના રસૂલ છે.

૩૧૬. તેમનો સ્વીકાર ઇલ્મ અને યકીનના કારણે નહિ હોય બલ્કે તેમની વાતમાં ઠઠ્ઠા મશ્કરીની ગંધ છે અને તેઓ આપની હાંસી ઉડાડે છે. ત્યારે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમના માટે સખ્ત

વર્ષિય દુકાળની આફત માટે દુઆ કરી જેવો કે સાત વર્ષનો દુકાળ હઝરત યૂસુફ અલયહિસ્સલામના સમયમાં મોકલ્યો હતો. એ દુઆ કબૂલ થઇ અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહેવામાં આવ્યું કે...

૩૧૭. જેમકે પછી કુરેશના માથે દુકાળ આવી પડયો અને એની સખ્તાઇ એટલી વધી કે તે લોકો મરેલાં જાનવરો પણ ખાઇ ગયા અને ભૂખના કારણે એટલી હદે પહોંચી ગયા કે જ્યારે આકાશ તરફ નજર ઉપાડતા ત્યારે તેમને ધુમાડો જ ધુમાડો દેખાતો હતો અર્થાત અશક્તિના કારણે તેમની આંખોમાં છારી વળી ગઇ હતી. અને દુકાળના કારણે જમીન તદ્દન સુકાઇ ગઇ હતી ધૂળ ઉડવા માંડી હતી ધૂળના કારણે હવા ધૂળ મિશ્રીત બની ગઇ હતી. આ આયતની તફસીરમાં એક કથન એવું પણ છે કે ધુમાડાનો મતલબ તે ધુમાડો છે જે કયામતની નિશાનીઓમાંથી છે અને કયામત નજીક આવશે ત્યારે જાહેર થશે પૂર્વ પશ્ચિમ તેનાથી ભરા જશે, ચાલીસ દિવસ અને રાતો સુધી રહેશે. મુઅમિનની હાલત તો એનાથી એવી થઇ જશે જાણે કે સળેખમ થઇ ગયું હોય, અને કાફિર મુર્છીત થઇ જશે અને તેમનાં નસકોરાં કાનો તેમજ શરીરના બીજા કાણાઓમાંથી ધુમાડો નીકળશે.

૩૧૮. અને તારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સત્યતા સ્વીકારીએ છીએ.

૩૧૯. અર્થાત આવી પરિસ્થિતિમાં તેઓ કેમ કરીને શિખામણ સ્વીકારશે?

૩૨૦. અને સ્પષ્ટ મુઅજિઝાઓ તેમજ ચોખ્ખી નિશાનીઓ રજુ કરી ચૂક્યા.

૩૨૧. જેને વહી સમયની બેહોશી વખતે જિન્નાત આ શબ્દો શિખવાડી જાય છે. (મુઆઝલ્લાહ)

૩૨૨. જે કુફ્રમાં હતા તેમાં જ પાછા જશો. જેમકે એવું જ થયું, હવે ફરમાવવામાં આવે છે કે તે દિવસને યાદ કરો.

૩૨૩. તે દિવસ એટલે કયામતનો દિવસ અથવા બદ્રનો દિવસ.

૩૨૪. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામ.

૩૨૫. અર્થાત બની ઇસરાઇલને મારા હવાલે કરો. અને જે કષ્ટો તેમને આપો છો તે બંધ કરો.

૩૨૬. મારી નબુવ્વત અને રિસાલતને સાચી ઠેરવતી જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે એવું કહ્યું ત્યારે ફિરઔનીઓએ આપને મારી નાખવાની ધમકી આપી અને કહ્યું કે, અમે તમને પથ્થર મારો કરીને મારી નાખીશું ત્યારે આપે કહ્યું...

૩૨૭. અર્થાત મારો વિશ્વાસ અને ભરોસો તેના પર છે મને તમારી ધમકીની કશી ચિંતા નથી, અલ્લાહ મને બચાવનાર છે.

૩૨૮. મને તકલીફ આપવાનું માંડી વાળો. તેમણે એ પણ માન્યું નહિ.

૩૨૯. અર્થાત બની ઇસરાઇલ.

૩૩૦. અર્થાત ફિરઔન પોતાનાં સૈન્યો સહીત તમારી પાછળ પડશે. જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામ રવાના થયા અને સમુદ્ર પર પહોંચીને આપે અસો માર્યો તેમાં ૧૨ સુકા રસ્તાઓ પડી ગયા આપ બની ઇસરાઇલ સહીત સમુદ્રમાંથી પસાર થઇ ગયા. પાછળ ફિરઔન અને તેનું લશ્કર આવી રહ્યું હતું આપે ઇરાદો કર્યો કે પાછો અસો મારીને દરિયાના પાણીને મેળવી આપે જેથી ફિરઔન તેમાં પસાર થાય નહિ. ત્યારે આપને હુકમ મળ્યો...

૩૩૧. જેથી ફિરઔનીઓ એ માર્ગોમાંથી દરિયામાં પ્રવેશે.

૩૩૨. હઝરત મૂસા અલયહિસ્સલામ નચિંત થયા. અને ફિરઔન તેમજ તેનું લશ્કર સમુદ્રમાં ડૂબી

عِلْمٍ عَلَى الْعٰلَمِيْنَ ۝٣٢ وَاٰتَيْنٰهُمْ مِّنَ الْاٰيٰتِ مَا فِيْهِ بَلٰٓؤٌا
مُّبِيْنٌ ۝٣٣ اِنَّ هٰٓؤُلَآءِ لَيَقُوْلُوْنَ ۝٣٤ اِنْ هِيَ اِلَّا مَوْتَتُنَا
الْاُوْلٰى وَمَا نَحْنُ بِمُنْشَرِيْنَ ۝٣٥ فَاْتُوْا بِاٰبَآئِنَآ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ۝٣٦ اَهُمْ خَيْرٌ اَمْ قَوْمُ تُبَّعٍ ۙ وَّالَّذِيْنَ مِنْ
قَبْلِهِمْ ؕ اَهْلَكْنٰهُمْ ۫ اِنَّهُمْ كَانُوْا مُجْرِمِيْنَ ۝٣٧ وَمَا خَلَقْنَا
السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ۝٣٨ مَا خَلَقْنٰهُمَآ
اِلَّا بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ۝٣٩ اِنَّ يَوْمَ
الْفَصْلِ مِيْقَاتُهُمْ اَجْمَعِيْنَ ۝٤٠ يَوْمَ لَا يُغْنِيْ مَوْلًى
عَنْ مَّوْلًى شَيْـًٔا وَّلَا هُمْ يُنْصَرُوْنَ ۝٤١ اِلَّا مَنْ رَّحِمَ
اللّٰهُ ؕ اِنَّهٗ هُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ۝٤٢ اِنَّ شَجَرَتَ الزَّقُّوْمِ ۝٤٣
طَعَامُ الْاَثِيْمِ ۝٤٤ كَالْمُهْلِ ۚ يَغْلِيْ فِي الْبُطُوْنِ ۝٤٥

**ચૂંટી લીધા તે સમયવાળાઓમાંથી (૩૨) અને અમે તેમને તે નિશાનીઓ આપી જેમાં સ્પષ્ટ ઇનામ હતું[૩૪૦] (૩૩) બેશક ! આ[૩૪૧] લોકો કહે છે (૩૪) એ તો અમારા એક વખતના મૃત્યુ સિવાય બીજું કશુંએ નથી[૩૪૨] અને આપણને ઉઠાડવામાં નહિ આવે[૩૪૩] (૩૫) તો જો તમે સાચા હોવ તો અમારા બાપ-દાદાઓને લઇ આવો[૩૪૪] (૩૬) શું એ લોકો બેહતર છે[૩૪૫] કે તુબ્બઅની કૌમ ?[૩૪૬] અને તેઓ જે તેમની પહેલાં હતા ?[૩૪૭] અમે તેમનો વિનાશ કર્યો.[૩૪૮] બેશક ! તેઓ અપરાધી લોક હતા[૩૪૯] (૩૭) અને અમે આસ્માન અને જમીન અને જે કંઇ એમની વચ્ચે છે તે બધું રમત ખાતર બનાવ્યું નથી[૩૫૦] (૩૮) અમે તેમને સત્ય સિવાય[૩૫૧] બીજા કશા સાથે બનાવ્યા નથી પરંતુ એમનામાં ઘણા જાણતા નથી[૩૫૨] (૩૯) બેશક ! ફેંસલાનો દિવસ[૩૫૩] એ તમામની મુદત છે (૪૦) જે દિવસે કોઇ મિત્ર કોઇ મિત્રને કશા કામ નહિ લાગે[૩૫૪] અને ન તો તેમની મદદ થાય[૩૫૫] (૪૧) પરંતુ જેના પર અલ્લાહ મહેરબાની કરે.[૩૫૬] બેશક ! તેજ ઇજ્જતવાળો મહેરબાન છે (૪૨) બેશક ! થોરનું ઝાડ[૩૫૭] (૪૩) ગુન્હેગારોનો ખોરાક છે[૩૫૮] (૪૪) ઓગળેલા તાંબાની જેમ પેટોમાં ઉભરો ખાય છે (૪૫)**

ગયા અને તેમનો બધો જ સરસામાન માલમત્તા અહીં જ રહી ગયાં.

૩૩૩. રૂપાળાં શણગારાએલાં.

૩૩૪. એશઆરામમાં.

૩૩૫. અર્થાત બની ઇસરાઇલને જેઓ ન તો તેમના સહધર્મી હતા ન સગા ન મિત્ર.

૩૩૬. કારણ કે તેઓ ઇમાનદાર હતા નહિ અને ઇમાનદાર જ્યારે મરે છે ત્યારે તેમના માટે આસમાન અને જમીન ૪૦ દિવસ સુધી રડે છે જેવું કે તિરમિઝીની હદીષમાં છે. મુજાહિદને પૂછવામાં આવ્યું કે શું મુઅમિનના મૃત્યુ પર આકાશ અને ધરતી રડે છે ? કહ્યું, ધરતી તેના મૃત્યુથી કેમ રડે નહિ ? કે તે ધરતીને પોતાના રૂકૂઅ સિજદાઓથી આબાદ રાખતો હતો અને આકાશ એવા બન્દા માટે કેમ રડે નહિ જેની તસ્બીહ અને તકબીર આકાશમાં પહોંચતી હતી. હસનનું કહેવું છે કે મુઅમિનના મૃત્યુથી આકાશ અને ધરતીવાળાઓ રડે છે.

૩૩૭. તવબહ વિગેરે માટે અઝાબમાં પકડયા પછી.

૩૩૮. અર્થાત ગુલામી અને સખ્ત કષ્ટોથી અને મહેનતોથી તેમજ ઔલાદની કતલથી.

૩૩૯. અર્થાત બની ઇસરાઇલને.

૩૪૦. કે તેમના માટે સમુદ્રમાં સુકા રસ્તાઓ કાઢયા, વાદળને છાંયડો આપનારૂં બનાવ્યું મન્ન અને સલ્વા ઉતાર્યું એ સિવાય બીજી નેઅમતો પણ આપી.

૩૪૧. મક્કાના કાફિર...

كَغَلْيِ الْحَمِيمِ ﴿٤٦﴾ خُذُوهُ فَاعْتِلُوهُ إِلَىٰ سَوَاءِ الْجَحِيمِ ﴿٤٧﴾
ثُمَّ صُبُّوا فَوْقَ رَأْسِهِ مِنْ عَذَابِ الْحَمِيمِ ﴿٤٨﴾ ذُقْ إِنَّكَ
أَنْتَ الْعَزِيزُ الْكَرِيمُ ﴿٤٩﴾ إِنَّ هَٰذَا مَا كُنْتُمْ بِهِ تَمْتَرُونَ ﴿٥٠﴾
إِنَّ الْمُتَّقِينَ فِي مَقَامٍ أَمِينٍ ﴿٥١﴾ فِي جَنَّاتٍ وَعُيُونٍ ﴿٥٢﴾
يَلْبَسُونَ مِنْ سُنْدُسٍ وَإِسْتَبْرَقٍ مُتَقَابِلِينَ ﴿٥٣﴾
كَذَٰلِكَ وَزَوَّجْنَاهُمْ بِحُورٍ عِينٍ ﴿٥٤﴾ يَدْعُونَ فِيهَا
بِكُلِّ فَاكِهَةٍ آمِنِينَ ﴿٥٥﴾ لَا يَذُوقُونَ فِيهَا
الْمَوْتَ إِلَّا الْمَوْتَةَ الْأُولَىٰ ۖ وَوَقَاهُمْ عَذَابَ
الْجَحِيمِ ﴿٥٦﴾ فَضْلًا مِنْ رَبِّكَ ۚ ذَٰلِكَ هُوَ الْفَوْزُ
الْعَظِيمُ ﴿٥٧﴾ فَإِنَّمَا يَسَّرْنَاهُ بِلِسَانِكَ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٥٨﴾
فَارْتَقِبْ إِنَّهُمْ مُرْتَقِبُونَ ﴿٥٩﴾

**જેવું કે ઉકળતુ પાણી ખદબદતુ હોય[૩૫૯] (૪૬) એને પકડો,[૩૬૦] બરાબર ભભુકતી આગ તરફ બળજબરીથી ઘસેડીને લઇ જાવ (૪૭) પછી એના માથા પર ઉકળતા પાણીનો અઝાબ નાંખો[૩૬૧] (૪૮) ચાખ,[૩૬૨] હા હા! તુ જ મોટો આબરૂદાર કૃપાળુ છે[૩૬૩] (૪૯) બેશક! આ છે તે[૩૬૪] જેના વિષે તમે શંકા કરતા હતા[૩૬૫] (૫૦) બેશક! બીનારાઓ શાંતિની જગ્યાએ છે[૩૬૬] (૫૧) બગીચાઓ અને નહેરોમાં (૫૨) તેઓ રેશમનો બારીક અને સુંવાળો લીબાસ પહેરશે,★ સામ સામે□ (૫૩) આવું જ છે. અને અમે તેમને પરણાવ્યા ખૂબ કાળી અને મોટી આંખોવાળીઓ સાથે (૫૪) તેમાં દરેક પ્રકારનો મેવો માંગશે[૩૬૭] અમન અને શાંતિથી[૩૬૮] (૫૫) તેમાં પ્રથમના મૃત્યુ સિવાય[૩૬૯] બીજું મૃત્યુ નહિ ચાખે અને અલ્લાહે તેમને આગના અઝાબથી ઉગારી લીધા[૩૭૦] (૫૬) તમારા પરવરદિગારની કૃપાથી (અને) એ જ મોટી સફળતા છે (૫૭) તો અમે આ કુરઆનને તમારી ભાષામાં[૩૭૧] સરળ કર્યુ જેથી તેઓ સમજે[૩૭૨] (૫૮) તો તમે રાહ જુઓ[૩૭૩] તેઓ પણ કશાની રાહ જુએ છે[૩૭૪] (૫૯)**

૩૪૨. અર્થાત આ જીવન પછી એક મૃત્યુ સિવાય અમારા માટે બીજી કોઇ પરિસ્થિતિ નથી એનાથી એમનો આશય એ હતો કે મૃત્યુ પછી હશ્રમાં ઉઠવાનું નથી, જેને આગલા વાક્યોમાં સ્પષ્ટ કરી દીધું. (કબીર)

૩૪૩. મૃત્યુ પછી જીવંત કરીને.

૩૪૪. એ વાતમાં કે અમે મર્યા પછી જીવતા કરાઇને ઉઠાડવામાં આવીશુ. મક્કાના કાફિરોએ એવી માંગણી કરી હતી કે, કુસય બિન કિલાબને જીવતો કરો જો મૃત્યુ પછી જીવંત થવાનું શક્ય હોય તો. અને તેમની એ વાત અજ્ઞાનતાના કારણે હતી કારણ કે જે વસ્તુ માટે સમય નક્કી થએલો હોય તેનું તે સમયથી પહેલાં નહિ થવું તે વસ્તુની અશક્યતાની દલીલ નથી અને ન તો તેનો ઇન્કાર સાચો બની શકે છે. જો કોઇ માણસ કોઇ નવા ઉગેલા ઝાડ અને છોડવા વિષે કહે કે, આને હમણાં જ ફળ લગાડી આપો નહિ તો અમે નહી માનીએ કે ઝાડોમાં ફળો પણ લાગતાં હોય છે. તો એવા માણસને જાહિલ જ કહેવામાં આવશે અને તેનો ઇન્કાર માત્ર મૂર્ખતા અને મિથ્યાભિમાન જ કહેવાશે.

૩૪૫. અર્થાત મક્કાના કાફિરો જોર અને તાકાતમાં.

૩૪૬. તુબ્બઅ હુમેરી યમનના બાદશાહ ઇમાનવાળા હતા અને તેમની કોમ કાફિર હતી જે ખૂબ જોરાવર અને સંખ્યાબળવાળી હતી.

૩૪૭. કાફિર ઉમ્મતોમાંથી.

૩૪૮. તેમના કુફ્રના કારણે.

૩૪૯. કાફિર હશ્રને નકારનાર.

سورة الجاثية مكية وهي سبع وثلثون اية واربع ركوعات

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

حٰمٓ ۝١ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ۝٢ اِنَّ
فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ لَاٰيٰتٍ لِّلْمُؤْمِنِيْنَ ۝٣ وَفِيْ
خَلْقِكُمْ وَمَا يَبُثُّ مِنْ دَآبَّةٍ اٰيٰتٌ لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ۝٤
وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ وَمَآ اَنْزَلَ اللّٰهُ مِنَ السَّمَآءِ
مِنْ رِّزْقٍ فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا وَ
تَصْرِيْفِ الرِّيٰحِ اٰيٰتٌ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ۝٥ تِلْكَ اٰيٰتُ
اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ فَبِاَيِّ حَدِيْثٍ بَعْدَ
اللّٰهِ وَاٰيٰتِهٖ يُؤْمِنُوْنَ ۝٦ وَيْلٌ لِّكُلِّ اَفَّاكٍ اَثِيْمٍ ۝٧
يَّسْمَعُ اٰيٰتِ اللّٰهِ تُتْلٰى عَلَيْهِ ثُمَّ يُصِرُّ مُسْتَكْبِرًا

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૭૫]**

**કિતાબનું ઉતારવું અલ્લાહ ઇજ્જત અને હિકમતવાળા તરફથી છે (૨) બેશક! આકાશો અને પૃથ્વીમાં ઇમાનવાળાઓ માટે નિશાનીઓ છે[૩૭૬] (૩) અને તમારા જન્મમાં[૩૭૭] અને જે જાનવરો તે ફેલાવે છે તેમાં શ્રદ્ધાવાળાઓ માટે નિશાનીઓ છે (૪) અને રાત તેમજ દિવસની અદલા બદલીમાં[૩૭૮] અને એ વાતમાં કે અલ્લાહે આકાશમાંથી રોજીનું નિમિત્ત વરસાદ ઉતાર્યો તો એનાથી ધરતીને એના મૃત્યુ પછી સજીવ કરી, અને પવનોની હેરાફેરીમાં[૩૭૯] બુધ્ધિમાનો માટે નિશાનીઓ છે (૫) આ અલ્લાહની આયતો છે જે અમે પઢીએ છીએ તમારા માટે સત્ય સાથે. પછી અલ્લાહ અને તેની આયતોને છોડીને કઇ વાત પર ઇમાન લાવશે? (૬) ખરાબી છે દરેક મોટા આક્ષેપબાજ ગુન્હેગાર માટે[૩૮૦] (૭) અલ્લાહની આયતોને સાંભળે છે જે એની સમક્ષ પઢાય છે પછી હઠાગ્રહ પર ચોંટી જાય**

૩૫૦. જો મૃત્યુ પછી ઉઠવાનું અને હિસાબ તેમજ સવાબ ન હોય તો આ સૃષ્ટિનું સર્જન માત્ર વિનાશ માટે જ કરે અને એ અર્થહિન તેમજ રમત કહેવાય. તો એ દલીલથી સાબિત થયુ કે આ દુનિયાના જીવન પછી આખેરતની જીંદગી જરૂર છે જેમાં હિસાબ અને બદલો છે.

૩૫૧. કે આજ્ઞાપાલન બદલ સવાબ અને ગુન્હાઓ બદલ અઝાબ આપીએ.

૩૫૨. કે સર્જનનું રહસ્ય એ છે અને બુધ્ધિશાળીનું કાર્ય અર્થહિન નથી હોતું.

૩૫૩. અર્થાત કયામતનો દિવસ જે દિવસે અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાં ફેંસલો કરશે.

૩૫૪. અને સગપણ તથા મહોબ્બત લાભ આપશે નહિ.

૩૫૫. અર્થાત કાફિરોની.

૩૫૬. અર્થાત મુઅમિન પર કે તેઓ અલ્લાહના હુકમથી એકબીજાની શફાઅત કરશે. (જુમલ)

૩૫૭. થોર એક ખૂબ જ ખબીષ અને કડવું ઝાડ છે જે જહન્નમીઓનો ખોરાક હશે. હદીષ શરીફમાં છે કે જો તે થોરનું એક ટીપું દુનિયામાં ટપકાવી દેવામાં આવે તો જગતવાસીઓનું જીવન ખરાબ થઇ જાય.

૩૫૮. અબૂજહલ અને તેના સાથીદારોનો જેઓ અતિશય ગુન્હેગાર છે.

૩૫૯. જહન્નમના ફરિશ્તાઓને હુકમ આપવામાં આવશે કે...

૩૬૦. અર્થાત ગુન્હેગારને.

૩૬૧. અને ત્યારે દોઝખીને કહેવામાં આવશે કે...

૩૬૨. આ અઝાબને.

૩૬૩. ફરિશ્તાઓ આ શબ્દો અપમાનિત કરવા અને તુચ્છકારવા ખાતર બોલશે. કારણ કે અબૂજહલ

الجاثية ٤٥ — اليه يرد ٢٥

كأن لم يسمعها فبشره بعذاب أليم ﴿٨﴾ وإذا
علم من آياتنا شيئا اتخذها هزوا أولئك لهم
عذاب مهين ﴿٩﴾ من ورائهم جهنم ولا يغني
عنهم ما كسبوا شيئا ولا ما اتخذوا من دون الله
أولياء ولهم عذاب عظيم ﴿١٠﴾ هذا هدى
والذين كفروا بآيات ربهم لهم عذاب من رجز
أليم ﴿١١﴾ الله الذي سخر لكم البحر لتجري
الفلك فيه بأمره ولتبتغوا من فضله ولعلكم
تشكرون ﴿١٢﴾ وسخر لكم ما في السماوات وما في
الأرض جميعا منه إن في ذلك لآيات لقوم
يتفكرون ﴿١٣﴾ قل للذين آمنوا يغفروا للذين

**છે[૩૮૧] અભિમાન કરીને[૩૮૨] જાણે કે તેને સાંભળી જ નથી તો તેને દુ:ખદાયક અઝાબની ખુશખબર સંભળાવો (૮) અને જ્યારે અમારી આયતોમાંથી કોઇની ખબર મેળવે છે (ત્યારે) તેની ઠેકડી ઉડાડે છે. તેમના માટે અપમાનનો અઝાબ (છે) (૯) તેમની પાછળ જહન્નમ છે.[૩૮૩] અને તેમની કમાણી તેમને કશા કામ લાગે નહિ,[૩૮૪] અને ન તેઓ (કશા કામ લાગશે) જેમને અલ્લાહ સિવાય સહાયક બનાવી રાખ્યા હતા.[૩૮૫] અને તેમના માટે ખૂબ સખત અઝાબ છે (૧૦) આ[૩૮૬] (તો) માર્ગદર્શન છે. અને જેમણે પોતાના રબની આયતોને ન માની તેમના માટે દુ:ખદાયક અઝાબ છે (૧૧) અલ્લાહ છે જેણે સમુદ્રને તમારા તાબે કરી દીધો કે તેમાં તેના હુકમથી વહાણો ચાલે અને એટલા માટે કે તેની કૃપા ઢુંઢો[૩૮૭] અને એટલા માટે કે હક્ક સ્વીકારો[૩૮૮] (૧૨) અને જે કંઇ આકાશોમાં[૩૮૯] અને જે કંઇ પૃથ્વીમાં છે[૩૯૦] તે બધું જ તમારા કામે લગાડયું પોતાના હુકમથી. બેશક ! એમાં વિચારનારાઓ માટે નિશાનીઓ છે (૧૩) ઇમાનવાળાઓને કહો,**

કહેતો હતો કે બતહા પ્રદેશમાં હું મહાન આબરૂદાર અને કૃપાળુ છું. તેથી તેને અઝાબ વખતે આવું ટોણું મારવામાં આવશે.

૩૬૪. અઝાબ જે તમે જુઓ છો.

૩૬૫. અને એના પર ઇમાન લાવતા ન હતા. ત્યાર પછી પરહેઝગારોનું વર્ણન કરવામાં આવે છે...

૩૬૬. જ્યાં કશો જ ભય નથી.

* એટલે કે રેશમનો બારિક અને સુંવાળો લિબાસ.

❐ કે કોઇની પીઠ બીજા તરફ થાય નહીં.

૩૬૭. અર્થાત જન્નતમાં પોતાના જન્નતી ચાકરોને મેવાઓ હાજર કરવાનો હુકમ આપશે.

૩૬૮. કે કોઇ પણ જાતની ચિંતા નહિ હોય.

૩૬૯. જે દુનિયામાં આવી ગયું.

૩૭૦. તેનાથી બચાવ્યા.

૩૭૧. અર્થાત અરબીમાં.

૩૭૨. અને નસીહત માને અને ઇમાન લાવે પરંતુ લાવશે નહિ.

૩૭૩. તેમના વિનાશની.

૩૭૪. આપના મૃત્યુની.

૩૭૫. આ સૂરએ જાસિયહ છે એનું નામ સૂરએ શરીઅહ પણ છે. આ સૂરહ મક્કીયહ છે ''કુલ લિલ્લઝીન આમનૂ યગફિરૂ'' વાળી આયત સિવાય આ સૂરહમાં ચાર રૂકૂઅ ૩૭ આયતો ૪૮૮ શબ્દો અને

**તેમનાથી દરગુજર કરો જેઓ અલ્લાહના દિવસોની આશા ધરાવતા નથી[૩૯૧] જેથી અલ્લાહ એક કોમને તેની કમાણીનો બદલો આપે[૩૯૨] (૧૪) જે સારૂં કામ કરે તો તે પોતાના માટે (કરે છે) અને ખરાબ કામ કરે તો પોતાના બુરા ખાતર.[૩૯૩] પછી પોતાના પરવરદિગાર તરફ પાછા લઇ જવામાં આવશો[૩૯૪] (૧૫) અને બેશક! અમે બની ઇસરાઇલને કિતાબ[૩૯૫] અને રાજ્ય અને નબુવ્વત આપ્યા[૩૯૬] અને અમે તેમને સ્વચ્છ રોજી આપી[૩૯૭] અને તેમને તેમના સમયવાળાઓ પર શ્રેષ્ઠતા આપી (૧૬) અને અમે તેમને આ કામની[૩૯૮] સ્પષ્ટ દલીલો આપી તો તેમણે મતભેદ કર્યો નહિ[૩૯૯] પણ એ પછી કે તેમની પાસે ઇલ્મ આવી ગયું,[૪૦૦] પરસ્પરની અદેખાઇના કારણે.[૪૦૧] બેશક! તમારો પરવરદિગાર કયામતના દિવસે તેમનામાં ફેંસલો કરી આપશે જે વાતમાં કે તેઓ મતભેદ કરી રહ્યા છે (૧૭) પછી અમે તે કામના[૪૦૨] ઉત્તમ માર્ગ પર તમને મૂક્યા,[૪૦૩] તો એ જ રસ્તે ચાલો અને મૂર્ખાઓની ઇચ્છાઓને સાથ આપો નહિ[૪૦૪] (૧૮) બેશક! તેઓ અલ્લાહ સામે તમને કંઇ જ કામ લાગશે નહિ, અને બેશક! જુલ્મીઓ એકબીજાના મિત્રો છે.[૪૦૫]**

الجاثية ٤٥ — اليه يرد ٢٥

لا يرجون ايام الله ليجزي قوما بما كانوا
يكسبون (١٤) من عمل صالحا فلنفسه ومن اساء
فعليها ثم الى ربكم ترجعون (١٥) ولقد اتينا بني
اسراءيل الكتب والحكم والنبوة ورزقنهم من
الطيبت وفضلنهم على العلمين (١٦) واتينهم بينت
من الامر فما اختلفوا الا من بعد ما جاءهم
العلم بغيا بينهم ان ربك يقضي بينهم يوم
القيمة فيما كانوا فيه يختلفون (١٧) ثم جعلنك
على شريعة من الامر فاتبعها ولا تتبع اهواء
الذين لا يعلمون (١٨) انهم لن يغنوا عنك من
الله شيئا وان الظلمين بعضهم اولياء بعض

૨૧૯૧ અક્ષરો છે.

૩૭૬. અલ્લાહ તઆલાની કુદરત અને તેના એક હોવા પ્રતિ નિર્દેશ કરનારી.

૩૭૭. અર્થાત તમારા જન્મમાં પણ તેની કુદરત અને હિકમતની નિશાનીઓ છે કે વિર્યબિંદુને લોહી બનાવે છે ખૂનને જમાવે છે અને જામેલા લોહીને માંસનો લોચો બનાવે છે એટલે સુધી કે એનાથી માનવીનું સર્જન કરે છે.

૩૭૮. કે કદીક લાંબા થાય છે કદીક ટૂંકા અને એક જાય છે (ત્યારે) બીજું આવે છે.

૩૭૯. કે કદીક ગરમ ફૂંકાય છે કદીક ઠંડો કદીક દક્ષિણ તરફનો કદીક ઉત્તર તરફનો કદીક પશ્ચિમનો કદીક પૂર્વનો.

૩૮૦. અર્થાત નદ્ર બિન હારિસ માટે.

**શાને નુઝૂલ** : કહેવાયું છે કે આ આયત નદ્ર બિન હારિસ વિષે ઉતરી જે બિન આરબ જગતની દાસ્તાનો અને વાર્તાઓ સંભળાવીને લોકોને કુરઆન શરીફ સાંભળવાથી અટકાવતો હતો. અને આયત દરેક તે માણસને લાગુ પડે છે જે દીનને નુકસાન પહોંચાડે તેમજ ઇમાન લાવવાથી અને કુરઆન સાંભળવાથી અભિમાન કરે.

૩૮૧. અર્થાત પોતાના કુફ્ર પર.

૩૮૨. ઇમાન લાવવાથી.

૩૮૩. અર્થાત મૃત્યુ પછી તેમનું પરિણામ દોઝખ છે.

૩૮૪. માલ દૌલત જેનો તેમને બહુ ગર્વ છે.

૩૮૫. અર્થાત મૂર્તિઓ જેમને પૂજતા હતા.

૩૮૬. કુરઆન શરીફ.

૩૮૭. દરિયાઇ સફરો દ્વારા અને વેપાર મારફત તેમજ ડૂબકીઓ મારી મોતી વિગેરે કાઢીને.

૩૮૮. તેની નેઅમત કૃપા મહેરબાની અને ઉપકારનો.

૩૮૯. સૂર્ય ચંદ્ર તારાઓ વિગેરે.

૩૯૦. જાનવરો, ઝાડો, નહેરો વગેરે.

૩૯૧. જે દિવસો કે તેણે ઇમાનવાળાઓની મદદ માટે નક્કી કર્યા છે. અથવા 'અલ્લાહના દિવસો'નો નિર્દેશ તે બનાવો તરફ છે જેમાં તે પોતાના દુશ્મનોને સપડાવે છે. ગમે તે હોય પણ એ આશા નહિ રાખનારાઓનો મતલબ કાફિરો છે. અને હેતુ એ છે કે કાફિરો તરફથી જે તકલીફ પહોંચે અને તેમના શબ્દો જે તકલીફ પહોંચાડે તેને મુસલમાનો દરગુજર કરે અને ઝગડો કરે નહિ.

**શાને નુઝૂલ** : આ આયતના ઉતરવા વિષે ઘણા કથનો છે. એક એ કે બની મુસ્તલકની લડાઇ વખતે મુસલમાનો મરીસીઅ કૂવા પર ઉતર્યા ત્યાં અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિકે પોતાના ગુલામને પાણી લેવા મોકલ્યો. તે મોડો પડયો એટલે તેણે કારણ પૂછયું. તેણે કહ્યું કે, હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુ કૂવા પાસે બેઠા હતા જ્યાં સુધી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુની મશ્કો ભરી લેવામાં આવી નહીં ત્યાં સુધી તેમણે કોઇને પાણી ભરવા દીધું નહિ. એ સાંભળીને તે કમનસીબે તે સાહેબોની શાનમાં ગુસ્તાખીના શબ્દો કહ્યા. હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુને એની ખબર થઇ ત્યારે આપ તલ્વાર લઇને તૈયાર થયા ત્યારે આ આયત ઉતરી. એ રીતે આ આયત મદની કહેવાશે.

મકાતિલનું કથન છે કે, બની ગિફાર કબીલાના એક માણસે મક્કા મુકર્રમામાં હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુને ગાળ ભાંડી ત્યારે આપે તેને પકડવાનો ઇરાદો કર્યો ત્યારે આ આયત ઉતરી.

અને એક કથન એવું છે કે જ્યારે 'મનઝલ્લઝી યકરિદુલ્લાહ...'' (અલ્લાહને કર્ઝે હસન કોણ આપે છે ?) વાળી આયત ઉતરી ત્યારે ફતખાસ યહૂદીએ કહ્યું કે, મોહમ્મદનો રબ મોહતાજ બની ગયો. (મુઆઝલ્લાહ) તે સાંભળીને હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ તલવાર ખેંચી અને તેને ઢુંઢવા નીકળ્યા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે માણસ મોકલીને તેમને પાછા બોલાવી લીધા.

૩૯૨. અર્થાત તેમના અમલોનો.

૩૯૩. નેકી અને બદીનો સવાબ તેમજ અઝાબ તેને કરનાર પર છે.

૩૯૪. તે નેક લોકોને અને બુરા લોકોને તેમના કર્મોનો બદલો આપશે.

૩૯૫. અર્થાત તવરાત.

૩૯૬. એમનામાં ઘણા નબીઓ જન્માવીને.

૩૯૭. હલાલ વિપુલ પ્રમાણમાં. ફિરઔન અને તેની કૌમના માલ દૌલત અને દેશના માલિક બનાવીને, અને મન્ન સલ્વા ઉતારીને.

૩૯૮. અર્થાત દીનનું કામ અને હલાલ હરામનું બયાન તેમજ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જન્મની...

અને ડરવાવાળાઓનો મિત્ર અલ્લાહ[૪૦૬] (૧૯) આ તો લોકોની આંખો ઉઘાડવી છે[૪૦૭] અને ઇમાનવાળાઓ માટે માર્ગદર્શન અને મહેરબાની (૨૦) શું જેમણે બુરાઇઓ આદરી[૪૦૮] તેઓ એવું સમજે છે કે અમે તેમને તે લોકો જેવા બનાવી દઇશું જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા ? કે આમની તેમની જીંદગી અને મોત સરખાં બની જાય ?[૪૦૯] કેટલો ખરાબ હુકમ લાગુ પાડે છે[૪૧૦] (૨૧) અને અલ્લાહે આકાશો અને પૃથ્વીને સત્ય સાથે બનાવ્યાં[૪૧૧] અને એટલા માટે કે દરેક જીવ પોતાના કાર્યોનો બદલો મેળવે.[૪૧૨] અને તેમની ઉપર જુલ્મ નહિ થાય (૨૨) જુઓ તો ખરા ! તે જેણે પોતાની મનેચ્છાને પોતાનો ખુદા ઠેરવી લીધો[૪૧૩] અને અલ્લાહે તેને ઇલ્મ ધરાવતો હોવા છતાં ભટકાવી દીધો[૪૧૪] અને તેના કાન તેમજ દિલ પર મહોર મારી દીધી અને તેની આંખો પર પરદો પાડી દીધો.[૪૧૫] તો અલ્લાહ પછી તેને કોણ રસ્તો દેખાડે ? તો શું તમે ધ્યાન દેતા નથી ? (૨૩) અને બોલ્યા,[૪૧૬] 'એ તો અમારા આ દુનિયાના જીવન સિવાય બીજું કશુંએ નથી,[૪૧૭] મરીએ છીએ અને જીવીએ છીએ[૪૧૮] અને આપણને સમયચક્ર સિવાય બીજું કોઇ નાબૂદ કરતું નથી'[૪૧૯] અને તેમને એનું કશું જ્ઞાન નથી[૪૨૦] તેઓ તો નર્યા અનુમાનો દોડાવે છે[૪૨૧] (૨૪)



وَاللّٰهُ وَلِيُّ الْمُتَّقِيْنَ ﴿١٩﴾ هٰذَا بَصَآئِرُ لِلنَّاسِ وَهُدًى
وَّرَحْمَةٌ لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿٢٠﴾ اَمْ حَسِبَ الَّذِيْنَ اجْتَرَحُوا
السَّيِّاٰتِ اَنْ نَّجْعَلَهُمْ كَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
سَوَآءً مَّحْيَاهُمْ وَمَمَاتُهُمْ سَآءَ مَا يَحْكُمُوْنَ ﴿٢١﴾ وَخَلَقَ
اللّٰهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ وَلِتُجْزٰى كُلُّ
نَفْسٍ بِمَا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٢﴾ اَفَرَءَيْتَ
مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ وَاَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلْمٍ وَّخَتَمَ
عَلٰى سَمْعِهٖ وَقَلْبِهٖ وَجَعَلَ عَلٰى بَصَرِهٖ غِشٰوَةً فَمَنْ
يَّهْدِيْهِ مِنْ بَعْدِ اللّٰهِ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿٢٣﴾ وَقَالُوْا مَا هِيَ
اِلَّا حَيَاتُنَا الدُّنْيَا نَمُوْتُ وَنَحْيَا وَمَا يُهْلِكُنَآ اِلَّا الدَّهْرُ
وَمَا لَهُمْ بِذٰلِكَ مِنْ عِلْمٍ اِنْ هُمْ اِلَّا يَظُنُّوْنَ ﴿٢٤﴾

૩૯૯. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતમાં.

૪૦૦. અને ઇલ્મ મતભેદ હટાવવા માટેનું સાધન છે પણ એ લોકો માટે મતભેદ જન્મવાનું કારણ બન્યું. એનું કારણ એ છે કે તેમનો આશય ઇલ્મ ન હતો તેમનો આશય તો માન મરતબો અને રાજ્ય હતું તેથી જ તેમણે મતભેદ કર્યો.

૪૦૧. કે તેઓએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી પછી પોતાના માન મરતબા અને આગેવાની છીનવાઇ જવાના ભયથી આપની સાથે હસદ અને દુશ્મની આદરી અને કાફિર થઇ ગયા.

૪૦૨. અર્થાત દીનના...

૪૦૩. અય હબીબે ખુદા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૪૦૪. અર્થાત કુરેશના આગેવાનોની જેઓ પોતાના ધર્મ તરફ નોંતરે છે.

૪૦૫. માત્ર દુનિયામાં જ અને આખેરતમાં તેમનું કોઇ મિત્ર નથી.

૪૦૬. દુનિયામાં પણ અને આખેરતમાં પણ. ડરવાવાળાઓ એટલે મુઅમિનો. અને આગળ કુરઆને પાક વિષે ફરમાવવામાં આવે છે...

૪૦૭. કે એનાથી તેમને દીનના કામોમાં દ્રષ્ટિ સાંપડે છે.

૪૦૮. કુફ્ર અને ગુન્હાઓની.

૪૦૯. અર્થાત ઇમાનદારો અને કાફિરોનું મૃત્યુ અને જીવન સમકક્ષ બની જાય ? આવું કદાપી થશે નહીં. કારણ કે ઇમાનદારો જીવન દરમ્યાન આજ્ઞાઓનું પાલન કરતા રહ્યા અને કાફિરો ગુન્હાઓમાં ડૂબેલા રહ્યા

اليه يرد ٢٥ — الجاثية ٤٥

وإذا تتلى عليهم آياتنا بينات ما كان حجتهم إلا أن
قالوا ائتوا بآبائنا إن كنتم صادقين ﴿٢٥﴾ قل الله
يحييكم ثم يميتكم ثم يجمعكم إلى يوم القيامة لا ريب
فيه ولكن أكثر الناس لا يعلمون ﴿٢٦﴾ ولله ملك
السماوات والأرض ويوم تقوم الساعة يومئذ
يخسر المبطلون ﴿٢٧﴾ وترى كل أمة جاثية كل
أمة تدعى إلى كتابها اليوم تجزون ما كنتم تعملون ﴿٢٨﴾
هذا كتابنا ينطق عليكم بالحق إنا كنا نستنسخ
ما كنتم تعملون ﴿٢٩﴾ فأما الذين آمنوا وعملوا
الصالحات فيدخلهم ربهم في رحمته ذلك هو
الفوز المبين ﴿٣٠﴾ وأما الذين كفروا أفلم تكن

**અને જ્યારે તેમની સામે અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે[૪૨૨] ત્યારે બસ તેમની હઠ માત્ર એટલી જ હોય છે કે તેઓ કહે છે, 'અમારા બાપ-દાદાઓને લઇ આવો[૪૨૩] જો તમે સાચા હોવ તો[૪૨૪] (૨૫) તમે ફરમાવો, 'અલ્લાહ તમને જીવાડે છે[૪૨૫] પછી તમને મૃત્યુ આપશે[૪૨૬] ફરી તમને બધાને ભેગા કરશે[૪૨૭] કયામતના દિવસે જેમાં કશીએ શંકા નથી. પરંતુ ઘણા લોકો જાણતા નથી'[૪૨૮] (૨૬) અને આકાશો તથા પૃથ્વીનું રાજ્ય અલ્લાહનું જ છે. અને જે દિવસે કયામત સ્થાપિત થશે તે દિવસે અસત્યવાળાઓની હાર છે[૪૨૯] (૨૭) અને તમે પ્રત્યેક જુથ[૪૩૦]ને ઘુંટણભેર નમેલા જોશો પ્રત્યેક જુથ પોતાના આમાલનામા તરફ બોલાવવામાં આવશે.[૪૩૧] આજે તમને તમારાં કર્મોનો બદલો આપવામાં આવશે (૨૮) અમારૂં આ લખાણ તમારી સમક્ષ સત્ય બોલે છે, અમે લખતા હતા[૪૩૨] જે તમે કર્યું તે (૨૯) તો તેઓ જે ઇમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમનો પરવરદિગાર તેમને પોતાની રહમતમાં લઇ લેશે.[૪૩૩] એજ ખુલ્લી સફળતા છે (૩૦) અને જેઓ કાફિર થયા તેમને કહેવામાં આવશે, 'શું એવું**

એટલે એ બન્નેનાં જીવન સરખાં રહ્યાં નહિ. એવી રીતે જ મૃત્યુ પણ સરખાં રહ્યાં નહિ. કારણ કે મુઅમિનનું મૃત્યુ બશારત અને રહમત અને સન્માન સહિત થાય છે અને કાફિરનું મૃત્યુ રહમતથી નિરાશા અને પસ્તાવા સાથે થાય છે.

**શાને નુઝૂલ** : મક્કાના મુશરિકોના જુથોમાંથી એક જુથે મુસલમાનોને કહ્યું હતું કે, જો તમારી વાત સાચી હોય અને મૃત્યુ પછી ઉઠવાનું હોય તો પણ અમે જ શ્રેષ્ઠ હોઇશું જેવી રીતે કે દુનિયામાં અમે તમારાથી બેહતર છીએ. તેમને રદિયો આપવા આ આયત ઉતરી.

૪૧૦. બંડખોર વિરોધી આજ્ઞાનું પાલન કરનાર નિખાલસ માણસ જેવો કેવી રીતે થઇ શકે છે ? મુઅમિન માણસો તો જન્નતોના ઊંચા દરજ્જાઓમાં ઇજ્જત સન્માન એશ અને રાહત મેળવશે અને કાફિરો અસ્ફલુસ્સાફેલીનમાં અપમાન અને તુચ્છકાર સાથે ખૂબ સખત અઝાબમાં સપડાશે.

૪૧૧. કે તેની કુદરત અને વહદાનિયતની દલીલ બને.

૪૧૨. નેક નેકીઓનો અને બદ બદીઓનો. આ આયતથી જણાયું કે આ સૃષ્ટિના સર્જનનો હેતુ ન્યાય અને મહેરબાનીની જાહેરાત કરવાનો છે અને એ સંપૂર્ણ પણે કયામતમાં જ થઇ શકે છે કે સત્યવાળાઓ અને અસત્યવાળાઓમાં પુરેપુરો તફાવત થઇ જાય. નિખાલસ ઇમાનદારો જન્નતના વર્ગોમાં હોય અને નાફરમાન કાફિરો જહન્નમના તબક્કાઓમાં.

૪૧૩. અને પોતાની વાસનાઓનો તાબેદાર બની ગયો જેની વાસનાએ ઇચ્છા કરી તેને પૂજવા માંડયો. મુશરિકોની હાલત એવી જ હતી કે તેઓ પથ્થર સોના અને ચાંદી વિગેરેને પૂજતા હતા. જ્યારે કોઇ વસ્તુ

الیہ یرد ۲۵ — الجاثیۃ ۴۵

اٰیٰتِیْ تُتْلٰی عَلَیْكُمْ فَاسْتَكْبَرْتُمْ وَكُنْتُمْ قَوْمًا مُّجْرِمِیْنَ ﴿۳۱﴾
وَاِذَا قِیْلَ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّالسَّاعَةُ لَا رَیْبَ
فِیْهَا قُلْتُمْ مَّا نَدْرِیْ مَا السَّاعَةُ اِنْ نَّظُنُّ اِلَّا ظَنًّا
وَّمَا نَحْنُ بِمُسْتَیْقِنِیْنَ ﴿۳۲﴾ وَبَدَا لَهُمْ سَیِّاٰتُ مَا عَمِلُوْا
وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ یَسْتَهْزِءُوْنَ ﴿۳۳﴾ وَقِیْلَ الْیَوْمَ نَنْسٰىكُمْ
كَمَا نَسِیْتُمْ لِقَآءَ یَوْمِكُمْ هٰذَا وَمَاْوٰىكُمُ النَّارُ وَمَا لَكُمْ مِّنْ
نّٰصِرِیْنَ ﴿۳۴﴾ ذٰلِكُمْ بِاَنَّكُمُ اتَّخَذْتُمْ اٰیٰتِ اللّٰهِ هُزُوًا
وَّغَرَّتْكُمُ الْحَیٰوةُ الدُّنْیَا فَالْیَوْمَ لَا یُخْرَجُوْنَ مِنْهَا
وَلَا هُمْ یُسْتَعْتَبُوْنَ ﴿۳۵﴾ فَلِلّٰهِ الْحَمْدُ رَبِّ السَّمٰوٰتِ
وَرَبِّ الْاَرْضِ رَبِّ الْعٰلَمِیْنَ ﴿۳۶﴾ وَلَهُ الْكِبْرِیَآءُ فِی
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿۳۷﴾

**ન હતું કે જ્યારે મારી આયતો તમારી સમક્ષ પઢવામાં આવતી હતી ત્યારે તમે અભિમાન કરતા હતા ?[૪૩૪] અને તમે લોકો ગુન્હેગાર હતા (૩૧) અને જ્યારે કહેવામાં આવતું કે, બેશક ! અલ્લાહનો વાયદો[૪૩૫] સાચો છે અને કયામતમાં શંકા નથી[૪૩૬] (ત્યારે) તમે કહેતા હતા કે, અમને ખબર નથી કે કયામત શું વસ્તુ છે અમને તો આમ જ માત્ર વિચાર આવે છે અને અમને[૪૩૭] ખાત્રી નથી' (૩૨) અને તેમની સામે સ્પષ્ટ થઇ ગયું[૪૩૮] તેમનાં કર્મોનું ખરાબ હોવું[૪૩૯] અને જેની ઠેકડી ઉડાડતા હતા તે અઝાબે તેમને ઘેરી લીધા (૩૩) અને કહેવાશે, આજે અમે તમને પડતા મૂકીશું[૪૪૦] જેવી રીતે કે તમે પોતાના આ દિવસના મેળાપને ભૂલેલા હતા[૪૪૧] અને તમારૂં ઠેકાણું આગ છે અને તમારૂં કોઇ મદદગાર નથી[૪૪૨] (૩૪) આ એટલા માટે કે તમે અલ્લાહની આયતોનો ઠઠ્ઠો બનાવ્યો અને દુનિયાના જીવને તમને ભૂલામણીમાં નાખ્યા[૪૪૩] તો આજે તેમને આગમાંથી કાઢવામાં નહિ આવે અને ન તો તેમને કોઇ મનાવવા ઇચ્છે[૪૪૪] (૩૫) તો અલ્લાહ માટે જ બધી ખૂબીઓ છે આકાશોનો રબ અને પૃથ્વીનો રબ તેમજ સર્વ જગતનો રબ (૩૬) અને તેના માટે જ મોટાઇ છે આકાશો અને પૃથ્વીમાં અને તેજ ઇજ્જત અને હિકમતવાળો છે (૩૭)**

તેમને પહેલી વસ્તુ કરતાં સારી લાગતી ત્યારે પહેલીને તોડી નાખતા અથવા ફેંકી દેતા હતા. અને બીજીને પૂજવા માંડતા હતા.

૪૧૪. કે તે ભટકેલાએ સત્યને જાણ્યા ઓળખ્યા પછી ગુમરાહી અખત્યાર કરી. તફસીરકારોએ એનો એવો અર્થ બયાન કર્યો છે કે અલ્લાહ તઆલાએ તેનું પરિણામ અને તેની બદ-બખ્તીને જાણતો હોવા છતાં તેને ગુમરાહ કર્યો. અર્થાત અલ્લાહ તઆલા પ્રથમથી જ એ વાત જાણતો હતો કે એ સાચા રસ્તાને છોડીને ગુમરાહી ધારણ કરશે.

૪૧૫. તેથી તેણે હિદાયત અને નસીહતને સાંભળ્યા નહિ અને સમજયાં નહિ અને સત્ય માર્ગને જોયો નહિ.

૪૧૬. હશ્રને નકારનારાઓ.

૪૧૭. અર્થાત આ જીવન સિવાય બીજું કોઇ જીવન નથી.

૪૧૮. અર્થાત અમુક મરે છે અને અમુક જન્મે છે.

૪૧૯. અર્થાત રાત્રી દિવસનું પરિભ્રમણ. તેઓ એને જ અસરકારક સમજતા હતા અને મલકુલ મૌત તેમજ જીવ કાઢવાની વાતને તેઓ માનતા હતા નહિ અને દરેક બનાવને સમય અને યુગ સાથે સંબંધિત કરતા હતા. અલ્લાહ તઆલા ફરમાવે છે...

૪૨૦. અર્થાત તેઓ આ વાત અજ્ઞાનતાના કારણે કહે છે.

૪૨૧. સાચી વાતની વિરૂદ્ધમાં.

**મસઅલો** : બનાવોનો સંબંધ સમય સાથે જોડવો અને અણગમતા બનાવો બનવાથી સમયને ભાંડવું મના છે હદીષોમાં એની મનાઇ આવેલી છે.

૪૨૨. અર્થાત કુરઆને પાકની આયતો જેમાં એ વાતની દલીલો વર્ણવાએલી છે કે અલ્લાહ મૃત્યુ પછી સજીવન કરીને ઉઠાડવા માટે શક્તિશાળી છે અને જ્યારે કાફિરો એનો જવાબ આપી શકતા નથી.

૪૨૩. જીવતા કરીને.

૪૨૪. એ વાતમાં કે મડદાંઓને જીવંત કરીને ઉઠાડવામાં આવશે.

૪૨૫. દુનિયામાં, એ પછી કે તમે નિર્જીવ વિર્યબુંદ હતા.

૪૨૬. તમારી ઉમરો પુરી થએથી.

૪૨૭. જીવતા કરીને. જે પરવરદિગાર આટલી કુદરતવાળો છે તે તમારા બાપ-દાદાને જીવતા કરવા માટે પણ બિલાશક શક્તિ ધરાવે છે તે બધાને જ જીવતાં કરશે.

૪૨૮. એ વાતને કે અલ્લાહ તઆલા મડદાંઓને જીવંત કરવાની શક્તિ ધરાવે છે. અને તેમનું અજ્ઞાન દલીલો તરફ ધ્યાન નહિ આપવા અને વિચાર નહિ કરવાના કારણે છે.

૪૨૯. અર્થાત તે દિવસે કાફિરોને ખબર પડશે કે તેઓ ખોટમાં રહ્યા.

૪૩૦. અર્થાત દરેક ધર્મવાળાઓ.

૪૩૧. અને કહેવામાં આવશે...

૪૩૨. અર્થાત અમે ફરિશ્તાઓને તમારાં કર્મો લખી લેવાનો હુકમ આપેલો હતો.

૪૩૩. જન્નતમાં પ્રવેશ આપશે.

૪૩૪. અને એમના પર ઇમાન લાવતા ન હતા.

૪૩૫. મડદાંઓને જીવંત કરવાનો.

૪૩૬. અને તે અવશ્ય આવશે જ.

૪૩૭. કયામત આવવાની...

૪૩૮. અર્થાત કાફિરો સામે આખેરતમાં.

૪૩૯. જે તેઓ દુનિયામાં કરતા હતા અને તેની સજા પણ.

૪૪૦. દોઝખના અઝાબમાં.

૪૪૧. કે ઇમાન અને આજ્ઞાપાલન છોડી બેઠા.

૪૪૨. જે તમને આ અઝાબથી બચાવી શકે.

૪૪૩. કે તેના દીવાના બન્યા અને તમે હશ્ર તેમજ હિસાબનો ઇન્કાર કરી દીધો.

૪૪૪. અર્થાત તેમની પાસે હવે એવી માંગણી પણ નથી કે તવબહ કરીને અને ઇમાન તેમજ ઇતાઅત અખત્યાર કરીને પોતાના પરવરદિગારને રાજી કરી લે. કારણ કે તે દિવસે કોઇ બહાનું કે તવબહ સ્વીકારશે નહિ.